

ભોપાલમાં PMનો ભવ્ય રોડ શો, મોટી સંખ્યામાં લોકોની ઉમટ્યા

PAGE NO. 15

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



કેન્યામાં વરસાદને લીધે પૂરઃ ચારેબાજુ વિનાશ 38 લોકોનાં મોત, અનેક લોકો અસરગ્રસ્ત

PAGE NO. 18

FRIDAY, 26 APRIL, 2024 Vol. 21, No. 17 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

### અમેરિકા સ્ટેટ ઓફ ડિપાર્ટમેન્ટના અહેવાલ બાદ ભારતની આકરી પ્રતિક્રિયા

# મણિપુર, નિજ્જર મુદ્દે USનો અહેવાલ ભેદભાવપૂર્ણ

### ભારતી વિદેશ મંત્રાલયે યુએસની સમજને ખોટી ગણાવી કહ્યું, ભારત ધાર્મિક સ્વતંત્રતા અને માનવાધિકારોનું સન્માન કરે છે

**ન્યૂયોર્ક**

અમેરિકન વિદેશ વિભાગના રિપોર્ટમાં મણિપુર અને જમ્મુ-કાશ્મીરમાં માનવાધિકારોનું કથિત ઉલ્લંઘન થયું હોવાના આક્ષેપ કરાતા ભારતે વળતો જવાબ આપ્યો હતો. ભારત સરકારે કહ્યું હતુ કે, અમેરિકાનો રિપોર્ટ તદ્દન ભેદભાદપૂર્ણ છે. અમેરિકી વિદેશ વિભાગ ભારત પ્રત્યે ખરાબ સમજ ધરાવે છે.' આ સાથે જ ભારતે અમેરિકામાં ચાલી રહેલી જાતીય હિંસા અને ગોળીબારની ઘટનાનો ઉલ્લેખ કર્યો છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે મીડિયા સમક્ષ કહ્યું હતુ કે, વૈવિધ્યપૂર્ણ સમાજની દ્રષ્ટિએ ભારત ધાર્મિક આઝાદી અને માનવાધિકારોનું સન્માન કરે છે. અમેરિકા સાથે કરેલી વાતચીતમાં અમે તેમને ત્યાંના મુદ્દાઓ અંગે પણ વાકેફ કર્યા છે. આ મુદ્દાઓમાં જાતીય હિંસા, મૂળના આધારે થયા હુમલા, હેટ ક્રાઈમ અને ઘર વાયોલન્સના મુદ્દાઓ સામેલ છે.' જયસ્વાલે કહ્યું કે, અમેરિકામાં થઈ રહેલા વંશીય હુમલા, નફરતના કારણે વધતા ગુના અને ગોળીબારની ઘટનાઓ ચિંતાજનક છે. વોટ બેંક અને રાજકારણથી પ્રેરિત વાતો અને વિચારોના આધારે કોઈપણ નિષ્કર્ષ ન કાઢવો જોઈએ. અમે તેમના રિપોર્ટને કડક રીતે નકારી કાઢીએ છીએ. ભારત ધાર્મિક સ્વતંત્રતા અને માનવાધિકારોનું સન્માન કરે છે.'

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે અમેરિકાની કોલંબિયા અને અન્ય યુનિવર્સિટીઓમાં થઈ રહેલા વિરોધ પ્રદર્શનનો ઉલ્લેખ કરી કહ્યું કે, 'અમે આ બાબતનો રિપોર્ટ જોયો છે. અમે આ ઘટનાઓ પર નજર રાખી રહ્યા છે. તમામ લોકશાહીમાં અભિવ્યક્તિની સ્વતંત્રતા અને સમજ વચ્ચે યોગ્ય સંતુલન હોવું જોઈએ. જાહેર સુરક્ષા અને વ્યવસ્થા મામલે તમામ દેશોમાં વિશેષરૂપે મિત્ર દેશ મામલે આ સમજ પ્રદર્શિત કરવી જોઈએ.

ABOWATH REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
RE/MAX
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More info on PAGE 2
વધુ માહિતી પાનું 2 પર
ABOWATH.COM

Need mortgage financing? Look no further. Let me make it happen.
RBC Royal Bank®
BHAVIN PATEL
Mobile Mortgage Specialist
Royal Bank of Canada
bhavin.patel@rbc.com
mortgage.rbc.com/bhavin.patel
Cell: 647-502-8069
Fax: 416-253-9461
Serving Greater Toronto Region

# અમેરિકામાં પેલેસ્ટાઈનના સમર્થનમાં આક્રમક દેખાવો, અનેક કોલેજો બંધ

**ન્યૂ યોર્ક**

અમેરિકાની ઘણી યુનિવર્સિટીઓમાં પેલેસ્ટાઈનના સમર્થનમાં વિરોધ પ્રદર્શનો વધતા રાષ્ટ્રપતિ જો બાઈડેન તંત્રની મુશ્કેલીમાં વધારો થયો છે. વિરોધ પ્રદર્શનને કારણએ અમેરિકાની સરકારે ઘણી યુનિવર્સિટીઓ બંધ રાખવાનો નિર્ણય લઈને ઓનલાઈન ક્લાસ ચલાવવાનો આદેશ આપ્યો છે. હાલ અમેરિકાની ઘણી યુનિવર્સિટીમાં પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે અને કેટલાક સ્થળે વિરોધ પ્રદર્શન કરી રહેલા સેંકડો વિદ્યાર્થીઓની અટકાયત પણ કરવામાં આવી છે. પોલીસે 100થી વધુ લોકો સામે કેસ નોંધ્યા છે.

છેલ્લા ઘણા દિવસોથી કેલિફોર્નિયાથી લઈને ન્યૂ યોર્ક સુધી અમેરિકાની 21 યુનિવર્સિટીમાં પેલેસ્ટાઈનના સમર્થનમાં વિરોધ પ્રદર્શન ચાલી રહ્યા છે. ઘણા લોકો યુનિવર્સિટીના પરિસરમાં તંબુ લગાવીને બેસી ગયા છે. ન્યૂ યોર્ક પોલીસે યુનિવર્સિટી ઓફ ન્યૂયોર્ક અને યેલે યુનિવર્સિટીના તંત્રને સોમવારે સમન્સ પાઠવી કહ્યું છે કે, તેઓ પેલેસ્ટાઈનના સમર્થનમાં ચાલી રહેલા પ્રદર્શનનો નિવેડો લાવે. વિરોધ-પ્રદર્શનો વધુ ઉગ્ર બન્યા




બાદ સરકારે 21 યુનિવર્સિટીઓને ઓનલાઈન ક્લાસ ચલાવવાનો આદેશ આપ્યો છે, જ્યારે કેટલીક કૉલેજોને બંધ કરી દેવાઈ છે.

Marché Patel
L'endroit où retrouver les saveurs de chez nous... Notre culture
One place for our food...Our Culture
www.marchepatel.com
Online & Retail Indian Grocery Store
42 Rue chabanel o, Montreal, H2N 1E6
Phone : 514 573 2632
E-mail : support@marchepatel.com
www.marchepatel.com

SAVE MAX Achievers Realty
ASH PATEL
Realtor Broker
416-669-7892
AshPatelRealtor@gmail.com
www.Ashok Patel.ca

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE I FUNERAL INSURANCE I MORTGAGE INSURANCE I CRITICAL ILLNESS INSURANCE I DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE I INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS I RESP I ESTATE PLANNING I RRSP I RETIREMENT PLANNING

MORTGAGE ADVICE THAT COMES TO YOU
Dhiresh Shah
Mobile Mortgage Advisor
For expert mortgage advice contact me today
CIBC
dhiresh.shah@cibc.com
Tel : 647-248-0246

સરળ, સફળ અને બેફીકર મુસાફરી ના સાથીદાર
Our Tour Packages Arranged In Your Budget For:
Caribbean · Canada/USA · India · Europe · Africa · Dubai · Far East
48 વર્ષ થી અમને તમારા ટ્રાવેલ પાર્ટનર બનાવવા બદલ આભાર
ASHOK TRAVELS
416-977-9896
બુક કરાવો અને સેફ મુસાફરી નો આનંદ મેળવો.

BEST of MONTREAL
The Suburban BEST of MONTREAL GAGNANT 2023 2023 WINNER
Voyage Intersky Travel
Voted Best Travel Agency
The Suburban
આપ કે પ્યાર ઓર ભરોસે કે લિયે ધન્યવાદ
Airline Tickets (worldwide) &Travel insurance, PR or passport renewal, OCI, Indian Visa, Surrender and more......
VOYAGES InterSky TRAVELS
Divyesh (Dev) Patel
514 -513-9191
514 389 7070-toll free: 1855 389 7070

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# 25 મોસ્ટ વોન્ટેડની યાદીમાં ભારતીય મૂળનો ધરમસિંહ સામેલ

## ધાલીવાલની માહિતી આપનાર વ્યક્તિને 50 હજાર કેનેડિયન ડોલરનું ઈનામ આપવા જાહેરાત

ઓન્ટેરિયો : 21 વર્ષીય પવનપ્રીત કૌરની હત્યા મામલે વોન્ટેડ ભારતીય મૂળના ધરમસિંહ ધાલીવાલને કેનેડાની પોલીસે દેશની 25 મોસ્ટ વોન્ટેડની યાદીમાં સામેલ કર્યો છે. ધાલીવાલની ધરપકડ માટે કોઈ પણ માહિતી આપનાર વ્યક્તિને 50 હજાર કેનેડિયન ડોલરનું ઈનામ મળશે. ધાલીવાલને ખતરનાક માનવામાં આવી રહ્યો છે. કેનેડિયન પોલીસે જણાવ્યું કે, ધરમનું ગ્રેટર ટોરોન્ટો એરિયા, વિન્નિપેગ, વૈંકૂવર/લોઅર મેનલેન્ડ અને ભારતમાં કનેક્શન છે. પીલ રિજનલ પોલીસ ફર્સ્ટ-ડિગ્રી મર્ડર માટે ધરમસિંહને આરોપી માને છે. તેને શોધવા માટે BOLO (બી ઓન ધ લુક આઉટ) પ્રોગ્રામનો સહારો લેવામાં આવી રહ્યો છે. આ પ્રોગ્રામ દ્વારા ગંભીર ગુનાઓમાં વોન્ટેડ ગુનેગારો પર નજર રાખવામાં આવે છે. તે કેનેડાના



મોસ્ટ વોન્ટેડ શંકાસ્પદોની તલાશમાં નાગરિકોને સામેલ કરવા માટે સોશિયલ મીડિયા અને ટેક્નોલોજીનો સહારો લે છે. 21 વર્ષીય પવનપ્રીત કૌરને ડિસેમ્બર 2022માં બ્રેમ્પટન, ગ્રેટર ટોરોન્ટો એરિયામાં પેટ્રો-કેનેડા ગેસ સ્ટેશન પર ગોળી મારી દીધી હતી. હત્યાના પહેલાના મહિનામાં ધાલીવાલ પર કૌર સામે ઘરેલું ગુનાઓનો આરોપ લગાવવામાં આવ્યો હતો. ધાલીવાલે પોલીસથી બચવા માટે કૌરની હત્યા પહેલા આત્મહત્યાનું ષડયંત્ર પણ રચ્યુ હતું. પ્રેસ રિલીઝમાં કહેવામાં આવ્યું કે, ધરમ ધાલીવાલ સપ્ટેમ્બર 2022માં જાણીજોઈને ગુમ થઈ ગયો હતો. પરંતુ તપાસમાં જાણવા મળ્યું છે કે, તે પવનપ્રીત કૌરની હત્યાની યોજનાનો હિસ્સો હતો. ગત વર્ષે એપ્રિલમાં PRPના હોમિસાઈડ બ્યુરોએ ફર્સ્ટ-ડિગ્રી મર્ડર માટે 31 વર્ષીય ધાલીવાલની ધરપકડ માટે વોરંટનું એલાન કર્યું હતું. ધાલીવાલના પરિવારના બે સદસ્યો પ્રીતપાલ ધાલીવાલ અને અમરજીત ધાલીવાલની 18 એપ્રિલ 2023ના રોજ ન્યૂ બ્રંન્સવિકના મોન્કટનમાં ધરપકડ કરવામાં આવી હતી.

# ટોરોન્ટોમાં વર્ષોથી નકલી સેલફોનનું વેચાણ બદલ 2 શખ્સ સામે કાર્યવાહી

**ટોરોન્ટો**

ટોરોન્ટો વિસ્તારમાં ત્રણ વર્ષના સમયગાળામાં ફેસબુક માર્કેટપ્લેસનો ઉપયોગ કરીને નકલી સેલફોનના વેચાણ બદલ પોલીસે બે માણસો સામે 40થી વધુ સામૂહિક ગુનાઓનો આરોપ મૂક્યો છે. સોમવારે ટોરોન્ટો પોલીસ સર્વિસ દ્વારા જારી કરાયેલી એક નવી રીલીઝમાં જણાવાયું છે કે, તપાસકર્તાઓ માને છે કે, આ માણસો પ્લેટફોર્મનો ઉપયોગ કરીને વેચાણ માટે Apple iPhonesની જાહેરાત કરી રહ્યા છે.

પોલીસના જણાવ્યા અનુસાર ઉત્પાદનો માત્ર iPhone જેવા જ હતા અથવા ગ્રાહકોને કથિત રીતે સેલફોન બોક્સ આપવામાં આવ્યા હતા. તપાસકર્તાઓનો આરોપ છે કે, કેટલાક ગ્રાહકોને નકલી રસીદો આપવામાં આવી હતી. શુક્રવારે, TPS' 51 ડિવિઝનના અધિકારીઓએ ટોરોન્ટો વિસ્તાર અને પીલ પ્રદેશમાં ત્રણ સર્ચ વોરંટનો અમલ કર્યો હતો. બ્રેમ્પટનના રહેવાસી જોવેન માર્ટિન (ઉ.વ. 25) અને મિસીસાગાના રહેવાસી જેરેમિયા સ્ટાઉટ (ઉ.વ.25) ને ત્યારબાદ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા હતા. એકસાથે બંને આરોપીઓ 40થી વધુ આરોપોનો સામનો કરી રહ્યા છે, જેમાં દરેક છેતરપિંડીના 13 ગુનાનો સમાવેશ થાય છે. કોર્ટમાં આરોપોની ચકાસણી કરવામાં આવી નથી.

# એરપોર્ટ પરથી ચોરાયેલું સોનું ભોંયરામાં ઓગાળવામાં આવ્યું હતુ : પોલીસનો દાવો

## ઘટનાના એક વર્ષ બાદ પોલીસે પત્રકાર પરિષદ યોજી પાંચ શકમંદોને ઝડપ્યાનો દાવો કર્યો

**ટોરોન્ટો**

પીલ પોલીસના જણાવ્યા મુજબ એક વર્ષ પહેલાં પિયર્સન એરપોર્ટ ઉપર થયેલી લૂંટ બાદ સોનાનો કેટલોક જથ્થો બાર ટોરોન્ટો વિસ્તારના જ્વેલરી સ્ટોરના ભોંયરામાં ઓગાળવામાં આવો હોવાની શક્યતા છે. ગયા અઠવાડિયે તપાસકર્તાઓએ ચોરીને એક વર્ષ થતાં એક ન્યૂઝ કોન્ફરન્સ યોજી હતી, જેમાં જાહેરાત કરી હતી કે, પાંચ શકમંદોની ધરપકડ કરવામાં આવી છે અને અન્ય ચાર પર કેનેડિયન ઈતિહાસમાં સૌથી મોટી સોનાની ચોરીનો આરોપ મૂકાયો છે. પોલીસે જણાવ્યું હતું કે શકમંદો સામે કુલ 19 આરોપો છે અને ત્રણ શકમંદોની ધરપકડ માટે કેનેડા-વ્યાપી વોરંટ જારી કરવામાં આવ્યા છે. જેઓ હજુ સુધી પકડાયા નથી. શંકાસ્પદોમાં એક ભૂતપૂર્વ અને એક વર્તમાન એર કેનેડા કર્મચારી તેમજ ટોરોન્ટોના જ્વેલરી સ્ટોરના માલિકનો સમાવેશ થાય છે.

સોમવારે પોલીસે જણાવ્યું હતું કે સોનાનો આકાર બદલવા માટે ઉપયોગમાં લેવાતા સાધનો જીટીએ જ્વેલરી સ્ટોરના ભોંયરામાં મળી આવ્યા હતા. અન્ય પુરાવાઓ સાથે મળીને, તે અમને એવું માનવા તરફ દોરી જાય છે કે ત્યાં સોનું ઓગળ્યું હતું. આ સમયે અમે ત્યાં કેટલું સોનું ઓગળ્યું હતું તે ચોક્કસ રીતે કહી શકતા નથી. લૂંટમાંથી પ્રાપ્ત થયેલું થોડું સોનું પીગાળીને છ સોનાના બ્રેસલેટ બનાવવામાં આવ્યાં હતાં, જેની કિંમત અંદાજિત $ 89,000 છે. પોલીસે સોમવારે જણાવ્યું હતું કે, સોનાની બંગડીઓ મળી ન હતી.

SUPER VISA MEDICAL INSURANCE
VISITOR TO CANADA INSURANCE
Up to 45 % DISCOUNT with deductible
Guaranteed Lowest Premium
LIFE INSURANCE
MORTGAGE /LINE OF CREDIT INSURANCE

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 8.00 | $ 12.00 | $ 11.00 | $ 18.00 | $ 20.00 | $ 27.00 |
| 40 Yrs | $ 11.00 | $ 15.00 | $ 14.00 | $ 21.00 | $ 25.00 | $ 36.00 |
| 50 Yrs | $ 25.00 | $ 35.00 | $ 32.00 | $ 45.00 | $ 60.00 | $ 85.00 |
| 60 Yrs | $ 60.00 | $ 80.00 | $ 107.00 | $ 150.00 | $ 190.00 | $ 236.00 |

Rates Quotes are Preferred Plus Non Smoker Term 10 With Medical Test & Rates are Subject to Change.

- NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85)
(ત્યાં સુધી કે તમને ડાયાબીટીસ, બ્લડ પ્રેશર, હાર્ટ એટેક, કેન્સર હોય અથવા બીજી કોઈ કંપની દ્વારા તમામ ઇન્સ્યોરન્સને ડિકલાઈન કર્યું હોય)
- LIFE INSURANCE FOR REFUGEES, STUDENTS, KIDS, ON WORK PERMIT
- GURANTEED MONEY BACK (Life, Critical Illness & Disability Insurance)
- Corporate owned Life and Critical Insurance
- Key Person Insurance • RRSP • RESP • TFSA



Davinder Singh Chawla
TOLL : 1866.623.0865
Call For HONEST ADVICE 416.320.4614
www.financialhutltd.co Email : - Davindersinghfhl@gmail.com



Mayur Mistry
Broker
Century 21 Titans Realty Inc., Brokerage
2100 Ellesmere Rd, Suite 116,
Toronto, ON. M1H 3B7
Email : mayur.mistry@century21.ca
Cell: 647.829.4965
Office: 416.289.2155

- 100's of transactions and counting
- proudly serving GTA for over 17 years
- Centurion Award Winner 2011, 2014, 2017, 2019, 2021
- Pre- Construction
- Upgrading
- Downsizing
- First time home buyers
- Small businesses
- Investment Properties
- Leasing
- No obligation home evaluation
- Competitive listing commission

Call me for all your real estate needs



રમેશભાઈ વ્યાસ
(ડાયરેક્ટર અને પબ્લિશર, સ્વદેશ)
Email :- rkvyas143@gmail.com
સ્વદેશ Leading Gujarati Newspaper

પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(ડાયરેક્ટર માર્કેટીંગ, સ્વદેશ)
(સ્વદેશની રેગ્યુલર જાહેરાત તથા પ્રેસનોટ આપવા માટે સંપર્ક કરો)
સ્વદેશ Leading Gujarati Newspaper
+1 437-421-2992 Email :- info@swadesh.news



# ગુજરાતી સિનિ. ક્લબનો પ્રોગ્રામ : ગીત, ભજન બાદ માતાજીની સ્તુતિ ગવાઈ









**બ્રામ્પ્ટન**

ગુજરાતી સિનિયર્સ ક્લબ બ્રામ્પટનનો એપ્રિલ ૨૦૨૪ માસનો પ્રોગ્રામ ૧૪મી તારીખે યોજાયો હતો. પ્રોગ્રામની શરૂઆત સમૂહ પ્રાર્થના અને વૈષ્ણવજન ભજનથી કરાયા બાદ હસમુખભાઈએ જણાવ્યું હતું કે, જૂન અને ઓગષ્ટ મહિનામાં પિકનીકનું આયોજન કરવામાં આવશે. તેથી જૂન અને ઓગષ્ટ માસમાં આપણો માસિક પ્રોગ્રામ રાખવામાં આવશે નહી. ત્યારબાદ સભ્યો ઈશ્વરભાઈ પટેલ, નરસીભાઈ પંચાલ, પદમાબેન કંસારા, ચંચલબેન પ્રજાપતિ, જેલીબેન મીસ્ત્રી, રમિલાબેન મૈસુરીયા, સુશીલાબેન પંચાલ અને અનિલભાઈ પ્રજાપતિએ ગીત, ભજન, માતાજીની સ્તુતિની પ્રસ્તુતિ કરીને બધાને પ્રફુલ્લિત કરી દીધા હતા. વર્ષાબેન શાહ અને અરુણભાઈ ભટ્ટે ફિલ્મી સંગીત પર નૃત્ય પ્રસ્તુતિએ રંગ જમાવી દીધી હતી. ત્યારબાદ કાન્તીભાઈ અને કલાવતીબેન મીસ્ત્રીની પોત્રી હિયા અને તેની નાની બહેને સંસ્કૃત શ્લોકનું પઠન કરી અને સુંદર ડાન્સની પ્રસ્તુતિ કરી હતી. ત્યારબાદ ઈશ્વરભાઈ પટેલ, પદમાબેન કંસારા અને ચંચલબેનની ગાયકીમાં નોનસ્ટોપ એક કલાક ગરબે ઘૂમ્યા હતાં. અંતે સભ્યોની જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. ત્યારબાદ સભ્યો તરફથી મળેલા ડોનેશનની વિગતો રજૂ કરવામાં આવી હતી. કલાવતીબેન મીસ્ત્રીના માતુશ્રી કાશીબેનના સ્મરણાર્થે તેમના કુટુંબ તરફથી પીરસવામાં આવેલ ભોજન અને જેલીબેન અને મણીલાલ મીસ્ત્રી તરફથી પીરસવામાં આવેલી લાપસીની મજા માણી બધા છૂટા પડયા હતા.

> **ફિલ્મી સંગીત સાથે નૃત્યની પ્રસ્તૃતિ અને ગરબાથી રંગત જામી, સભ્યોના જન્મ દિવસની ઉજવણી**









તંત્રી સ્થાનેથી

# ચૂંટણીનો પ્રથમ તબક્કો : રાજકીય પક્ષોના મુદ્દા મતદારો ઉપર બેઅસર



તંત્રી - સ્વદેશ

19 એપ્રિલે ભારતમાં લોકસભાની ચૂંટણીમાં પ્રથમ તબક્કાનું મતદાન એકંદરે શાંતિપૂર્વક સંપન્ન થયું. પ્રથમ તબક્કામાં 21 રાજ્યોની કુલ 102 બેઠકો માટે મતદાન પ્રક્રિયા થઈ અને 1625 ઉમેદવારોનું ભાવિ EVMમાં સીલ થઈ ગયું. જેમાં નીતિન ગડકરી, અન્નામલાઈ, કિરણ રિજિજૂ અર્જુનસિંહ મેઘવાલ અને જિતનરામ માંઝી સહિત અનેક દિગ્ગજોનો પણ સમાવેશ થાય છે. પ્રથમ તબક્કામાં સરેરાશ 67% મતદાન થયું છે. જેમાંથી ત્રિપુરામાં સૌથી વધુ 80% જેટલું મતદાન થયું, જ્યારે બિહારમાં સૌથી ઓછું 48% જેટલું મતદાન થયું. બિહારમાં મતદાન પ્રત્યેની ઉદાસીનતા પાછળ અસહ્ય ગરમી ઉપરાંત બીજાં કેટલાંક પરિબળો પણ જવાબદાર મનાય રહ્યા છે.

હિંસાની ઘટનાઓની વાત કરીએ તો મણિપુરના વિષ્ણુપુરમાં ગોળીબાર, બંગાળના કૂચબિહારમાં ઝપાઝપી અને છત્તીસગઢના બિજાપુરમાં ગ્રેનેડ બ્લાસ્ટ થયા હતા. છત્તીસગઢનો કેટલોક વિસ્તાર નક્સલ પ્રભાવિત હોવાથી ત્યાં 16 એપ્રિલ 2024ના રોજ સુરક્ષાબળોએ મોટી કાર્યવાહી કરીને કાંકેર જિલ્લામાં 29 નક્સલીઓનાં ઢીમ ઢાળી દીધા હતા. આ એન્કાઉન્ટરમાં 25 લાખનો ઈનામી નક્સલી કમાન્ડર પણ ઠાર મરાયો હતો. આ ઘટના બાદ ચૂંટણીઓ શરૂ થઈ. સત્તા પક્ષે 'ફિર એક બાર મોદી સરકાર' અને 'અબ કી બાર ચાર સો પાર' જેવા નારા ગૂંજતા કરીને મતદારોને આકર્ષવાનો પ્રયાસ કર્યો છે. ભાજપના બૂથ સુધીનાં કાર્યકર્તાઓને પણ સતત પ્રોત્સાહન આપવાની મથામણ ચાલી રહી છે. પરંતુ પ્રથમ તબક્કામાં ઓછા મતદાનથી રાજકીય પક્ષો અને તેમાં ય ખાસ કરીને ભાજપ-એનડીએની ચિંતા વધી છે. ચૂંટણી પહેલાં જ મોદી સરકારે ઈડી- આઈટી અને સીબીઆઈના સહારે વિરોધીઓ સામે ઝંઝાવાતી કાર્યવાહી કરી હતી. આઈટી વિભાગે તો કોંગ્રેસનાં ખાતાં સુદ્ધા સીલ કર્યાં હતાં.

જો કે, વિવાદ થતાં સરકારે તેને એક રૂટિન કાર્યવાહી ગણાવી હતી. વધુમાં આપના નેતા સંજય સિંહને કોર્ટે શરતી જામીન આપ્યા, પરંતુ કેજરીવાલ અને સીબુ સોરેન જેવા સીએમને જેલમાં ધકેલી દઈને ભાજપે તમામ હથકંડા અપનાવી દીધા છે. ભાજપે આ વેળા રામમંદીર, વિકસિત ભારત, કરોડો પરિવારોને મફત અનાજ અને ઘર જેવી યોજનાને નામે મત માંગવાથી પ્રચાર આરંભ્યો હતો. પરંતુ તેની ઝાઝી અસર પ્રથમ તબક્કે જે વિસ્તારમાં મતદાન થયું ત્યાં થઈ નથી. ઓછા મતદાનને કારણે તેને હવે નુકસાન થવાનો ભય સતાવી રહ્યો છે. જેને કારણે ભાજપે રણનીતિ બદલવાની નોબત આવી છે. ભાજપના અનેક નેતાઓ ફરી હિંદુ-મુસ્લિમ કરવા માંડ્યા છે.

કર્ણાટકમાં હુબલી શહેરમાં નેહા નામની યુવતીની હત્યાની ઘટનાને લવ જેહાદ સાથે જોડીને વિરોધ પ્રદર્શન થકી ચૂંટણીમાં લાભ લેવા પ્રયાસો થવા માંડ્યા છે. ખુદ વડાપ્રધાને પણ ચાર દિવસ પહેલાં રાજસ્થાનમાં યોજાયેલી જાહેર સભામાં વિકાસ કામો અને સરકારની સિદ્ધિઓની વાતોને કોરાણે મુકી દીધી હતી અને 10 વર્ષ અગાઉ તત્કાલિન પીએમ મનમોહનસિંહે દેશની સંપત્તિ પર લઘુમતિઓના પ્રથમ અધિકારીની વાતોને ચગાવવા પ્રયાસ કર્યો હતો. એટલું જ નહીં બુધવારે અમેરિકાથી સામ પિત્રોડાએ દેશના નાગરિકોના મૃત્યુ પછી સંપત્તિ સરકારે જપ્ત કરવી જોઈએ તેવા કરેલા નિવેદનની પણ મોદીએ નોંધ લઈને મુદ્દો ચગાવવા પ્રયાસ કર્યો હતો. જો કે, કોંગ્રેસ પિત્રોડાના નિવેદનથી અલગ વાત કરીને સ્પષ્ટતા કરી હતી કે આ તેનું અંગત મંતવ્ય છે અને પાર્ટી તેની તરફેણમાં નથી. ખુદ પીએમ અને ગૃહમંત્રી છેલ્લાં અઠવાડિયાથી વિપક્ષી નેતાઓ, મંગળસૂત્ર અને સંપત્તિને મુદ્દો બનાવવા મથી રહ્યા છે.

જો કે, હકીકતે 2024ની ચૂંટણીઓમાં ભાજપના એજન્ડા પ્રમાણેના કોઈ મતદારો પર મુદ્દા હાવી થઈ રહ્યા નથી. સોશિયલ મીડિયામાં તેના પડઘા વર્તાવા માંડ્યા છે. મોટાભાગના મતદારો મોંઘવારી અને બેકારીને દેશના મહત્વના મુદ્દા માન્યા છે. રાષ્ટ્રીય સુરક્ષા અને વિકાસ જેવા મુદ્દાની સરખામણી હવે મોંઘવારી અને બેરોજગારી જેવા મુદ્દાઓ સાથે લોકો કરી રહ્યા છે. ભારતમાં છેલ્લાં 10 વર્ષમાં મોંઘવારીનો દર વધ્યો છે. અનેક ચીજવસ્તુ અને ખાદ્યપદાર્થોના ભાવ સતત ઉછળતા રહ્યા છે. જેને કારણે ખાસ કરીને મધ્યમવર્ગમાં સરકાર સામે નારાજગી છે. ગરીબોને તો વિવિધ યોજના થકી અનાજ કે સહાય મળતી રહે છે. જયારે પૈસાદારોને તે સમસ્યા નથી. આવા સંજોગોમાં ભાજપનો અત્યાર સુધી વોટબેંક રહેલો મધ્યમવર્ગ તેનાથી દૂર થવા માંડ્યો છે. તેને કારણે જ ભાજપ બેરોજગારી અને મોંઘવારીના મુદ્દાથી દૂર ભાગે છે. આ ઉપરાંત ખેડૂતો અને રાજપૂતોનું આંદોલન ભાજપ માટે માથાનો દુખાવો બની રહ્યું છે. આ બે આંદોલનની અસર રાજસ્થાન, હરિયાણા અને યુપીની કેટલીક બેઠકોના પરિણામ પર થઈ શકે તેમ છે.

બીજી બાજુ વિપક્ષી નેતાઓએ પણ આશ્ચર્યજનક નીતિ અપનાવી છે. જેમાં મોટાભાગના વિપક્ષી નેતા રોજ કહે છે કે, જો મોદી જીતી જશે તો 2024ની ચૂંટણી દેશની અંતિમ ચૂંટણી બની રહેશે, મોદી જીતશે તો બંધારણ બદલી નાખશે, સમાજના અમુક વર્ગો માટે ભારે મુશ્કેલી સર્જાશે. લોકશાહી ખતમ થઈ જશે. આ પ્રકારની અર્થ વગરની વાતો ફેલવવા વિપક્ષી નેતાઓ ફરી રહ્યા છે. જેને કારણે પણ નાગરિકોને એમ થઈ રહ્યું છે કે આ લોકો તેના મુદ્દા કે પ્રશ્નોની વાતો કરતા નથી. આ બધા સમીકરણો વચ્ચે ઈન્ડિયા અને એનડીએના ચૂંટણી ઢંઢેરાની વાતો પણ અનેક મતદારો કરી રહ્યા છે. હવે મીડિયાનો ફેલાવો ગામેગામ સુધી પહોંચ્યો હોવાથી નેતાઓના વલણ અને કહેણની જાણ તરત જ ત્યાં સુધી થઈ રહી છે. ચૂંટણી શરૂ થતાં પહેલાં જ દેશમાં વિવિધ એજન્સીઓએ સરવે કરીને મતદારોના વલણને જાણવા પ્રયાસ કર્યો. મતદાન પહેલાં વિવિધ એજન્સીઓએ જાહેર કરેલા તારણ પ્રમાણે ભાજપને 325 થી 400 સુધી બેઠકો મળી શકે છે.

જો કે, ભારતમાં ઘણાં સમયથી મીડિયા અને સરવે કરતી એજન્સીઓ પર સરકાર કે ભાજપનું પ્રભુત્વ હોવાના આક્ષેપો જાહેરમાં થતા રહ્યા છે. જેને કારણે તેની વિશ્વસનીયતા સામે જ સવાલો છે. પ્રથમ તબક્કાના મતદાન પછી ખુદ ભાજપના કેટલાક નેતાઓ પણ 400 પારની વાતને નકારી રહ્યા છે. હવે 26મીએ બીજા તબક્કાનું મતદાન છે. જેમાં 89 બેઠકો માટે મતદાન પ્રક્રિયા થશે. જો પહેલા ચરણની જેમ જ આ વેળા પણ ઓછું મતદાન થશે તો વર્તમાન શાસકો માટે બાકીના પાંચ તબક્કામાં વધુ મહેનત કરવી પડશે તે નિશ્ચિત છે. અત્યારે ઓછા મતદાન માટે વિપક્ષો સરકારને જવાબદાર ઠેરવે છે. પરંતુ તે વિપક્ષ માટે પણ ચિંતાનો વિષય છે. કારણ કે, કરોડો લોકોને મફત અનાજ, ઘર અને અન્ય સુવિધા સાથે વિક્સિત ભારતની વાતો હજી પણ સરકારનું જમણું પાસુ છે. જેથી વિપક્ષે પણ પ્રજાના પ્રશ્નોની વાતો કરવી જરૂરી બની છે.

મનોજ ગાંધી
manoj1968@yahoo. ca






# ભાજપની પહેલી જીત, સુરત બેઠક પર મુકેશ દલાલ બિનહરીફ

## ફોર્મ રદ થયા બાદ કોંગ્રેસ ઉમેદવાર નીલેશ કુંભાણિયાએ રહસ્યમય સંજોગોમાં ગાયબ, બસપાના પ્યારેલાલને દબાણ આપી ફોર્મ પરત ખેંચાવ્યું

**સુરત**

સોમવારે ગુજરાતની 26 લોકસભા બેઠકોનું ચિત્ર સ્પષ્ટ થઈ ગયું હતું. જેમાં સુરતમાં ફરી હાઈવોલ્ટેજ ડ્રામા થયો હતો. સુરતમાં રવિવારે કોંગ્રેસના ઉમેદવાર નીલેશ કુંભાણીનું ઉમેદવારી ફોર્મ રદ થયું હતું. ભાજપ સહિત કુલ 9 ઉમેદવારો સુરત બેઠક પર મેદાનમાં હતા, જેમાં ચાર અપક્ષ અને ચાર અન્ય પક્ષના ઉમેદવારો હતા. આ પૈકી ભાજપ સિવાયના સાત ઉમેદવારે ફોર્મ પરત ખેંચ્યા હતા. જે બાદ સોમવારે બસપાના ઉમેદવાર પ્યારેલાલે પણ ફોર્મ પરત ખેંચ્યું હતું. પ્યારેલાલે કલેક્ટર અને એસપીને પત્ર લખીને પોલીસ સંરક્ષણ માંગ્યુ હતું. મુકેશ દલાલ બિનહરીફ થવાના સંકેત વચ્ચે પ્યારેલાલ સંપર્ક વિહોણા થયા હતા અને તેમના ઘર પર પણ તાળું હતું. આ વચ્ચે અચાનક તે કલેક્ટર કચેરીએ દોડી આવ્યા હતા અને તે બાદ ફોર્મ પરત ખેંચી લીધું હતું.



## કાં નીલેશ કુંભાણી નહીં રહે કાં પ્રતાપ દૂધાત, સ્મશાન સુધી છોડીશ નહીં

અમરેલીના પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતે નીલેશ કુંભાણીને ખુલ્લી ચીમકી આપતા કહ્યું- સુરતમાં જેણે ગદ્દારી કરી છે તે નીલેશ કુંભાણીને હું છોડવાનો નથી, તેણે અને તેના ત્રણ ટેકેદારોએ જ્યાં સંતાવું હોય ત્યાં સંતાય જાય, પાટિલના ઘરમાં જાય પણ સુરતમાં કાં કુંભાણી રહેશે અને કાં પ્રતાપ દુધાત રહેશે, સ્મશાન સુધી તેને હું છોડવાનો નથી. તેમણે મિડીયા સમક્ષ એવી ખુલ્લી ચીમકી આપી હતી કે કોંગ્રેસ સાથે ગદ્દારીનું શુ પરિણામ આવે તે તા.૭ પછી તેઓ સુરત જઈને નીલેશ કુંભાણીને દેખાડી દેશે.તેણે પક્ષ અને પ્રજાની પીઠમાં ખંજર ભોંક્યું છે.

## ચૂંટણીમાં ભાજપની જીત થશે તો દેશમાં લોકશાહી નહીં બચેઃ પૃથ્વીરાજ ચૌહાણ

સુરત આવેલા મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચૌહાણે પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે, 'પહેલા તબક્કામાં જે મતદાન થયું છે તેના આંકડા જોઈ મોદી બોખલાઈ ગયાં છે તેથી કોંગ્રેસ પર તુષ્ટીકરણના ખોટા આક્ષેપ કરી રહ્યાં છે. આગામી ચૂંટણી બે વિચારધારાની નહીં પરંતુ મોદી અને પ્રજા વચ્ચેની ચૂંટણી છે. મોદી સરકાર અર્થવ્યવસ્થાનું સંચાલન કરવામાં નિષ્ફળ ગઈ છે. તેના કારણે દેશમાં બેકારી અને મોંઘવારી સતત વધી રહી છે. તેમણે કહ્યું હતું કે, આ વખતે ચૂંટણીમાં જો ભાજપની જીત થશે તો દેશનું બંધારણ કે લોકશાહી નહીં બચી શકે.'

## પંચમાં ફરિયાદ લઈને પહોંચી કોંગ્રેસ, ફરી ચૂંટણી પ્રક્રિયા કરાવવા માંગણી

કોંગ્રેસે આરોપ લગાવ્યો છે કે, મુકેશ દલાલને અયોગ્ય પ્રભાવથી વિજેતા જાહેર કરવામાં આવ્યા છે. કોંગ્રેસે માગ કરી છે કે આ બેઠક પર નવેસરથી ચૂંટણી થવી જોઈએ. પાર્ટીએ દાવો કર્યો છે કે ભાજપ કારોબારી સમુદાયથી ડરી ગઈ છે જેના કારણે તેણે સુરત લોકસભા બેઠક પર મેચ ફિક્સિંગનો પ્રયાસ કર્યો છે. કોંગ્રેસ પ્રવક્તા અભિષેક મનુ સિંઘવીએ કહ્યું કે સુરત લોકસભા બેઠક પર મેચ ફિક્સિંગ કરાઈ હતી. આપણી ચૂંટણીઓ, લોકશાહી, બાબાસાહેબ આંબેડકરનું બંધારણ બધું જ ખતરામાં છે. જેથી અમે ચૂંટણી સમક્ષ તરફ ફેરપ્રક્રિયાની માંગ કરીએ છીએ.

## બિખરતી અને તૂટતી કોંગ્રેસ માટે વધુ શું કહું?ઃ મુકેશ દલાલ

સુરત લોકસભા પર કોંગ્રેસના ઉમેદવાર અને ડમી નું ફોર્મ રદ થયા બાદ આજે મેદાનમાં રહેલા 8 ઉમેદવારોએ ઉમેદવારી પાછી ખેંચી લેતા ભાજપના ઉમેદવાર મુકેશ દલાલને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામા આવ્યા હતા. ત્યાર બાદ ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ અને વિજેતા ઉમેદવાર મુકેશ દલાલે સુરત ખાતે એક પત્રકાર પરિષદ સંબોધી હતી જેમાં કોંગ્રેસ પર આકરા પ્રહાર કરવામાં આવ્યા હતા. આ દરમિયાન બિનહરીફ થયેલા મુકેશ દલાલે કહ્યું હતું કે, કોંગ્રેસ બિખરતી અને તુટતી પાર્ટી છે. તેના માટે હું કહી શકું એમ નથી.

## ફોર્મ ચકાસણીથી રદ કરવાનો અહેવાલ કેન્દ્ર-રાજ્ય ચૂંટણી પંચને મોકલાયો

સુરત લોકસભાની ચૂંટણીમાં કોગ્રેસના ઉમેદવારનું ફોર્મ રદ કર્યા બાદ આજે પાંચમાં દિવસે કલેકટરાલયમાં કેમ્પસમાં શાંતિનો માહોલ જોવા મળ્યો હતો. સુરત લોકસભા બેઠક બિનહરીફ થયા બાદ સુરત જિલ્લા કલેકટર ડો. સૌરભ પારઘીએ રાજય ચૂંટણી પંચ અને કેન્દ્રીય ચૂંટણી પંચને ફોર્મ ચકાસણીથી લઇને છેલ્લે ફોર્મ કેવા સંજોગોમાં કયા પુરાવાના આધારે રદ કર્યુ ? તેનો વિગતવાર  અહેવાલ બન્ને પંચમાં મોકલી દીધો છે. આમ સુરત બેઠક પર હવે રાજય કે કેન્દ્રીય ચૂંટણી પંચ કેવા નિર્ણયો લે છે. તેના પર સૌની નજર છે.

## ચૂંટણી પંચના અધિકારીઓ અમારી વાત સાંભળતા ન હતા : મનીષ દોશી

સુરતની ઘટના પર કોંગ્રેસના પ્રવક્તા મનીષ દોશીએ પ્રેસ કોન્ફરન્સ કરી હતી. જેમાં તેમણે કહ્યું કે, 'ચૂંટણી પંચ મૌન ધારણ કરીને આંખ આડા કાન કરી રહ્યા છે તે દુ:ખની બાબત છે. ચૂંટણી પંચના નિયમ પ્રમાણે ચૂંટણી પંચના સ્થાનિક ઓફિસરે ફોર્મ માટે ઉમેદવારને 24 કલાકનો સમય આપવો જોઈએ. પરંતુ અમારા ઉમેદવારોને માત્ર બે કલાકનો સમય આપ્યો હતો. ચૂંટણી પંચના કાયદા જોગવાઈ મુજબ, ઓછામાં ઓછો 24 કલાકનો સમય આપવો જોઈએ. જેને લઈને તાત્કાલિક અમારે ચૂંટણી પંચમાં જવું પડ્યું હતું.

## ઉમેદવારી ફોર્મમાં બોગસ સહી કે ખોટું સોગંદનામુ કરનારા સામે ફોજદારી કરો

આમ આદમી પાર્ટી દ્વારા સુરત જિલ્લા ચૂંટણી અધિકારી એવા કલેકટર ડો. સૌરભ પારઘીને આવેદનપત્ર પાઠવીને રજુઆત કરાઈ હતી કે, કોંગ્રેસના ઉમેદવારનું ફોર્મ રદ કરતી વખતે હુકમમાં નોંધવામાં આવ્યું છે કે, ઉમેદવારી પત્રોમાં દરખાસ્ત મુકનારાઓ દ્વારા કરવામાં આવેલી સહીઓ તેમજ અન્ય પુરાવાઓ ખોટા છે. ખોટું સોગંદનામું કરીને લોકશાહી વ્યવસ્થાની મુશ્કરી કરવામાં આવી છે. આ બંને પોલીસ અધિકારીના ગુના છે. આથી આવું કૃત્ય કરનારા સામે ફોજોદારી રાહે કાર્યવાહી કરવા અમારી માંગણી છે.


ગોવર્ધનથાળ

સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

Weekend Special

રગડા પેટિસ, પાંઉભાજી, છોલેપુરી, કટલેસ, ખાસ્તા કચોરી, સેવ ઉસળ, સમોસા ચાટ

Takeout & Catering

Limited (with sweet & Farsan) $10.00 +Tax

Limited (without sweet & Farsan) $8.50 +Tax



All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)

$15.99 (M-T) / $17.99 (F-S)

CATERING SPECIAL

$ 14.99 10 items +Tax

Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber

Franchise Opportunity in GTA

-: શુક્રવાર :- રાજસ્થાની થાળી દાલબાટી-ચુરમો

-: શનિવાર :- સુરતી જમણ ઉંધિયું, રબડી-બાસુંદી

-: રવિવાર :- કાઠિયાવાડી ભોજન બાજરીના રોટલા, રીંગણનો ઓળો, સેવ-ટામેટાં

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

Call us for details ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪ ૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૮૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

| SCARBOROUGH | BRAMPTON | THORNHILL | PICKERING |
|---|---|---|---|
| 840 Markham Road | 90 Eastern Ave Unit 20B | 1470 Centre Street Unit 13 | 512 KINGSTON RD. UNIT 2, |
| 416-438-0544 | 905-799-0013 | 905-597-5777 | 905-839-3277 |

# 'તમારા આકાઓનું રાજ કાયમી નથી રહેવાનું' પોલીસને કોંગ્રેસી ઉમેદવાર ગેનીબેનની ચીમકી

## બનાસકાંઠામાં જાહેર સભામાં કોંગ્રેસ ઉમેદવાર પોલીસ તંત્રની નીતિથી અકળાઈ ઉઠ્યા

**વડગામ**

બનાસકાંઠાથી કોંગ્રેસના લોકસભાના ઉમેદવાર ગેનીબેન ઠાકોરે જાહેરમાં ગુજરાત પોલીસને આપી ચીમકી. ગેનીબેન ઠાકેરે જણાવ્યુંકે, તમે જેવા છો એવા થતાં અમને વાર નહીં લાગે. કોંગ્રેસના આગેવાનોને ધાકધમકી આપવાની કોઈ જરૂર નથી, પોલીસનું કામ નિષ્પક્ષ ચૂંટણી કરાવવાનું છે.

બનાસકાંઠાથી કોંગ્રેસના લોકસભાના ઉમેદવાર ગેનીબેન ઠાકોરે ફરીથી પોલીસને આપી ગર્ભિત ધમકી. પોલીસ કોંગ્રેસના આગેવાનોના નંબરો લેવા લોકોને ફોન કરી રહી છે તો જેના ઉપર પોલીસના ફોન આવે એ નંબરો રાખજો. હું પોલીસને કહું છું કે તમારું કામ કાયદો અને વ્યવસ્થા જાળવવાનું છે નિષ્પક્ષ ચૂંટણી કરાવવાનું છે. તમારી સામે કોઈ ફરિયાદ કરે તો તેની સામે એક્શન શું લેવા એ તમારી જવાબદારી છે. કોઈ કોંગ્રેસના આગેવાનોના ફોન લઈને એનું કલેક્શન કરવાની અને ધાક ધમકી આપવાની જરૂર તમારે નથી. અમારા મતદારો બેઠા છે તમને કહું છું 10 કે 15 ફરિયાદો થાય તો તૈયારી રાખજો. એમાં કોઈ થવાનું નથી. જો પોલીસવાળા ગામમાં આવીને દમ દાટી આપતા હોય તો એમને કહેજો આ તમારા આકાઓનું રાજ કાયમી રહેવાનું નથી. કોંગ્રેસના ઉમેદવાર ગેનીબેન ઠાકોરે પોલીસ પર આકરા પ્રહાર કરતા વધુમાં જણાવ્યુંકે, 8મી તારીખ સુધી તમને સારી જગ્યાએ નોકરીએ મુકવાની વાત કરશે, તમને ફુલાવશે. પણ નોકરી તમારે 58 વર્ષ સુધી કરવાની છે. તમને પગાર કોઈ ભાજપ નથી આપતી તમને પ્રજાના પરસેવાનો પગાર મળે છે લોકોના ટેક્ષના પૈસાનો પગાર મળે છે.

# દહેગામમાં પ્રેમસંબંધ મામલે યુવકની હત્યા કરી લાશ કેનાલમાં ફેંકી દેવાઈ

**દહેગામ**

દહેગામ તાલુકાના મોટા મુવાડા ગામે ગોવિંદજી ઠાકોર પરિવાર સાથે રહે છે. ૧૩ એપ્રિલએ ફરિયાદીએ અનિલને જમવા માટે ફોન કરતા તેણે દહેગામ છું વાર લાગશે તેમ જણાવ્યું હતું. જે બાદ અનિલની પત્નીને ફોન કરતા અનિલ સવારથી વર્ધીમા જાઉ છું કહી ગયા છે પણ હજુય સુધી પરત આવ્યા નથી અને ફોન બંધ આવે છે તેમ ફરિયાદીને જાણવા મળ્યું હતું. આ સમયે કોઈ કારણોસર ફોન બંધ હશે તેવું વિચારી પરિવાર રાહ બેઠો હતો. જોકે બે દિવસે પણ અનિલ ઘરે પરત ન આવતા પરિવારે તમામ જગ્યાએ તેની શોધખોળ હાથ ધરી હતી. જે દરમિયાન બહીયલ નર્મદા કેનાલ પાસે કાર મળી આવી હતી. પરંતુ અનિલ ત્યાં મળ્યો ન હતો. બાદમાં આ મામલે પિતાએ રખીયાલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ પોલીસ તપાસમા જાણવા મળ્યું હતું કે અનિલને ગામના જ મેલાજી ઠાકોર પત્ની સાથે પ્રેમસબધ છે. જ્યાં મેલાજીએ તેની પત્ની દ્વારા ફોન કરી અનિલને વેલપુર ગામે બાજરીવાળા ખેતરમાં મળવા બોલાવ્યો હતો. જ્યાં મેલાજીએ તેના બંને મિત્રો સહેવાગ ઠાકોર અને દિલીપ ઠાકોર સાથે મળી અનિલને ગાડીના સીટ બેલ્ટ ના પટ્ટા વડે ગળેફાંસો આપી મોતને ઘાટ ઉતારી દીધો હતો.

# પાલનપુર ડીસા હાઈવે પર પેપર મીલમાં ગૂંગળામણથી 3 કામદારોના કરુણ મોત

**પાલનપુર**

પાલનપુર ડીસા હાઈવે પર આવેલા બાદરપુરા ગામ પાસેની 20 વર્ષ જૂની મહેશ્વરી પેપર મીલમાં અંદરના ભાગે પેપર પલાળવા માટેની ચાર કુંડીઓ બનાવવામાં આવી છે ,જ્યાં એક મજુર એક કૂંડીમાં નીચે પડી ગયો હતો જ્યાં સપ્તાહથી મિલ બંધ હોવાથી અચાનક ગેસ એકઠો થયો હતો અને શ્વાસ રૂંધાવા લાગતા મજુર બેહોશ થઈ ગયો હતો અન્ય મજુર તેને બહાર કાઢવા માટે અંદર ઉતર્યો હતો અને તે પણ ગુંગળામણથી બેહોશ થઈ ગયો હતો.

જ્યારે આ દુર્ઘટના અંગેની જાણ થઈ કે તુરંત જ 108 એમ્બ્યુલન્સ વાન અને ફાયર વિભાગની ટીમ તુરંત ઘટના સ્થળે પહોંચી હતી દરમિયાન અન્ય બે મજૂરો પણ ફાયર વિભાગની સાથે મદદમાં ત્યાં જતા તેમને પણ ગુંગળામણની અસર થવા લાગી હતી. જેથી તે બંનેને 108 એમ્બ્યુલન્સ વાનમાં તુરંત પાલનપુર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. દરમિયાન ફાયર વિભાગના ફરજ પરનો કર્મી સેફટીના સાધનો સાથે અંદર ઉતરી એક પછી એક બે અને બહાર નીકળ્યા હતા પરંતુ બંને બેભાન હાલતમાં હતા જ્યાં પાલનપુર સિવિલ હોસ્પિટલના ફરજ પરના તબીબે બન્નેને મૃત જાહેર કર્યા હતા.

# બેન્કમાં ગોલ્ડ લોન કૌભાંડ : વડોદરામાં જ્વેલરી શોપ ચલાવતા દંપતીએ સવા બે કરોડ ગુમાવ્યા

## બેંક કર્મચારીની ઓળખ આપી લોનની ઓફર અપાઈ, અને ખાતું ખોલાવાયું

**વડોદરા**

માંજલપુર અલવા નાકા ગૌતમ નગરમાં રહેતા દિપાલીબેન પરેશભાઈ મકવાણાનીમાં મેલડી નામની જ્વેલરી શોપ છે. માંજલપુર પોલીસ સ્ટેશનમાં તેમણે ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, દોઢ વર્ષ પહેલા આરોપી વિશાલ જયંતિભાઈ ગજ્જરે મારી દુકાને આવ્યો હતો. તેણે પોતાની ઓળખાણ કેનેરા બેન્કના કર્મચારી તરીકે આપી ગોલ્ડ લોન અંગે ઓફર કરી હતી. પરંતુ, મેં ના પાડી હતી. તે અવાર-નવાર ગોલ્ડ લોનની વાત કરતો હતો. તેણે મને ઓફર આપી હતી કે, હું તમારી લોનનું વ્યાજ નહિં લઉ અને ફ્રીમાં લોન કરાવી આપીશ. મેં કેનેરા બેન્કની માંજલપુર શાખામાં એકાઉન્ટ ખોલાવી ગોલ્ડની સામે 13.50 લાખની લોન લીધી હતી. તે દાગીના મેં રૂપિયા ભરી છોડાવી લીધા હતા. ત્યારબાદ વિશાલ મારી દુકાને આવી કુલ 3.400 કિલો વજનના દાગીના કિંમત રૂપિયા 2.16 કરોડના લઈ ગયો હતો.

વર્ષ 2021 માં અમે ગૌતમનગર વાળું મકાન લીધું હતું. જેની હાઉસિંગ લોન દેના બેન્કની રાવપુરા શાખામાં ચાલતી હતી. તે સમયે અમે 20 લાખની લોન લીધી હતી. વિશાલ ગજ્જરે આ લોન વાઘોડિયા રોડની પંજાબ નેશનલ બેન્કમાં ટ્રાન્સફર કરી આપવાનું જણાવી કહ્યું હતું કે, બેન્ક મેનેજરરાકેશ રાવલ મારા મિત્ર થાય છે. તેઓને ટાર્ગેટ પૂરો કરવાનો હોવાથી તમને લોન તેમની બેન્કમાં ટ્રાન્સફર કરી દો. તમને બંનેને ફાયદો થશે. ત્યારબાદ અમે બાકીની લોન પંજાબ નેશનલ બેન્કમાં ટ્રાન્સફર કરાવતા 10.81 લાખનો ચેક અમને બેન્કે આપ્યો હતો.

# વડોદરામાં મજાક-મશ્તીના વિવાદમાં મિત્રએ જ ચાકુના ઘા ઝીંકી સગીરનું ઢીમ ઢાળી દીધું

## ગર્લફ્રેન્ડ ન હોવાના કારણે રણજીત દિશાંતની પજવણીને સહન કરી શકતો ન હતો

**વડોદરા**

વડોદરાના દિવાળીપુરા વિસ્તારમાં એક સગીરે પોતાના જ મિત્રની છરીના ઘા મારીને મોતને ઘાટ ઉતારી દીધો હતો. રણજીત માળી નામના એક સગીર છોકરાએ દિશાંત રાજપૂત નામના મિત્રને દિવાળીપુરા વિસ્તાર બાજુ ફરવા જવા માટે બોલાવ્યો હતો. હુમલાખોર તેના મિત્રને પણ સાથે લઈ આવ્યો હતો. ચારેય જણ કોર્ટ સંકુલ પાસેની એક કોલોનીમાં ગયા હતા, ત્યાં આરોપીએ ચાકુ કાઢીને દિશાંત પર ચાકૂના ઉપરાછાપરી ઘા ઝીંકી દીધા હતા .

દિશાંત રાજપૂતની નિર્મમતાપૂર્વક હત્યા કર્યા બાદ બંને ભાગી ગયા હતા. બંને આરોપીઓએ ધોરણ 12ની પરીક્ષા આપી હતી. તેઓ મધ્યમ વર્ગના પરિવારોમાંથી આવે છે. હત્યા કરનાર બંને યુવકોને પોલીસે કસ્ટડીમાં લીધા છે. તેની પૂછપરછ દરમિયાન દિશાંત રાજપૂતનું મિત્ર વર્તુળ ઘણું મોટું હોવાનું બહાર આવ્યું હતું, તેમાં અનેક ગર્લ ફ્રેન્ડનો પણ સમાવેશ થાય છે. દિશાંત અને તેને મારનાર છોકરો સાથે ટ્યુશન જતા હતા, ત્યાં દિશાંત તેને ગર્લફ્રેન્ડ ન હોવાને કારણે ઘણી વખત ચીડવતો હતો. આરોપી રણજીત માળી ગર્લફ્રેન્ડ ન હોવાના કારણે દિશાંતની પજવણીને સહન કરી શકતો ન હતો. આનાથી નારાજ થઈને આરોપીએ તેના મિત્ર સાથે મળીને દિશાંતને પાઠ ભણાવવા માટે મારી નાખવાની યોજના બનાવી હતી. ત્યારબાદ દિશાંતને બોલાવીને ચાકુના ઘા ઝીંકી દીધા હતા. પોલીસે બંને યુવકોને કસ્ટડીમાં લઈ લીધા હતા.

# કોંગ્રેસના ગઢમાં સભા કરી ૨૦૦૦થી વધુ કોંગ્રેસીએ કેસરિયો ધારણ કર્યો

**દાંતા**

ભારતીય જનતા પાર્ટી ની ત્રીજી વાર સરકાર બને તે માટે લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ને સાથે સાથે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ગુજરાત હોમ ગ્રાઉન્ડ હોવાના લીધે ગુજરાતની તમામ સીટો ભારતીય જનતા પાર્ટીને મળે તેને લઈને ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો અને હોદ્દેદારો સહિત નેતાઓ સ્વભાવ અને રેલીઓ કરી જન જન સુધી પહોંચી રહ્યા છે.

લોકસભા ૨૦૧૪ અને લોકસભા ૨૦૧૯ માં ભારતીય જનતા પાર્ટી ની સરકાર બનાવવા માટે બનાસકાંઠા જિલ્લાના લોકો અને મતદારોનો મોટો ફાળો રહ્યો છે. ત્યારે આ વખતે પણ લોકસભા ૨૦૨૪ ની ચૂંટણીમાં બનાસકાંઠા જિલ્લો ભારી બહુમતીથી ભારતીય જનતા પાર્ટીને વિજય બનાવશે. આજે બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં આવેલું હડાદ મુકામે બીજેપી ની જંગી સભા યોજવામાં આવી હતી. આ સભામાં રાજ્યસભાના સાંસદ રમીલાબેન બારા અને ભાજપના જિલ્લા ભાજપ ભાજપ કિર્તીસિંહ વાઘેલા સાથે મોટી સંખ્યામાં કાર્યકર્તો અને હોદ્દેદારો આ સભામાં જોડાયા હતા. આજે હડાદ વિસ્તાર ના આદિવાસી અગ્રણી ચંદ્રકાંત બેગડીયા છેલ્લા ૩૦ વર્ષથી કોંગ્રેસ સાથે જોડાયેલા હતા.

# બાજવાના ગોડાઉનમાંથી 66 લાખનું નશાકારક કફ સિરપ રાખનાર સ્ટોકિસ્ટ પકડાયો

**વડોદરા**

બાજવા વિસ્તારમાં ૬૬ લાખની કિંમતના નશાકારક આયુર્વેદિક સિરપ રાખનાર ઓથોરાઈઝ સ્ટોકિસ્ટને એસઓજીએ ઝડપી પાડી અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા સિરપના ગુના બદલ સોંપવાની તજવીજ કરી છે. પોલીસે વડોદરાના પ્રતીક પંચાલ અને શકિલ શેખને પકડી પૂછપરછ કરતાં સુભાનપુરાના ઉત્તુંગ બિલ્ડિંગમાં રાજુ પટેલના ગોડાઉનમાંથી સિરપનો જથ્થો મેળવ્યો હોવાની વિગતો ખૂલી હતી. ગોડાઉનમાં દરોડો પાડી રૂ.૬૬ લાખની કિંમતનો ઉપરોક્ત સિરપની ૪૪ હજાર બોટલ કબજે કરી હતી.આ ગોડાઉન સિરપના ઓથોરાઈઝ સ્ટોકિસ્ટ રાજેશ ઉર્ફે રાજુ પટેલએ એક મહિના પહેલાં જ ભાડે રાખ્યું હોવાની વિગતો બહાર આવી હતી.

# તું પરત આવી જા, મમ્મીએ અન્ન-જળ ત્યાગી દીધા છે, ગુમ પુત્રને પરિવારની વિનવણી

**વડોદરા**

અલકાપુરી ખાતેની ગોવર્ધનનાથજીની હવેલીના મુખિયાનો ૧૫ વર્ષીય પુત્ર ગૂમ થયાના છ દિવસ પછી પણ મળી આવ્યો નથી. તેના પિતાએ સોશિયલ મીડિયા પર એક વીડિયો અપલોડ કરીને પુત્રને ઘરે પરત આવી જવા માટે વિનંતી કરી છે.

હવેલીમાં સેવા કાર્ય કરતા જોગારામનો ૧૫ વર્ષીય પુત્ર તા.૧૮મીએ બપોરે ગૂમ થતાં તેની શોધખોળ કરવામાં આવી હતી. પરંતુ, હજીસુધી તે મળી આવ્યો નથી. વ્યથિત પિતાએ આજે હાથ જોડીને પુત્રને પરત ઘરે આવી જવા માટે વિનંતી કરતો એક વીડિયો શેર કર્યો છે. તેમાં તેમણે જણાવ્યું છે કે, બેટા તું પરત આવી જા. ઘરે તું લાલાની સેવા કરજે. તારી મમ્મીએ અન્ન જળનો ત્યાગ કર્યો છે. તે જીવવાની ના પાડે છે. રોજ ઘરે ડોક્ટરને બોલાવવા પડે છે. તારી મમ્મી કહે છે કે, મને મારા દીકરાનું મોંઢુ બતાવો. મારા ઈષ્ટ દેવ ગોવર્ધન નાથ પ્રભુજીને પણ હું રોજ હાથ જોડીને વિનંતી કરૂં છું. તું જ્યાં હોય ત્યાંથી પરત આવી જા. તારે જે કરવું હોય તે કરજે. તેને કોઈ કશું પૂછે નહીં કે, તું ક્યાં ગયો હતો ? કેમ ગયો હતો ? તને ભણવા બાબતે પણ કોઈ દબાણ કરશે નહીં.

# વડોદરાના ફૂલવાડી ગામના તળાવમાં મગર યુવકને ખેંચી ગયો, છ મહાકાય મગરો વચ્ચે કામગીરી

**વડોદરા**

ડભોઈ તાલુકાના ફૂલવાડી ગામના તળાવમાં મહાકાય મગરે એક યુવકને ખેંચી ગયો હોવાનો બનાવ બનતાં મોડીરાત સુધી તેની શોધખોળ કરવામાં આવી હતી. ફૂલવાડી ગામના તળાવમાં પાંચ થી છ મહાકાય મગરો જોવા મળી રહ્યા છે.આજે એક યુવકને મગર ખેંચી જતાં એક ગ્રામજને જોયું હતું અને તેણે અન્ય લોકોને જાણ કરતાં લોકો ઉમટી પડયા હતા.આ બનાવ અંગે પોલીસને પણ જાણ કરવામાં આવી હતી. મામલતદાર સહિતના અધિકારીઓ આવી ગયા હતા અને તળાવમાં મગરો હોવાથી સ્થાનિક તરવૈયાઓને ઉતારી શકાય તેમ નહીં હોવાથી વડોદરા ફાયર બ્રિગેડની મદદ લેવામાં આવી હતી. ફાયર બ્રિગેડની ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટરની ટીમ કામગીરી માટે ગઈ હતી.

# વાપી ભાજપ અગ્રણીના ઘરે લૂંટારુ ગેંગ ત્રાટકી : સ્થાનિકો પકડી પાડી

## સીસીટીવી કેમેરામાં દેખાતામાં ઘરને કોર્ડન કરી લેવાયું

**વાપી**

વલસાડ જિલ્લાના વાપી તાલુકામાં કરવડ ગ્રામ પંચાયતના સરપંચના ઘરે લૂંટારુ ગેંગ ત્રાટકી હતી. મધ રાત્રીએ ત્રાટકેલા ધાડપાડુઓને બંગલાની બહાર રાખવામાં આવેલ સીસીટીવી કેમેરામાં જોતા જ સરપંચે પોલીસ અને પાડોશીને ફોન કરી મદદ માટે બોલાવ્યા હતા. ત્યારે કરવડ ગામે મધરાત્રીએ થયેલ પોલીસ અને ધાડપાડુઓના ધીંગાણાં માં 3 પોલીસ અને 4 ચોર ઘાયલ થયા છે.

વાપીના કરવડ ગામમાં દેવેન્દ્રભાઈ પટેલનો પરિવાર રહે છે. દેવેન્દ્રભાઈ ભાજપના અગ્રણીની સાથે વાપી તાલુકા સરપંચ સંઘના પ્રમુખ અને કરવડ ગામના સરપંચ છે. જેમના ત્યાં મોડી રાત્રે ધાડપાડું ટોળકી ત્રાટકી હતી. અડધી રાત બાદ ઘરની બહારથી અવાજ આવતા સરપંચે સીસીટીવી ચેક કરતા ઘરની બહાર ત્રણથી ચાર લોકો હથિયારો સાથે દેખાયા હતા. આથી પરિસ્થિતિ પારખી ગયેલા સરપંચ દેવેન્દ્ર પટેલે ગામજનોને અને પોલીસને પણ જાણ કરી હતી અને ગણતરીના સમયમાં જ મોટી સંખ્યામાં લોકો સરપંચના ઘરની આજુબાજુ એકઠા થઈ ગયા હતા. અડધી રાત્રી એ કરવડ ગામમાં ચોર પોલીસ અને ગામ લોકો વચ્ચે ધીંગાણું થયું હતું અને 3 પોલીસ સહીત 4 ચોર ઘાયલ થયા હતા. ડુંગરા પોલીસ સ્ટેશનની હદમાં આવેલ કરવડ ગામમાં મધરાત્રીએ લૂંટારુ ત્રાટકતા પોલીસ ટીમ પણ સ્થળ પર પહોંચી હતી. ત્યારબાદ તમામ બાજુથી લોકો અને પોલીસે ધાડપાડુઓનો ઘેરો કરી તેમને પકડવાના પ્રયાસ કર્યા હતા. આથી દોડધામ મચી ગઈ હતી. ભાગતા આરોપીઓએ પોલીસ ટીમ અને ગામ લોકો પર પથ્થર મારો અને લાકડાના ઘા કર્યો હતા. જોકે ગણતરીના સમયમાં જ પોલીસ અને સ્થાનિક લોકોએ 6માંથી 5 આરોપીઓને ઝડપી પાડ્યા હતા. તો આ ધાડના અન્ય 3 માસ્ટર સહીત કુલ 9 લોકોની ધરપકડ કરી લીધી હતી.

# સલમાનના ઘર પર ફાયરિંગમાં ઉપયોગ લેવાયેલા હથિયાર નદીમાંથી મળી આવ્યા

**સુરત**

સલમાન ખાનના ઘર પર થયેલા ફાયરિંગ કેસમાં મુંબઈ ક્રાઈમ બ્રાંચે ફાયરિંગમાં ઉપયોગમાં લેવાયેલા હથિયાર શોધી લીધા છે. ક્રાઈમ બ્રાન્ચની એક ટીમે સુરતની તાપી નદીમાંથી એક પિસ્તોલ અને 13 જેટલી કારતૂસ શોધી કાઢી છે. ક્રાઈમ બ્રાન્ચે દાવો કર્યો છે કે આ એજ હથિયાર છે, જેનો ઉપયોગ 14 એપ્રિલે સલમાનના ઘર પર થયેલા ફાયરિંગમાં લેવાયા હતા. મુંબઈના બાન્દ્રામાં ફિલ્મ સ્ટાર સલમાન ખાનના ઘર ઉપર ફાયરીંગ કરનારા લોરેન્સ બિસ્નોઈ ગેંગના બે સાગરીતોની પોલીસે ભુજથી ધરપકડ કરી હતી. ત્યારબાદ સોમવારે મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ સુરતના અશ્વનીકુમાર રેલવે બ્રિજ ઉપરથી તાપી નદીમાં ફેંકેલી પિસ્તોલ શોધવા પોતાની ટીમ અને મરજીવાઓ પહોંચી હતી. જોકે, મોડીસાંજ સુધી કશું હાથ લાગ્યું નહોતું. પરંતુ આજે ક્રાઈમ બ્રાન્ચને સફળતા મળી છે.

# સ્ટેચ્યૂ ઓફ યુનિટીથી ઓમકારેશ્વર સુધી નર્મદામાં ક્રુઝ સેવા શરૂ કરવા તૈયારી

રાજપીપળા : સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે વધુ પ્રવાસીઓ આવી શકે અને બે રાજ્યોની સંસ્કૃતિના દર્શન કરી શકે તે માટે કેવડિયાથી મધ્યપ્રદેશના ઓમકારેશ્વર વચ્ચે ક્રુઝ સેવાદિવાળી આસપાસ શરૂ કરવામાં ચાલશે. જેના દ્વારા નદીમાં ૧૨૦ કિમી મુસાફરી થઇ શકશે. મધ્યપ્રદેશમાં ક્ઝ ટુરિઝર માટે, મધ્યપ્રદેશ ટુરિઝમ બોર્ડે ઈન્લેન્ડ વોટરવેઝ ઓથોરિટી ઓફ ઈન્ડિયા અને ગુજરાત સરકાર સાથે સમજૂતી કરાર હસ્તાક્ષર કર્યા છે. આ કરાર હેઠળ કોલકાતાથી મધ્યપ્રદેશના કુક્ષી માટે બે ફ્લોટિંગ જેટી (પોન્ટૂન) મોકલ્યા છે. આ પોન્ટૂનનો ક્ઝના ટમનલ રૂપે ઉપયોગ થશે. ઓમકારેશ્વર સ્થિત એકાત્મ ધામ (સ્ટેચ્યુ ઓફ વનનેસ) થી કેવડિયા સ્થિત સ્ટેચ્યૂ ઓફ યુનિટી સુધી ક્રુઝ ચલાવવાની દરખાસ્ત છે. મધ્યપ્રદેશ અને ગુજરાતને બે ફ્લોટિંગ જેટી અપાશે, જેમાંથી મધ્ય પ્રદેશને આ જેટી પહોંચાડવામાં આવી છે.

# વડોદરા હરણી લેક કાંડ : મ્યુનિસિપલ કોર્પોરેશનના સોંગંદનામાંથી કોર્ટ નારાજ

વડોદરા : વડોદરાના હરણી લેક ઝોનમાં જાન્યુઆરી મહિનાની 18મીએ ઘટેલી એક દુર્ઘટ્નામાં 12 બાળક સહિત 14 લોકોએ જીવ ગુમાવ્યા હતા. આ દુર્ઘટના કેસમાં હાઈકોર્ટમાં સુઓમોટો સુનાવણી દરમિયાન હાઈકોર્ટે વડોદરાના તત્કાલીન મ્યુનિસિપલ કમિશનર દિલીપ રાણા સામે ડિસિપ્લિનરી પગલાં લેવા માટે અર્બન હાઉસિંગના સેક્રેટરીને આદેશ કરવામાં આવ્યો છે. સુનાવણી દરમિયાન હાઈકોર્ટે સવાલ કરતાં કહ્યું કે,કોન્ટ્રેકટર પાસે લાયકાત ના હોવા છતાં પહેલી વખત કોન્ટ્રેક્ટ નહોતો અપાયો તો બીજી વખત ફક્ત બે મહિનામાં લાયકાત કેવી રીતે આવી ગઈ? પીડિત પરિવારના વકીલ ઉત્કર્ષ દવેએ કહ્યું કે વડોદરા મ્યુનિસિપલ કમિશનરનું સોગંદનામુ હાઈકોર્ટમાં રજૂ કરવામાં આવ્યું હતું. ગુજરાત હાઈકોર્ટ આ સોંગંદનામાથી નાખુશ છે. કોર્ટે ટકોર કરતાં નોંધ્યું કે, આ સોગંદનામુ ગેરમાર્ગે દોરે છે. એની અંદરની હકીકત દર્શાવવામાં આવી નથી. તેમજ કોર્ટે જે કોટિયા


Imperial PEST CONTROL

Residential • Commercial • Industrial

24 Hour Service • 7 Days a Week

All Pest Control:

Mouse & Rats, Cockroaches, Bedbugs, Silver Fish, Spiders & Fleas, Carpenter Ants. Total Interior & Exterior Pest Control

Removal:

Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon, Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets

Free Estimates & Written Guarantee

First Time Customer gets 10% Off on your first home service *Mention this offer while booking

Special Service For Bedbug Control

www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)

Call: Ramesh Kanani 416-837-1820





First Flight FFCL Couriers Inc.

દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ

તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ

1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10

ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)

જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ

Brampton (West ) 519, Ray lawson boulevard , Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours Phone 647-657-9631 ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM

Scarborough 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-657-9631 905-673-9631 ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY WEEKLY OFF : SAT-SUN : 11.00 AM to 6.00 PM

we are back to Great Punjab 2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER --------: MON - FRI :-------- 10 AM TO 7 PM --------: SAT-SUN :-------- 11AM TO 6PM

Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF

૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com



સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

WWW.SWADESH.NEWS


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# રાજાની પટરાણીનો ગમે તેવો પુત્ર રાજા બની જતો હતો: કિરીટ પટેલનું વિવાદાસ્પદ નિવેદન

**વિસાવદર**

એક તરફ ભાજપના જ નેતાઓ રૂપાલાના કારણે થયેલા વિવાદને શાંત પાડવા મથામણ કરી રહ્યા છે તેવામાં શિસ્તબધ્ધ ગણાતી ભાજપ પાર્ટીના જ આગેવાને વિવાદાસ્પદ નિવેદન કર્યું છે. જૂનાગઢ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર રાજેશ ચુડાસમાનાં વિસાવદર ખાતેનાં કાર્યાલયનું આજે સવારે ઉદ્દઘાટન હતું. આ કાર્યક્રમમાં સાંસદ અને ભાજપના વર્તમાન ઉમેદવાર રાજેશ ચુડાસમા સહિતના આગેવાનો હાજર હતા. આ તબક્કે જૂનાગઢ જિલ્લા ભાજપ પ્રમુખ કિરીટ પટેલે કાર્યકરોને સંબોધતી વખતે જાહેર મંચ પરથી કહ્યું, 'હિન્દુસ્તાનમાં એક સમય એવો હતો કે રાજાની પટરાણી બોબડી હોય, લુલી હોય, લંગડી હોય પણ તેના કુખેથી જે દીકરો પેદા થતો હતો એ રાજા બનતો હતો અને હવે રાજા મતપેટીમાંથી પેદા થાય છે.'

કિરીટ પટેલે આવું નિવેદન કરતા સૌકોઈ ચોંકી ઉઠયા હતા કેમ કે, કિરીટ પટેલ અધર્લી એબલ્ડ લોકો વિશે જે શબ્દો બોલ્યા તે વર્ગને તેમના જ પક્ષના મોભી એવા વડાપ્રધાને 'દિવ્યાંગ' જેવું સન્માનજનક નામ આપી માન મોભો આપ્યો છે. તેની બદલે આવો વાણી વિલાસ કરી અપમાન કરતા ભારે ચર્ચાનો વિષય બન્યો છે.

આ ઉપરાંત, હાલ રાજા-રજવાડાઓ વિશે પુરૂષોત્તમ રૂપાલાએ ટિપ્પણી કરી અને તે મુદ્દે સમગ્ર દેશમાં ભારે રોષ છે તેવા જ સમયે ભાજપના અન્ય એક આગેવાને રાજા-રજવાડાઓને વચ્ચે લઈ વાણીવિલાસ કરતા આ મુદ્દે નવો વિવાદ છેડાય તેવી ભીતિ નકારી શકાતી નથી. જૂનાગઢ જિલ્લા ભાજપ પ્રમુખે થોડા સમય પહેલા જ ઈકો સેન્સેટીવ ઝોન મુદ્દે વિવાદાસ્પદ નિવેદન કર્યા બાદ ફરીવાર ન બોલવાનું બોલતા રાજકીય માહોલ ગરમાયો છે.

# ભુજના કુકમા ગામે બે સંતાનોને મોતને ઘાટ ઉતારી માતાએ પણ ગળે ફાસો ખાધો

**બોટાદ**

મૂળ બોટાદ જિલ્લાની રહેવાસી અને ભુજ તાલુકાના કુકમા ગામમાં રહેતી 23 વર્ષ વર્ષીય સંગીતાબેન વિજયભાઈ દેત્રોજા પેટીયું રળીને ગુજરાન ચલાવતી હતી. આ મહિલાએ તેના બે બાળકો સાથે મોતને વ્હાલું કરતા પરિવાર શોકમગ્ન બન્યો છે, મહિલાના બે સંતાનોમાં પુત્ર રાજવીર વિજયભાઈ દેત્રોજાની ઉંમર દોઢ વર્ષની છે જ્યારે પુત્રી સંધ્યા વિજયભાઈ દેત્રોજાની ઉંમર ચાર વર્ષની છે. આ અંગેની માહિતી મળતા પધ્ધર પોલીસના પીએસઆઈ એચ.એમ. ગોહિલ સહિતની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. હાલ પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે. જોકે, મોડી રાત સુધી આપઘાતનું કારણ બહાર આવ્યું ન હતું. પધ્ધર પોલીસના કહેવા મુજબ હતભાગી પરિવાર બોટાદ જિલ્લાના બરવાડા તાલુકાના ખમિદાણાં ગામના વતની છે. ત્રણેય મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ભુજની જનરલ હોસ્પિટલમાં લઈ જવાયા હતા. લીવ ઈનમાં મહિલા સાથે રહેતા વિજયે આ બનાવની જાણ પધ્ધર પોલીસને કરી હતી. PSI એચ.એમ. ગોહિલે વધુમાં જણાવ્યું હતું કે, આ મજુર પરિવાર છેલ્લા પાંચ-છ વર્ષથી અહીં સંયુક્ત પરિવારમાં રહેતો હતો અને પરિવારના સભ્યો કેટરિંગના ધંધામાં મજૂરી કામ કરતા હતા.

# રાજકોટમાં કસ્ટડીમાં મારથી મોતના કેસમાં એએસઆઇ કાનગડની ધરપકડ

**રાજકોટ**

રાજકોટ શહેરના ગોંડલ રોડ પરના આંબેડકરનગરના યુવકને ઢોર માર મારી હત્યા કર્યા બાદ ભાગી છૂટેલો એએસઆઈ અંતે પકડાયો છે જો કે, તે સામેથી રજૂ થયાની ચર્ચા છે. આંબેડકરનગરમાં રહેતા હમીરભાઈ ઉર્ફે ગોપાલભાઈ દેવજીભાઈ રાઠોડ પાડોશીના ઝઘડામાં વચ્ચે પડતાં માલવિયાનગર પોલીસ ગત તા.14ના તેમને પોલીસ મથકે ઉઠાવી ગઈ હતી.

મળતી માહિતી મુજબ શહેરના આંબેડકરનગરમાં રહેતા રાજુભાઈ સોલંકી અને તેનો પુત્ર જયેશ ગત 14 તારીખે રાત્રે ઝઘડો કરતા હોય અને પોલીસ બોલાવવામાં આવતા જયેશ મદદ માગવા જતા હમીરભાઈ ઉર્ફે ગોપાલ દેવજીભાઈ રાઠોડ (ઉ.34) સમાધાન માટે ત્યાં ગયા હતા ત્યારે ફરજ પરના પોલીસમેને તેને ત્યાં મારકુટ કરી પોલીસ વેનમાં બેસાડી પોલીસ સ્ટેશને લઇ જઇ પાઇપથી ઢોર માર્યો હતો.

પોલીસ સ્ટેશનમાં એએસઆઇ અશ્વિન કાનગડે હમીરભાઈને ઢોરમાર મારતાં તેમને ગંભીર ઈજા પહોંચી હતી અને બેભાન થઈ જતાં પોલીસે તેમને હોસ્પિટલે ખસેડ્યા હતા જોકે ટૂંકી સારવાર દરમિયાન હમીરભાઈનું મૃત્યુ થયું હતું.

# કચ્છના રાપરમાં એકસાથે નવ લોકોને રહેંસી નાંખનાર આરોપી અરજણ ૨૩ વર્ષે પકડાયો

## 5 સગાભાઈ, બે ભત્રીજા, ભાણેજ સહિત 9 વ્યક્તિની હત્યા થતાં ચકચાર ફેલાઈ હતી

**કચ્છ**

કચ્છના રાપરની સુરબાવાંઢમાં થયેલા સામૂહિક હત્યાકાંડનો ફરાર આરોપી આખરે ૨૩ વર્ષે ઝડપાયો છે. ફિલ્મી ઢબે આરોપીને પકડવા કચ્છના પોલીસ કર્મચારીઓ ભેંસના સોદાગર બન્યા હતા. ત્યારે કચ્છ પોલીસને મોટી સફળતા હાથ લાગી છે. રાપરના સુરબાવાંઢ ગામે ગત તા. ૧૩-૬-૨૦૦૧ના સામૂહિક હત્યાકાંડ થયો હતો. જેમાં ૪૦ થી વધુ લોકોના ટોળાએ ધારિયા, કુહાડી, ભાલો, છરા, બંદુકો વગેરે હથિયારો ધારણ કરી ૯ લોકોને રહેંસી નાખ્યા હતા. આ ચકચારી બનાવમાં સંડોવાયેલા આરોપીને ૨૩ વર્ષ બાદ પ્લાનિંગ સાથે ઝડપી લેવામાં આવ્યો છે. બોર્ડર રેન્જ આઈજી ચિરાગ કોરડીયા અને પૂર્વ કચ્છ પોલીસવડા સાગર બાગમારની સુચનાથી જિલ્લામા નાસતા ફરતાં આરોપીને શોધવા માટે સૂચના અપાઈ હતી. જેમાં લોકલ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ તથા ટીમ પેટ્રોલિંગમા હતી, ત્યારે આ આરોપી વિશે બાતમી મળી હતી. બાતમીના આધારે રાપર તાલુકાના સુરબાવાઢ ગામે ૨૦૦૧માં થયેલા સામૂહિક હત્યાકાંડના આરોપી અરજણ રૂપાભાઈ કોલી (ઉ.વ. ૫૦) (રહે મૂળ સુરબાવાંઢ, હાલે રહે લાકડાવાંઢ) ને ઝડપી લેવાયો હતો.

આરોપીને ઝડપી લેવામાં પોલીસે ફિલ્મી ઢબે કામગીરી કરી હતી. આરોપી અરજણ ગુનો બન્યો ત્યારથી સતત ફરાર હતો. ભૂતકાળમાં પોલીસ જયારે પકડવા જતી ત્યારે ચકમો આપીને ભાગી જતો, જેથી તેને પકડવો મુશ્કેલ હતો.

# જન્મદિને સાળંગપુર કષ્ટભંજનદેવને સુવર્ણ વાઘા અને ફૂલોનો શણગાર થયો : ભક્તોનુ ઘોડાપુર

**ભાવનગર**

સાળંગપુરધામ કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે ચાલી રહેલાં ત્રિ-દિવસીય હનુમાન જયંતિ મહામહોત્સવની ધામધૂમથી ઉજવણી થઈ હતી. કષ્ટભંજનદેવને રાજોપચાર પૂજન અને કેરીના અન્નકૂટ ધરાવાયા બાદ સોમવારે સાંજે મંદિર પરિસરમાં આવેલી ૫૪ ફૂટ ઊંચી કિંગ ઓફ સાળંગપુર પ્રતિમા પર સૌપ્રથમ વખત પાંચ હજાર કિલો પુષ્પોની વર્ષા કરવામાં આવતા દિવ્ય વાતાવરણ સર્જાયું હતુ. ઉપરાંત સંપ્રદાયના સંતો, ભક્તો, યજમાન સહિતનાની હાજરીમાં અનેક પ્રકારની અગ્નિઓથી પ્રતિમાનું પૂજન તથા મહાઆરતી કરવામાં આવી હતી. જયારે, મહોત્સવના આજે ત્રીજા દિવસે હનુમાન જયંતીના પાવન પર્વે મંદિર અને પરિસરમાં સવારથી જ અનેકવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. શણગાર આરતી સાથે ૨૫૦ કિલો કેક કાપી કષ્ટભંજનદેવના જન્મદિવસની



અનન્ય ઉજવણી કરવામાં આવી હતી. આ દરમિયાન સમૂહ મારૂતિ યજ્ઞા યોજાયો હતો. જેમાં ૧૦૦૦થી વધુ લોકો ભાગ લીધો હતો. આ ઉપરાંત, જન્મદિવસ પ્રસંગે કષ્ટભંજનદેવને સુવર્ણ વાઘા તેમજ ગુલાબના ફૂલોનો દિવ્ય શણગાર કરવામાં આવ્યો હતો.અને મહાઅન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો.

# લીમખેડામાં ડોશી નદીમાં નાહવા પડેલા સિંગપુરાના 2 પુત્રોના ડૂબી જવાથી મોત

**લીમખેડા**

લીમખેડા તાલુકા માં આવેલા જૂના વડીયા ગામના સીમાડે થી પસાર થતી ડોશી નદી માં આજે સવારે ન્હાવા પડેલા સિંગાપુર ગામના ઘાટા હનુમાન મંદિરના પુજારીના બે આશાસ્પદ પુત્રોનં નદીના ઉડા પાણીમાં ડૂબી જવાથી મોત નિપજતા ગામમાં માતમ છવાયો હતો.

સિંગાપુર ગામે આવેલા ઘાટા હનુમાન મંદિરના પુજારી સુનિલ ભાઈ જોષીના બંને પુત્ર નામે સત્યાનંદ જોષી તથા પરમાનંદ જોષી તેના અન્ય મિત્રો સાથે જુના વડીયા ગામના સીમાડે આવેલી ડોશી નદીમાં નાહવા માટે ગયા હતા. નદી માં પાણીમાં નાહવા માટે કૂધા હતા.જે પૈકીના બે સગા ભાઈઓ નામે સત્યાનંદ જોશી અને પરમાનંદ જોશી નદીમાં ઊંડા પાણીમાં ગરકાવ થવા લાગ્યા હતા આ જોઈને ગભરાઈ ગયેલા અન્ય મિત્રો પાણીમાંથી હેમખેમ બહાર નીકળી ગયા હતા નદી કિનારે બહાર નીકળેલા બાળકોએ બૂમાબૂમ કરતા ગામના અન્ય રહીશો ત્યાં દોડી આવ્યા હતા. ગામના જ તરવૈયાઓએ નદીમાં ઊંડા પાણીમાં શોધખોળ હાથ ધરી હતી ભારે જહેમત બાદ બંને સગા ભાઈઓને મૃત હાલતમાં નદીમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા.

**પર્યટન** એપ્રિલના અંત અને મે દરમિયાન બસ, રેલવે તથા ટ્રાવેલ્ એજન્સીમાં બુકિંગ ફુલ

# વેકેશન દરમિયાન સૌરાષ્ટ્રના પર્યટન ઉદ્યોગમાં તેજી

**ભાવનગર**

ગોહિલવાડની શૈક્ષણિક સંસ્થાઓમાં વાર્ષિક પરીક્ષાઓ પુર્ણ થતાની સાથે જ વાલીઓ તેમના સંતાનોને અભ્યાસક્રમના ભારમાંથી મુકિત સાથે રીલેકસ થાય તેવા ઉમદા આશયથી પ્રારંભીક તબકકામાં મામા, માસી, કાકા સહિત પરિવારજનોના ઘેર વેકેશન માણવા માટે મોકલી દેતા હોય છે. જયારે કેટલાક વાલીઓમાં સંતાનો સાથે યાત્રાધામોના દર્શનાર્થે કે, પ્રાકૃતિક સ્થળોએ ફરવા જવા નિકળી જવાનો ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વેકેશનને અનુલક્ષીને સ્થાનિક પર્યટન ઉદ્યોગમાં ફૂલગુલાબી તેજી જોવા મળી છે.



ભાવનગર તેમજ બોટાદ શહેર અને જિલ્લામાંથી ઉનાળુ તેમજ દિવાળી વેકેશન તેમજ શ્રાવણ માસ દરમિયાન સરકારી અને ખાનગી એકમોના કર્મચારીઓ સી.એલ., એલ.ટી.સી., જાહેર રજા, શનિ, રવિવારના એડજસ્ટમેન્ટ સાથે વાલીઓ, યુવાનો તેમના સમવયસ્ક મિત્રવર્તુળ સાથે કે પરિવારજનો સાથે એકથી લઈને પાંચથી છ દિવસીય મીની ટુરના વીકેન્ડમાં આયોજનો એકાદ બે માસ અગાઉથી ગોઠવાઈ જતા હોય છે.આ ઉપરાંત અન્યો દ્વારા અનુકુળતા મુજબ મીની ટુરના આયોજનો થતા રહેતા હોય પર્યટન ઉદ્યોગમાં તેજી રહેતી હોય છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉનાળુ વેકેશનમાં ગોહિલવાડમાંથી અસંખ્ય નવયુગલો,કોલેજીયન્સ યુવાનોમાં આબુ, અંબાજી, સોમનાથ, દ્વારકા,પાવાગઢ, આશાપુરા, તુલસીશ્યામ, પોઈચાધામ, સ્ટેચ્યુ ઓફ યુનિટી, સાપુતારા, ઉપરાંત મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન ઉપરાંત મહારાષ્ટ્રના સુપ્રસિધ્ધ પર્યટન સ્થળોએ જવા માટે સ્થાનિક ૨૦ થી વધુ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ એજન્ટો અને ઓપરેટર્સ તેમજ એસ.ટી. અને રેલવેમાં બુકીંગ થઈ ચૂકયા છે.

# જામનગરમાં શિક્ષિકાના આપઘાતના કેસમાં ફરાર આરોપી 11 મહિને ઝડપાયો

**જામનગર**

જામનગરના પંચવટી વિસ્તારમાં રહેતી એક શિક્ષિકાએ ૧૧ માસ પહેલાં આત્મહત્યા કરી લીધી હતી. જે બનાવ અંગે મૃતકના ભાઈ ઈશાકભાઈ ઈબ્રાહભાઈ હુંદડા એ જામનગરના ત્રણ આરોપીઓ અફરોઝ ચમડિયા, રજાક સાઈચા અને અખ્તર ચમડીયા સામે ફરિયાદ નોંધાવી હતી, જેઓના ત્રાસના કારણે તેણીની બહેને આત્મહત્યા કરી લીધી હોવાની સુસાઈડ નોટ પણ પોલીસ સમક્ષ રજૂ કરી હતી. જે ગુનામાં આરોપી અફરોઝ તૈયબભાઈ ચમડીયા નાસતો ફરતો રહ્યો હતો.જે આરોપી ધ્રોલ તાલુકાના લૈયારા નજીક એક દરગાહ પાસે ઉભેલો છે. તેવી બાતમીના આધારે એલસીબીની ટુકડીએ ઝડપી લીધો છે.



## ઈશાએ લિપ્સની પ્લાસ્ટિક સર્જરી કરાવી હોવાની અફવા

મુંબઈ : ઈશા દેઓલે પોતાના લિપની પ્લાસ્ટિક સર્જરી કરાવી હોવાની અટકળો છે. તેના નવા લૂક પરથી આ અટકળો બાંધવામાં આવી રહી છે. જોકે, નેટ યૂઝર્સના અભિપ્રાય અગાઉ ઈશા અગાઉ ખરેખર બ્યુટિફૂલ હતી અને તેણે આ સર્જરી બાદ પોતાનું ઓરિજિનલ સૌંદર્ય ગુમાવી દીધું છે. ઈશા માતા હેમા માલિની સાથે એક વીડિયોમાં જોવા મળી હતી. તે પછી તેણે લિપ ફિલર્સ કરાવ્યું હોવાની વાત વહેતી થઈ હતી. જોકે, સંખ્યાબંધ લોકોએ ઈશાએ પોતાનો નેચરલ લૂક ગુમાવી દીધો હોવાની ટીકા કરી હતી. કેટલાકે જણાવ્યું હતું કે આવા અખતરા બધાએ ન કરવા જોઈએ તે પુરવાર થયું છે. એક એક્ટ્રેસ તરીકે ઈશાની કારકિર્દી ખતમ થ ઈ ચૂકી છે.

# હું દર અઠવાડિયે મેન્ટલ થેરાપીના સેશનમાં ભાગ લઈ રહી છું : આલિયા



બોલિવૂડ અભિનેત્રી આલિયા ભટ્ટે રણબીર કપૂર સાથે લગ્ન કર્યા હતા. બંને નવેમ્બર 2022માં માતા-પિતા બન્યા હતા. આ લવબર્ડ્સ હાલમાં તેમના પેરેન્ટહુડનો આનંદ માણી રહ્યા છે. માતા બન્યા બાદ આલિયામાં ઘણા બદલાવ આવ્યા છે. હાલમાં જ એક ઈન્ટરવ્યૂમાં આલિયાએ માતૃત્વની સફથી લઈને માનસિક સ્વાસ્થ્યની કાળજી રાખવા સુધીની દરેક બાબતો વિશે ખૂલીને વાત કરી હતી.એક ઈન્ટરવ્યૂમાં આલિયાએ જણાવ્યું કે, તે ઘણા સમયથી દર અઠવાડિયે થેરાપીના સેશનમાં ભાગ લઈ રહી છે. જે બાદ તેણે પોતાનામાં ઘણા બદલાવ જોયા છે. તેણે કહ્યુ કે એક સાથે વ્યવસાયિક અને માતૃત્વની ફરજોનું મેનેજમેન્ટ કેવી રીતે કરી શકે છે, તે બધું માનસિક સ્વાસ્થ્ય પર આધાર રાખે છે. આલિયાએ કહ્યું 'હું હંમેશા વિચારું છું કે લોકો શું વિચારતા હશે. શું તેઓ વિચારતા હશે કે હું બધું સારી રીતે મેનેજ કરી શકું છું? જો કે કોઈ આપણા વિશે વિચારતું નથી, તો પણ તમે અમુક સમયે ક્રિટિકલ થઈ જાવ છો. હું મારા માનસિક સ્વાસ્થ્ય પર કામ કરી રહી છું. દર અઠવાડિયે હું થેરાપી સેશનમાં જાઉ છું. જ્યાં હું મારા ડર વિશે વાત કરું છું. હું તેનો સામનો કરું છું. આ એવી વસ્તુ છે જે તમે 1-2-5 અથવા 10 દિવસમાં સમજી શકતા નથી. તે એક લાંબી પ્રક્રિયા છે અને તમે પ્રયાસ કરો છો. તમારી જાતને એક નવી વ્યક્તિ બનાવો અને કોઈ પરફેક્ટ નથી હોતું. ના કોઈ એક સાથે પરિસ્થિતિને મેનેજ કરી શકે.



## તમન્ના ભાટિયાને મહારાષ્ટ્ર સાયબર સેલે સમન્સ પાઠવ્યું

મહારાષ્ટ્ર સાયબર સેલે બોલિવૂડ અભિનેત્રી તમન્ના ભાટિયાને ફેરપ્લે પર ગેરકાયદેસર રીતે IPL 2023 ટેલિકાસ્ટ કરીને વાયકોમને કરોડોનું નુકસાન પહોંચાડવાના મામલે પૂછપરછ માટે સમન્સ પાઠવ્યું છે. સૂત્રોએ જણાવ્યું કે તમન્ના ભાટિયાને આગામી સપ્તાહની 29 તારીખે મહારાષ્ટ્ર સાયબર સેલમાં આવવા અને તપાસ અધિકારી સમક્ષ હાજર થવાનું કહેવામાં આવ્યું છે. આ જ કેસમાં મંગળવારે બોલિવૂડ એક્ટર સંજય દત્તને પૂછપરછ માટે બોલાવવામાં આવ્યો હતો પરંતુ સંજય દત્ત મંગળવારે સાયબર સેલ સુધી પહોંચ્યો નહોતો. જોકે, તેણે નિવેદન નોંધવા માટે વધુ સમય માંગ્યો હતો. સૂત્રોએ જણાવ્યું હતું કે સંજય દત્તે સાયબર સેલને જણાવ્યું હતું કે તેની પાસે કેટલાક આયોજનબદ્ધ કામ છે જેના માટે તે મુંબઈની બહાર છે અને તેથી જ તે મંગળવારે પૂછપરછ માટે હાજર રહી શકશે નહીં.



## નોરા ફતેહીએ પાપારાત્ઝીઓને ગંદી નજરે જોનારા કહ્યા

મુંબઇ : પાપારાત્ઝીઓ અને ફિલ્મી સિતારાઓના સંબંધો ખટ્ટા-મીઠા છે. કલાકારોને પાપારાત્ઝીઓ તેમની અંગત દુનિયામાં ડોકિયું કરે તે પસંદ નથી. ઉપરાંત ઘણી અભિનેત્રીઓની ફરિયાદ રહી છે કે, પાપારાત્ઝીઓ તેમના બોડી પાર્ટસને ઝૂમ કરીને દેખાડવાના પ્રયાસ કરતા હોય છે. નોરા ફતેહી પાપારાત્ઝીઓને બેફિકર થઇને પોઝ આપતી હોય છે. પરંતુ આ વખતે તેણે પણ પોતાની નારાજગી વ્યક્ત કરી છે. નોરાએ કહ્યુ ંહતુ ંકે, પાપારાઝીઓ દરેક ફીમેલ કલાકારો સાથે આમ કરતા હોય છે. તેમને અભિનેત્રીઓની બેક પર ઝૂમ કરવામાં રસ નથી હોતો, પરંતુ શરીરના અન્ય હિસ્સાઓને ઝુમ કરતા હોય છે. ઘણી વખત મને એમ લાગે છે કે, ઝૂમ કરીને તસવીર લેવા જેવું કાંઇ નથી હોતું તેમ છતાં તેઓ શેના પર ફોકસ કરવાના પ્રયાસ કરતા હશે ? ઉલ્લેખનીય છે કે, હાલમાં જ એક એવોર્ડ સેરેમનીમાં મૃણાલ ઠાકુરે પાપારાઝીને ચૂપ કરી દીધો હતો જ્યારે તેણે તેને બૈક પોઝ આપવા માટે કહ્યું હતું. તેમજ પલક તિવારીએ પણ પાપારાઝીઓને ફટકાર લગાડી હતી જ્યારે તેણે ના પાડી હોવા છતાં પાછળથી ક્લિક કરવાની કોશિષ કરી હતી.









સ્વદેશ
Leading Gujarati Newspaper
સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા માટે સંપર્ક કરો
પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news



Rameshbhai Vyas
Director & Publisher
SWADESH

Paresh Peshva
Marketing Director
SWADESH


## રણ વિસ્તારના આધુનિક નગરો પણ વરસાદ અને પુરને કારણે બેહાલ બન્યા

# દુબઈમાં પૂર : ક્લાઈમેટ ચેન્જ પણ જવાબદાર

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

રણના નગર કહેવાતા દુબઈને છેલ્લાં અઠવાડિયે વરસાદે ધમરોળી નાંખ્યું હતુ. યુનાઈટેડ આરબ એમિરેટ્સમાં ઠેર ઠેર જળબંબાકાર સાથે તારાજી સર્જાઈ. ઓમાનમાં તો જળતાંડવને કારણે 20થી પણ વધુ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા. એટલું જ નહીં, યુનાઈટેડ આરબ એમિરેટ્સમાં એક જણનું મોત થયું. વરસાદને કારણે માર્ગ પરનો વાહન વ્યવહાર જ નહીં પરંતુ એરલાઈન્સ સુદ્ધાને માઠી અસર પડી. અનેક ફ્લાઈટ્સ રદ કરવાની તો અનેકના રૂટ્સ બદલવાની નોબત આવી હતી. દુબઈમાં પડેલા અનરાધાર વરસાદને કારણે મોટાભાગના રસ્તાઓ તળાવ બની ગયા. જેને કારણે ક્યાંક ઘરો તો કયાંત વાહનો પાણીમાં ડૂબેલા રહ્યાં. અનેક રસ્તા પરનો વાહનવ્યહાર ખોટકાયો અને અનેક રસ્તા પર વાહનોની કતાર લાગી. લોકો દિવસો સુધી આ કતારમાં ફસાયેલા રહ્યા. ખુદ દુબઈના સત્તાધીશોએ જ સ્વીકાર્યું કે, આખા વર્ષમાં પડે એટલો વરસાદ એક જ દિવસમાં વરસી ગયો. છેલ્લાં 75 વર્ષમાં પહેલી વાર UAEએ આવો જળતાંડવ જોયો. હવે આ પ્રકારના વરસાદ થવા પાછળના કારણો જાણવા કવાયત થઈ રહી છે.

એકદમ ગરમ અને સૂકા રણ પ્રદેશ એવા યુનાઈટેડ આરબ અમિરાત (યુએઈ)ના દુબઈમાં અચાનક પડેલા ભારે વરસાદ અને તેના કારણે આવેલા પૂરે આખી દુનિયાને ચોંકાવી દીધી છે. યુએઈ આખા દેશમાં સામાન્ય રીતે ૧૪૦ મિમિથી ૨૦૦ મિમી વરસાદ પડે છે. જ્યારે દુબઈમાં વર્ષ દરમિયાન માત્ર ૯૭ મિમી વરસાદ પડે છે. એપ્રિલ મહિનામાં તો વરસાદ થતો જ નથી ને છેલ્લાં કેટલાંક વરસોથી સરેરાશ લગભગ આઠ મિમી વરસાદ આવે છે. પરંતુ આ વખતે આ બધા રેકોર્ડ તૂટી ગયા અને છેલ્લાં ૭૫ વરસમાં કદી ના પડયો હોય એવો વરસાદ વરસી ગયો. દુબઈમાં તો વરસાદે હાલત બગાડી જ પણ સૌથી ખરાબ હાલત અલ-એઈનમાં થઈ ગઈ કે જ્યાં ૨૪ કલાકથી પણ ઓછા સમયમાં ૨૫૪.૮ મિમી (૯.૭ ઈંચ) વરસાદ ખાબકી ગયો. હવે કટ ઓફ લો વેધર સિસ્ટમ સર્જાઈ તેના માટે ક્લાઈમેટ ચેન્જ જવાબદાર હોવાનું હવામાનશાસ્ત્રીઓ સ્વીકારે છે. ગરમ હવા વધારે ભેજનો સંગ્રહ કરી શકે છે. સામાન્ય રીતે ૧ ડીગ્રી સેલ્સિયસ તાપમાન વધે એટલે લગભગ ૭ ટકા વધારે ભેજ સચવાય. જેમ જેમ ભેજ વધે તેમ તેમ વાદળાં ભારે થતાં જાય, તેથી આગળ ના વધી શકે અને છેવટે વરસાદ તૂટી પડે. યુએઈમાં આ જ થયું છે એવો તેમનો દાવો છે. યુએઈમાં કન્સ્ટ્રક્શન અને વાહનો વધી રહ્યાં હોવાથી ગરમી પણ વધી રહી છે. તેના કારણે વરસાદ વધશે. 22મી સદી આવતાં સુધીમાં યુએઈમાં ૩૦ ટકા વધારે વરસાદ પડતો હશે અને ભારે વરસાદ-પૂરની ઘટનાઓ પણ વધશે એવું તેમનું માનવું છે.

બીજી બાજુ હવામાનશાસ્ત્રીઓનો એક વર્ગ માને છે કે, યુએઈ પોતાના પાપને છૂપાવવા આ બધી વાતો કરે છે. બાકી વાસ્તવિકતા એ છે કે, ક્લાઉડ સીડીંગના કારણે ભારે વરસાદ પડી ગયો. ક્લાઉડ સીડિંગ કરનારને કેટલા પ્રમાણમાં સિલ્વર આયોડાઈડનો છંટકાવ કરવો તેનો અંદાજ ના રહ્યો તેમાં હાલત બગડી ગઈ. યુએઈ હવે પોતાની ભૂલ છૂપાવવા માટે હવામાનશાસ્ત્રીઓને આગળ કરી રહી છે.



આ બંનેમાંથી સાચું કોણ એ ખબર નથી, પણ બંને સંજોગોમાં માણસ કુદરતની સિસ્ટમ સાથે ચેડાં કરે છે એ પરિબળ તો જવાબદાર છે જ. ક્લાઈમેટ ચેન્જ પણ અંતે તો માનવસર્જિત આફત જ છે. ક્લાઉડ સીડિંગમાં તરત જ પરિણામ સામે દેખાય છે જ્યારે ક્લાઈમેટ ચેન્જની અસરો લાંબા ગાળાની છે એટલો ફરક છે. ક્લાઈમેટ ચેન્જ એટલે કે, આબોહવાના પરિવર્તનનો અભ્યાસ કરનારા વિશેષજ્ઞોનું કહેવું છે કે, માણસે કુદરત સાથે જે ચેડા કરવાની છૂટ લીધી છે, તેને કારણે જ આવી સ્થિતિ સર્જાઈ રહી છે. વળી, આ માત્ર એક જ સ્થળની વાત નથી, દુનિયામાં અનેક સ્થળે આ પ્રકારની ઘટના કે હાલત છાશવારે જોવા મળી રહી છે. UAE સૂકો પ્રદેશ ગણાતો હોવાથી ત્યાં ભારે વરસાદનો સામનો કરવા માટે ડ્રેનેજ સિસ્ટમ જ નથી. આટલા વર્ષોમાં તેણે વાવાઝોડા કે મોટા ઝંઝાવાતનો સામનો કર્યો નથી.

ગણતરીના દિવસો પહેલાં નેશનલ સેન્ટર ફોર મિટીરિયોલૉજીએ વાદળોમાં કેમિકલ્સ ઈન્જેક્ટ કરવા માટે વિમાનો ઉડાડ્યાં હતાં. જેથી વાદળોમાં ભેજ આવે અને વરસાદ પડે. કમનસીબે આ વખતે જેટલું જોઈતું હતું તેના કરતાં વધારે જ મળી ગયું. વરસાદનાં ઝાપટાં વાવાઝોડા અને પૂરમાં ફેરવાઈ ગયાં અને શહેર થંભી ગયું. આખા વર્ષમાં જેટલું પાણી મળવું જોઈએ એટલું દુબઈમાં એક જ દિવસમાં વરસી ગયું. ક્લાઉડ સીડિંગ - કૃત્રિમ રીતે વરસાદ લાવવાની રીત પર સૌથી પહેલાં આંગળી ચિંધવામાં આવી રહી છે.

ક્લાઉડ સીડિંગ પર પૂરનો ઓળિયો-ઘોળિયો ઢોળવો એ તો વેતાં વગરની 'કોન્સપિરસી થિયરી'છે. એને માની ન લેવાય, એમ ઑસ્ટ્રેલિયન નેશનલ યુનિવર્સિટી ઈન્સ્ટિટ્યૂટ ફોર ક્લાઈમેટ એનર્જી એન્ડ ડિઝાસ્ટર સોલ્યુશનના વડાએ એક મીડિયા રિપોર્ટમાં જણાવ્યું છે. આ પહેલાં કેલિફોર્નિયામાં પણ જ્યારે તોફાન આવ્યું, ત્યારે ક્લાઉડ સીડિંગ પ્રોગ્રામ ઉપર કામ કરનારાઓને દોષી ઠેરવવામાં આવ્યા હતા. જો કે, ત્યારે તો હજી ક્લાઉડ સીડિંગ ત્યાં અમલમાં પણ નહોતું મુકાયું. ઑસ્ટ્રેલિયામાં આવેલા વરસાદને લઈને 2022માં ક્લાઉડ સીડિંગનો વાંક કાઢવામાં આવ્યો હતો. પણ બાદમાં ફેક્ટ ચેકર્સે એ દાવાને ખોટો ઠેરવ્યો હતો. ક્લાઉડ સીડિંગ એક એવી પ્રક્રિયા છે જે કરવાથી વરસાદ અને હિમવર્ષા કુદરતી રીતે લાવી શકાય. પાણીનાં અત્યંત સૂક્ષ્મ ટીપાં - બાષ્પરૂપે - સિલ્વર આયોડાઈડ - સ્પેશ્યલ પ્રકારના એરક્રાફ્ટ અને જમીન પર કામ કરતાં જનરેટર્સથી અમુક વાદળોની અંદર અને આસપાસ ઈન્જેક્ટ કરવામાં આવે છે, આ તત્ત્વ બાષ્પીભવનની પ્રક્રિયાને વેગ આપે છે. કોઈ સાયન્સ ફિક્શન ફિલ્મના સીનના વિવરણ જેવી લાગતી આ પ્રક્રિયા 1940ના દાયકામાં શોધવામાં આવી હતી. ત્યારબાદ આખી દુનિયામાં ઘણી જગ્યાએ તેનો ઉપયોગ કરાયો છે. ક્લાઉડ સીડિંગથી વરસાદી સાંજ મેળવવામાં વાંધો નથી, પણ જીવવું હોય તો ક્લાઈમેટ ચેન્જની ભૂલો સુધાર્યા સિવાય છૂટકો નથી.

ટેક્નોલૉજી નહીં પણ ક્લાઈમેટ ચેન્જ - આબોહવામાં આવેલા આત્યંતિક ફેરફારોને કારણે દુનિયા આખીમાં અણધારેલી કુદરતી આફતો સર્જાય છે. ગ્લોબલ વૉર્મિંગનો પ્રશ્ન આપણા અંદાજા કંઈક વધારે અસરકર્તા છે. ક્લાઉડ સીડિંગની ચિંતા કરવાને બદલે માણસજાતે કુદરતી વાતાવરણ જાળવા અને પ્રદૂષણ ઘટાડવાની દીશામાં પગલા ભરવા આવશ્યક છે. માનવસર્જીત ક્લાઈમેટ ચેન્જને કારણે દુનિયામાં દુકાળથી માંડીને પૂરની પરિસ્થિતિઓ ખડી થઈ રહી છે અને આવા સંજોગો વધુને વધુ સર્જાવાની વકી છે. વાત માત્ર UAEની નથી પશ્ચિમ આફ્રિકામાં જીવલેણ હીટ વેવ ચાલે છે. જેનું કારણ પણ માનવસર્જીત ક્લાઈમેટ ચેન્જ હોવાનું સિદ્ધ કરતો રિપોર્ટ જારી થયો છે. 110 ડિગ્રી ફેરનહીટ પહોંચેલા તાપમાને હજારો લોકોના જીવ લીધા છે. જંગલોના નાશ અને અશ્મિગત ઈંધણને બાળવાની ઘટનાઓને કારણે પર્યાવરણને નુકસાન થઈ રહ્યું છે. આખા દિવસ દરમિયાન પેદા થયેલી ગરમી બાદ રાત પડ્યે, તાપમાનમાં પૂરતો ઘટાડો થતો નથી. જેનું કારણ એવું છે કે, ત્યાં એટલાં જંગલો જ બચ્યાં નથી કે જેને કારણે પર્યાવરણી સંતુલન જળવાઈ રહે. નાઈજિરિયા અને સિરિયામાં વીજળીની અછતમાં પંખાઓ અને એરકન્ડિશનનો વધુ પડતો ઉપયોગ કારણભૂત છે. દુબઈની ઘટના બાદ આખી દુનિયાએ ફરી વાર ગ્લોબલ વોર્મિંગ વિશે ગંભીર બનવાની આવશ્યકતા છે.

**ક્લાઉડ સીડિંગમાં પાણીનાં અત્યંત સૂક્ષ્મ ટીપાં - સિલ્વર આયોડાઇડને એરક્રાફ્ટ અને જનરેટર્સથી વાદળોની અંદર અને આસપાસ ઇન્જેક્ટ કરાય છે. આ તત્ત્વ બાષ્પીભવનને વેગ આપે છે. 1940ના દાયકામાં આ પદ્ધતિની શોધ બાદ તેનો ઉપયોગ અનેકવાર થયો છે**

# જંગલની આગને કારણે બ્રિટિશ કોલંબિયા અને ચેટવિંડમાં ઈવેક્યુએશન ઓર્ડર જારી

## હાઇવે 97 સ્ટોન ક્રીકથી કુર્જતા સબડિવિઝન સુધીના વિસ્તારને અવરજવર માટે બંધ કરાયો

**બ્રિટિશ કોલંબિયા**

બી.સી. ચેટવિંડ અને પ્રિન્સ જ્યોર્જ, બી.સી. વચ્ચેનો હાઈવે 97 બંધ કરી દેવામાં આવ્યો છે અને ચેટવિંડ જિલ્લામાં કેટલાક પડોશી વિસ્તારોને ખાલી કરાવવાની કામગીરી ચાલી રહી છે. કારણ કે બુધવારે આ પ્રદેશમાં જંગલની આગ ઝડપથી વધી રહી છે. આ બી.સી. વાઈલ્ડફાયર સર્વિસનું કહેવું છે કે, ગ્રાઉન્ડ ક્રૂ અને એર ટેન્કરો બુધવારે 0.5 ચોરસ કિલોમીટરમાં ફેલાયેલી આગને કાબૂમાં લેવા પ્રયાસો કરી રહ્યા છે. ફાયર ઈન્ફર્મેશન ઓફિસર શેરોન નિકલનું કહેવું છે કે, આગ સાંજે 4 વાગ્યાની આસપાસ લાગી હતી. PT અને ચેટવિંડના દક્ષિણપશ્ચિમમાં લગભગ 10 કિલોમીટર વિસ્તાર સુધી



આગની જવાળાઓ જોવા મળી હતી. તેણીએ બુધવારે સાંજે જણાવ્યું હતું કે, "વિસ્તારમાં સતત પવન ફુંકાયો હતો. જે તે દક્ષિણપશ્ચિમ તરફથી આવી રહ્યો હતો. જે બાદ પીસ રિવર રિજનલ ડિસ્ટ્રિક્ટે પાઈન નદી વિસ્તાર માટે ખાલી કરાવવાનો આદેશ જારી કર્યો હતો. આદેશમાં જણાવાયું હતુ કે, બિસેટ ક્રીકની સીધી પશ્ચિમમાં, પાઈન નદીની દક્ષિણમાં અને પૂર્વમાં વાઈલ્ડમેર ક્રીક સુધીના વિસ્તારમાં આગની અસર થઈ છે, જેમાં હાઈવેની ઉત્તર બાજુની તમામ મિલકતોનો સમાવેશ થાય છે. ઈવેક્યુએશન ઓર્ડર દ્વારા આવરી લેવામાં આવેલા દરેક વ્યક્તિએ જીવ અને સંપત્તિના જોખમને કારણે તરત જ નીકળી જવું પડશે. ખાલી કરાવવાના આદેશમાં કેટલી મિલકતોનો સમાવેશ કરવામાં આવ્યો છે તે સ્પષ્ટ નથી. ડ્રાઈવબીસી કહે છે કે હાઈવે 97 સ્ટોન ક્રીક સબડિવિઝનથી કુર્જતા સબડિવિઝન સુધી બંધ છે, જે ચેટવિંડથી માત્ર ચાર કિલોમીટર દક્ષિણે છે. હાઈવે 97 એ ચેટવિંડ અને બી.સી. ના શાંતિ પ્રદેશના અન્ય વિસ્તારોને પ્રિન્સ જ્યોર્જ અને બાકીના પ્રાંત સાથે જોડતો પ્રાથમિક માર્ગ છે.

# 200 કિલો મેથની દાણચોરી કેસમાં ઓન્ટેરિયોનો ટ્રક ચાલક દોષી ઠર્યો

**ટોરોન્ટો**

ટોરોન્ટો વિસ્તારના એક માણસને 2019માં વિન્ડસર, ઓન્ટ.માં એમ્બેસેડર બ્રિજ ઉપર કેનેડામાં લગભગ 200 કિલોગ્રામ મેથામ્ફેટામાઇનની દાણચોરી કરવાનો પ્રયાસ કરવા બદલ દોષી ઠેરવવામાં આવ્યો છે. તે સમયે કેનેડા બોર્ડર સર્વિસીસ એજન્સીએ દવાઓની કિંમત $ 25.5 મિલિયન કરતાં વધુ હોવાનો અંદાજ મૂક્યો હતો. એજન્સીએ જણાવ્યું હતું કે, આ જપ્તી " છેલ્લા સાત વર્ષમાં CBSA માટે રેકોર્ડ પરની સૌથી મોટી મેથામ્ફેટામાઈન જપ્તી છે. મોહમ્મદ અહેમદ અબ્દીરહમાનને શુક્રવારે જજ-એકલા ટ્રાયલમાં મેથામ્ફેટામાઈનની આયાત અને હેરફેરના હેતુ માટે ડ્રગ રાખવાના આરોપમાં દોષિત ઠેરવવામાં આવ્યો હતો. તેમના વકીલ, જેસિકા ગ્રબેવસ્કીએ કહ્યું હતુ કે, અપીલની માંગણી કરવામાં આવશે કે કેમ તે અંગે ટિપ્પણી કરવી ખૂબ જ વહેલું હતું. નિર્ણય અનુસાર CBSA અધિકારીઓએ 24 ડિસેમ્બર, 2019ના રોજ એક ટ્રેક્ટર-ટ્રેલરની કેબીનની અંદરથી 196.7 કિલોગ્રામ મેથામ્ફેટામાઈન જપ્ત કરાયું હતું. આ સમયે ચાલક અબ્દીરહમાન ઉપર આરોપ મૂકવામાં આવ્યો, તે સમયે તે મિસીસાગામાં રહેતો હતો.

**2019ના ડિસેમ્બરમાં ટ્રેક્ટર-ટ્રેલરની કેબીનમાંથી 196.7 કિલોગ્રામ મેથામ્ફેટામાઇન મળી આવ્યું હતુ**

# કેપીટલ ગેઈન ટેક્સમાં ફેરફાર અંગે પુનઃ વિચારની અરજી ફગાવી દેવાઈ

## કર ફેરફારથી ચિકિત્સકોની ભરતીના પ્રયત્નોને અસર થવાની શક્યતા વ્યક્ત કરાઈ હતી

**ઓન્ટેરિયો**

વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો તેમની સરકાર દ્વારા તેના આયોજિત મૂડી લાભ કર વધારા ઉપર પુનર્વિચાર કરવા માટે કેટલાક ડોક્ટરોના કૉલને નકારી રહ્યા છે. ડોક્ટરોએ ચેતવણી આપી હતી કે, કર ફેરફાર કેનેડામાં ચિકિત્સકોની ભરતીના પ્રયત્નોને નબળી પાડી શકે છે અને હેલ્થકેર સિસ્ટમની સ્થિરતાને જોખમમાં મૂકે છે.

કેનેડામાં ડૉક્ટરોની તીવ્ર અછત છે. અંદાજે 6.5 મિલિયન કેનેડિયનો પ્રાથમિક સંભાળની ઍક્સેસ વિના જઈ રહ્યા છે. કારણ કે, ફેમિલી ફિઝિશિયન્સ સામૂહિક રીતે નિવૃત્ત થાય છે અને તબીબી શાળાઓ તેમના સ્થાને નવા રહેવાસીઓની ભરતી કરવા માટે સંઘર્ષ કરે છે. મંગળવારે સાસ્કેચવાન નજીક વાનુસ્કેવિન હેરિટેજ પાર્કમાં ટ્રુડોએ જણાવ્યું હતુ કે, ફેડરલ બજેટમાં રજૂ કરાયેલો ટેક્સ વધારો ફક્ત સૌથી ધનિકોને થોડી વધુ ચૂકવણી કરવા કહે છે. અમને એ યોગ્ય નથી લાગતું કે, વિદ્યાર્થીઓ અથવા ઈલેક્ટ્રિશિયન અથવા શિક્ષક તેમની આવકના 100 ટકા ઉપર ટેક્સ ચૂકવે છે. જ્યારે અન્ય લોકો પાસે એકાઉન્ટન્ટ્સનો ઉપયોગ કરવાની અને તે આવકના માત્ર 50 ટકા ઉપર કર ચૂકવવાની તક છે. મૂડી લાભ એ એસેટની કિંમત - કુટીર, રોકાણ મિલકત, સ્ટોક અથવા મ્યુચ્યુઅલ ફંડ - અને તેની કુલ વેચાણ કિંમત વચ્ચેનો તફાવત છે. અત્યારે માત્ર 50 ટકા મૂડી લાભ કરપાત્ર છે.

# ક્યૂબેકમાં ગ્રહણને કારણે અત્યાર સુધીમાં આંખને નુકસાનના લગભગ 30 કેસ નોંધાયા

**ક્યુબેક**

ક્યૂબેક ઓપ્ટોમેટ્રિસ્ટ્સે 8 એપ્રિલના રોજ સૂર્યગ્રહણથી સંબંધિત આંખના નુકસાનના 30 કેસની પુષ્ટિ કરી છે, અને આરોગ્ય અધિકારીઓ કહે છે કે, આનાથી વધુ કેસ હોઈ શકે છે. આરોગ્ય અને સામાજિક સેવા મંત્રાલયના પ્રવક્તા મેરી-પિયર બ્લિયરના જણાવ્યા અનુસાર સૌપ્રથમ વખત ક્યૂબેકના આરોગ્ય સર્વેલન્સ ડિરેક્ટોરેટે સૂર્યગ્રહણ સાથે સંકળાયેલા આંખના નુકસાન માટે એક વોચ ગોઠવી છે. આ ક્યૂબેકના ઓપ્ટોમેટ્રિસ્ટ ઓર્ડરના સહયોગથી કરવામાં આવી રહ્યું છે. તેઓ ખાસ કરીને ઓપ્ટોમેટ્રી ક્લિનિક્સમાં પ્રસ્તુત કેસ શોધી રહ્યાં છે. કેરાટાઈટિસ (કોર્નિયાની બળતરા), સોલાર રેટિનોપેથી અથવા કેરાટોકોન્જેક્ટીવાઈટિસ સિક્કાના કેસોની રિપોર્ટિંગ ફોર્મ દ્વારા પુષ્ટિ કરવામાં આવી છે. બ્લિયરે જણાવ્યું હતું કે, બુધવાર સુધીમાં 28 કેસનો અંદાજ છે. કારણ કે, ઓપ્ટોમેટ્રી ક્લિનિક્સમાંથી એકત્રિત કરવામાં આવેલ ડેટા સ્વૈચ્છિક ધોરણે છે અને રિપોર્ટિંગમાં વિલંબ થઈ શકે છે. ઉપરાંત તેણીએ નોંધ્યું કે, બધા લોકો ઓપ્ટોમેટ્રી ક્લિનિક્સમાં જતા નથી. ક્યૂબેકમાં આ અંગેનો ડેટા હજુ પ્રાથમિક છે, અને તે સ્પષ્ટ નથી કે નુકસાન કેટલું નોંધપાત્ર છે અથવા પ્રાંતમાં ક્યાં લોકોને નુકસાન થયું હતું. ડો. સિન્થિયા કિઆને જણાવ્યું હતું કે, મોન્ટ્રીયલ સ્થિત નેત્રચિકિત્સક રેટિનામાં નિષ્ણાત છે. દરેક કેસ પર વધુ અભ્યાસની જરૂર છે, પરંતુ લોકો જે વધુ સામાન્ય સમસ્યાનો સામનો કરે છે તે આંખની અસ્થાયી અગવડતા છે, તેણીએ કહ્યું, જોકે કાયમી નુકસાન શક્ય છે. તેણીએ કહ્યું કે ગ્રહણ એક દુર્લભ ઘટના છે, તેથી આ પ્રથમ વખત છે જ્યારે સમગ્ર પ્રાંતમાં આવો વિગતવાર ડેટા એકત્રિત કરવામાં આવી રહ્યો છે.

કિઆને જણાવ્યું હતું કે, ગ્રહણને અગાઉથી સુરક્ષિત રીતે જોવા વિશે લોકોને ચેતવણી આપવાનો ગંભીર પ્રયાસ હતો. અમે આશા રાખીએ છીએ કે જાહેર સેવાની ઘોષણાઓને કારણે નુકસાન ઉલટાવી શકાય તેવું છે." 2017ના ગ્રહણ પછી યુનાઈટેડ સ્ટેટ્સમાં ગંભીર સૌર રેટિનોપેથીના 100થી વધુ નોંધાયેલા કેસો હતા, તેણીએ જણાવ્યું હતું. સૂર્ય તરફ એક ઝડપી નજરથી નુકસાન થવાની શક્યતા નથી, પરંતુ વારંવાર સૂરજ સામે જોવાથી નુકસાન થાય છે.

# ટોરોન્ટોમાં સતત બીજા મહિને મકાન ભાડામાં ઘટાડો નોંધાયો : અહેવાલ

## વાનકુવર અને બી.સી. પછી ટોરોન્ટો ભાડેથી રહેવા માટે બીજા નંબરનું સૌથી મોંઘુ શહેર

**ટોરોન્ટો**

Rentals.caના માસિક અહેવાલ મુજબ ટોરોન્ટોમાં ભાડાની સરેરાશ કિંમત સતત બીજા મહિને ઘટી છે. નવેમ્બરના રેન્ટલ પ્રાઈસ રિપોર્ટ મુજબ નવેમ્બરમાં ટોરોન્ટો ભાડાના એપાર્ટમેન્ટ માટે સરેરાશ કિંમત ઘટી છે અને હવે તે વાર્ષિક ધોરણે 2.4 ટકા ઘટીને $ 2,913 થઈ ગઈ છે. ઑક્ટોબર પહેલાં રિપોર્ટમાં ઓગસ્ટ 2021થી ભાડા ખર્ચમાં મંદીનો સંકેત આપવામાં આવ્યો ન હતો. રાહતના સંકેતો હોવા છતાં વાનકુવર, બી.સી. પછી ટોરોન્ટો હજુ પણ ભાડેથી રહેવા માટે બીજા સૌથી મોંઘા કેનેડિયન શહેર તરીકે સ્થાન ધરાવે છે. હાલમાં ટોરોન્ટોમાં એક બેડરૂમના એપાર્ટમેન્ટની સરેરાશ કિંમત માત્ર $ 2,600 પ્રતિ માસ છે, બે બેડરૂમના યુનિટની સરેરાશ કિંમત $ 3,469 છે, જ્યારે ત્રણ બેડરૂમની કિંમત લગભગ $ 4,000 છે.



### 10 સૌથી મોંઘા સ્થળોમાં આઠ સ્થાન ગ્રેટર ટોરોન્ટો વિસ્તારના

ગયા વર્ષે શહેરમાં સિંગલબેડરૂમ યુનિટ લગભગ ત્રણ ટકા મોંઘા હતા. વાનકુવરમાં એક બેડરૂમના એપાર્ટમેન્ટમાં હાલમાં ભાડૂતોને દર મહિને સરેરાશ $ 2,894નો ખર્ચ થાય છે. Rentals.caના રાષ્ટ્રીય રેન્કિંગના આધારે દેશમાં રહેવા માટેના 10 સૌથી મોંઘા સ્થાનોમાંથી આઠ ગ્રેટર ટોરોન્ટો એરિયા (GTA)માં મળી શકે છે. ટોપ ટેનમાંથી GTAમાં સ્થિત ન હોય, તેવા એકમાત્ર સ્થળો વાનકુવર અને બર્નાબી, B.C. છે. બાકીના આઠ સ્થળો ટોરોન્ટો, ઓકવિલે, મિસીસાગા, નોર્થ યોર્ક, ઇટોબીકોક, બર્લિંગ્ટન, સ્કારબોરો અને બ્રામ્પટન, ઓન્ટેરિયોમાં ગયા છે. બ્રામ્પટનમાં એક બેડરૂમ યુનિટની સરેરાશ કિંમત હવે $ 2,176 છે, એવું રિપોર્ટ જણાવે છે.

# કેન્સર તપાસ માટે જૂની માર્ગદર્શિકાના ઉપયોગ સામે નિષ્ણાતો દ્વારા ચેતવણી

**ટોરોન્ટો**

કેરોલીન હોલેન્ડ એ વિચારી શકતી નથી કે તેણીએ તેના જીવનના કેટલા વર્ષો ગુમાવ્યા છે. કારણ કે તેણીના સ્તન કેન્સરનું મોડું નિદાન થયું હતું. ઓટ્ટાવાની મમ્મીને સૌપ્રથમ શાવર દરમિયાન તેના સ્તનોમાં ગઠ્ઠો જોવા મળ્યો હતો. 43 વર્ષની ઉંમરે, તેણીએ ક્યારેય મેમોગ્રામ કરાવ્યો ન હતો. તેણીના ડૉક્ટરને જોયા પછી, તેણીને સ્કેન માટે મોકલવામાં આવી, જેમાં કેન્સરની પુષ્ટિ થઈ હતી. પરંતુ તે પહેલાથી જ આગળ વધ્યું હતું. હોલેન્ડને બે પ્રકારની કીમોથેરાપી, રેડિયેશન, તેના લસિકા ગાંઠો દૂર કરવા અને ડબલ મેસ્ટેક્ટોમીની જરૂર હતી. "આ અન્ય મહિલાઓ સાથે ન થવું જોઈએ. તે અટકાવી શકાય તેવું છે," હોલેન્ડના ડોક્ટરોએ તેણીને કહ્યું કે, જો કેન્સરનું નિદાના વહેલું થઈ ગયું હોત તો તેણીની સારવાર ઓછી મુશ્કેલ બની હોત. પરંતુ કેનેડાની રાષ્ટ્રીય માર્ગદર્શિકા 50 વર્ષથી ઓછી ઉંમરની સ્ત્રીઓ માટે નિયમિત સ્તન કેન્સર સ્ક્રીનીંગની ભલામણ કરતી નથી. જો હું 40 વર્ષની વયે સ્ક્રીનીંગને ઍક્સેસ કરવામાં સક્ષમ હોત, તો આવું ન થાત. બીજી તરફ તબીબી નિષ્ણાતોના જૂથનું કહેવું છે કે, કેનેડિયનોના જીવન જોખમમાં છે. કારણ કે ફેમિલી ડોક્ટરો તેમના દર્દીઓને નિયમિત કેન્સર સ્ક્રીનીંગ માટે મોકલવા કે કેમ અને ક્યારે, તે નક્કી કરવા માટે જૂની માર્ગદર્શિકાનો ઉપયોગ કરી રહ્યા છે. કેનેડિયન ટાસ્ક ફોર્સ પ્રિવેન્ટિવ હેલ્થ કેર દ્વારા માર્ગદર્શિકા જારી કરવામાં આવે છે, જે 15 ડોક્ટરોની આર્મ્સ-લેન્થ પેનલ અને ફેડરલ સરકાર દ્વારા સ્થાપિત અન્ય પ્રાઈમરી કેર પ્રોવાઈડર્સ છે. સ્વતંત્ર સ્વયંસેવક પેનલ કેન્સર સહિત વિવિધ બિમારીઓની તપાસ અને નિવારણ અંગેના સંશોધનની તપાસ કરે છે. આ દિશા-નિર્દેશો લાખો કેનેડિયનોને અસર કરે છે. પરિણામો ભયંકર છે.

# ચિકનકારી આઉટફિટને કૅરી કરી ગોર્જિયસ લુક મેળવો

એથનિક વૅરમાં જાતને સ્ટાઈલ કરવાની વાત આવે છે ત્યારે યુવતીઓ વિવિધ પ્રકારની કુરતીઓ પહેરવાનું પસંદ કરતી હોય છે. જો એક કમ્ફર્ટેબલ કુરતાની વાત આવે ત્યારે ચિકનકારી કુરતી બેસ્ટ આઈડિયા છે. ચિકનકારી કુરતાં પહેરવામાં જેટલાં કમ્ફર્ટેબલ છે જોવામાં પણ એટલાં જ સુંદર લાગે છે. ચિકનકારી એક ટ્રેડિશનલ એમ્બ્રોઈડરી સ્ટાઈલ છે. આમ જોવા જઈએ તો સુંદર અને બારીકાઈથી કરવામાં આવેલી એમ્બ્રોઈડરી છે. જેને મસલિન, કોટન, સિલ્ક, શિફોન, ઓર્ગેન્જા, નેટ જેવાં વિવિધ ફેબ્રિક પર કરવામાં આવે છે. ચિકનકારી બોલિવૂડમાં એક્ટ્રેસ દ્વારા પહેરવામાં આવે છે એટલું જ નહીં વિદેશોમાં પણ તેને પસંદ કરવામાં આવે છે, એટલે કહી શકાય કે ચિકનકારીને ગ્લોબલ ઓળખ મળી છે. તેથી ચિકનકારી ફક્ત કુરતાં સુધી સીમિત રહી ગઈ નથી.

### ચિકનકારી કુરતાં અને પ્લાઝો

ચિકનકારી કુરતાંને પૅર કરવાનો આ ક્લાસી આઈડિયા છે. જો તમે ચિકનકારી કુરતાને ડે ટાઈમમાં કૅરી કરવા ઈચ્છો છો તો તેની સાથે પ્લાઝો પહેરી શકો છો. એમાંય લેસ વર્ક પ્લાઝો ચિકનકારી કુરતાં સાથે બેસ્ટ લાગશે. આમ તો પ્લાઝોના કલર્સમાં ઓપ્શનની કોઈ કમી નથી, પરંતુ વ્હાઈટ અથવા બ્લેક કલર પ્લાઝો એની સાથે પહેરવાથી વધારે એટ્રેક્ટિવ લાગશે.

### જિન્સ સાથે કેઝ્યુઅલ લુક

તમે ચિકનકારી કુરતાને સિમ્પલ લુકમાં પણ સ્ટાઈલિશ રીતે કૅરી કરવા ઈચ્છો છો તો જિન્સ પૅર કરી શકો. ચિકનકારી કુરતાંની સાથે તમે હાઈ વેસ્ટ જિન્સથી લઈને રિપ્ડ જિન્સને પૅર કરી શકો છો. આ લુકમાં સ્પોર્ટી ટચ મેળવવા તેની સાથે સ્નીકર્સ પહેરી શકો છો. ફૂટવેરમાં બેલી જૂતાં પણ ક્લાસી લુક આપશે.

### પેન્ટ અથવા ટ્રાઉઝર સાથે સ્ટાઇલ

ચિકનકારી કુરતાંને કૅરી કરવાની આ પણ એક રીત છે. તમે પેન્ટ અથવા ટ્રાઉઝર સાથે ટ્રાય કરો. બંનેમાંથી જે પણ પહેરો એ એન્કલ લેન્થ હોય એ જરૂરી છે. આ લુકમાં ચિકનકારી કુરતાં બેસ્ટ લુક આપે છે. લુકને એન્હાન્સ કરવા ઈચ્છો તો સાથે સિલ્વર અથવા ઓક્સોડાઈઝ જ્વેલરી કૅરી કરો.

### બેલ્ટની સાથે

ચિકનકારીમાં લૉંગ કુરતી, ફ્રોક અને વન પીસ અવેલેબલ છે. સામાન્ય રીતે તેને બેલ્ટ સાથે પૅર કરવામાં આવતો નથી. એથનિક લુકમાં પણ તમારી સ્ટાઈલને રોક કરવા ઈચ્છો છો તો બેલ્ટને કૅરી કરવો એ ઉત્તમ આઈડિયા છે. એની સાથે સ્નીકર્સ પહેરવાને બદલે બેલી, સેન્ડલ અથવા હિલ્સ પહેરશો તો આકર્ષક લુક મળશે.



# નવા સ્ટાઇલિસ્ટ એન્કલેટ્સથી પગની શોભામાં અભિવૃદ્ધિ કરો

શૃંગારની પૂર્ણતા નખશિખ એટલે કે નખથી લઈને માથા સુધીની હોય છે. પહેલાં ફૂલો અને અત્તરથી શણગાર કરવામાં આવતો હતો, હવે ધાતુનાં ઘરેણાં બનવા લાગ્યાં. એમાં પણ માથાથી લઈને નખ સુધીના દાગીના બન્યા. જેમાં પાયલ અને પછી એન્કલેટ્સનો ટ્રેન્ડ આવ્યો. કૉલેજ ગોઈંગ ગર્લ હોય કે વર્કિંગ વુમન, હાઉસ વાઈફ અને ટીનેજર પણ એન્કલેટ્સની દીવાની છે. સિલ્વર પાયલને બદલે આર્ટિફિશિયલ સ્ટાઈલિશ એન્કલેટ પહેરવાનું ફેશન લવર વધારે પસંદ કરે છે. એન્કલેટની ખાસિયત એ છે કે તે એક જ પગમાં પહેરવામાં આવે છે અને મૉડર્ન ડ્રેસ હોય કે ટ્રેડિશનલ દરેક આઉટફિટની સાથે બેસ્ટ લાગે છે. ભીડમાં અલગ દેખાવવા જેમ ડિફરન્ટ આઉટફિટ કૅરી કરવામાં આવે છે એ જ રીતે એન્કલેટ બેસ્ટ ઓપ્શન છે. સ્કર્ટ, કેપ્રી, જિન્સ, કુરતી એમ દરેક આઉટફિટ સાથે ફિટ થતાં એન્કલેટ પગને અલગ જ લુક આપે છે.



### સિલ્વર એન્કલેટ્સ

પરંપરાગત રીતે પગમાં સિલ્વરના પાયલ પહેરવાનો ટ્રેન્ડ છે. જ્યારથી એન્કલેટનો ટ્રેન્ડ વધ્યો છે ત્યારથી સિલ્વરમાં એન્કલેટ મળવા લાગ્યાં છે. સિલ્વર એન્કલેટમાં હવે ડિફરન્ટ ડિઝાઈન અને વેરાઈટી મળવા લાગી છે. સિલ્વર એન્કલેટ ફક્ત ટ્રેડિશનલ આઉટફિટ સાથે જ પહેરી શકાય એવું નથી. એની ડ્રિઝાઈન એટલી સુંદર હોય છે કે તેને વેસ્ટર્ન ડ્રેસ સાથે પણ કૅરી કરી શકાય છે.

### ડાયમંડ એન્કલેટ્સ

પાર્ટી કે ફંક્શનમાં જવાનું હોય અને ડાયમંડ એરિંગ્સ કે ડાયમંડ પેન્ડન્ટ્સ પહેર્યાં હોય તો સાથે ડાયમંડ એન્કલેટ્સ પહેરવાથી કમ્પ્લિટ લુક મળે છે. ડાયમંડ એરિંગ્સ અને પગમાં ડાયમંડ એન્કલેટ્સ પહેરીને આકર્ષક લુક મેળવી શકાય છે. ઈવનિંગમાં ડેટ પર જાવ ત્યારે પણ ડાયમંડ એન્કલેટ્સ મેચ કરી શકો છો.

### બીડેડ એન્કલેટ્સ

સ્લીકથી સ્ટાઈલિશ એન્કલેટ બધા સાથે મેચ કરે છે. કોડીથી બનેલાં એન્કલેટ, ફ્લાવર ડિઝાઈનવાળા, બીડ્સથી બનાવવામાં આવેલાં એન્કલેટ યુવતીઓમાં હોટ ફેવરિટ છે. એમાં પણ કલરફુલ બીડ્સવાળાં એન્કલેટનો ટ્રેન્ડ વધારે છે, કારણ કે તે બધા આઉટફિટ સાથે મેચ થઈ જાય છે. આ ઉપરાંત પર્લમાંથી બનાવેલાં એન્કલેટ્સની પોપ્યુલારિટી પણ આજકાલ વધી છે. સિલ્વર ચેન અથવા ગોલ્ડન તારમાં પર્લને એડ કરવામાં આવે છે. એક, ત્રણ, પાંચ એમ એકી સંખ્યામાં પર્લને અંદર એડ કરવામાં આવે છે. જે પગની સુંદરતામાં અભિવૃદ્ધિ કરે છે. પર્લની જેમ સિલ્વર અને ગોલ્ડન તારમાં વ્હાઈટ ક્રિસ્ટલ લગાવેલાં એન્કલેટ્સની ડિમાન્ડ પણ છે. આ પ્રકારનાં એન્ક્લેટ રોયલ લુક આપે છે.

આમ, એન્કલેટ્સમાં અનેક વેરાઈટી બજારમાં સરળતાથી મળી જશે. જો એન્કલેટ ખરીદવાં ન હોય તો ઘરે પણ સરળતાથી બનાવી શકાય છે. એ પણ સ્ટોન, પર્લ, ચેન કે કાળા દોરાથી. એમાં તમારાં જૂનાં એરિંગ્સ જેની પૅર ખોવાઈ ગઈ હોય એના પર્લ અને બીડ્સ કાઢીને ઉપયોગ કરી શકાય છે.

# આઈ મેકઅપથી આંખને આપો આકર્ષક લુક

### કન્સીલર અને કોમ્પેક્ટ

આઈ મેકઅપ લાંબા સમય સુધી ટકી રહે એ માટે સૌથી પહેલાં આઈ લીડ પર કન્સીલર લગાવવું જોઈએ. કન્સીલર લગાવ્યા બાદ પાઉડરનો ઉપયોગ કરો. બ્રશની મદદથી આઈ લીડ ઉપર કોમ્પેક્ટ લગાવો જેથી કન્સીલર સેટ થઈ જશે.



### આઈ શેડ્સ

તમારા લિપસ્ટિકના શેડ સાથે મેળ ખાતા રંગના આઈ શેડનો ઉપયોગ કરી શકો. તમે ઈચ્છો તો બેથી ત્રણ શેડસને બ્લેડ કરીને આઈ મેકઅપને વધારે આકર્ષક બનાવી શકો છો. દિવસે લાઈટ શેડવાળા આઈ શેડનો ઉપયોગ કરો. રાત્રે ડાર્ક, સ્મોકી ગ્રે અને બ્રોન્ઝ આઈશેડનો ઉપયોગ કરવાથી આકર્ષક લુક મેળવી શકશો.

### આઈલાઈનર

ઘણી યુવતીઓને આઈલાઈનર લગાવતી વખતે હાથ ધ્રૂજતો હોય છે. પરિણામે પ્રોપર આઈલાઈનર લગાવી શકતી નથી. જો તમને આ સમસ્યા સતાવતી હોય તો લિક્વિડના બદલે પેન્સિલ આઈલાઈનરનો ઉપયોગ કરો. આઈલાઈનર લગાવવા માટે પહેલાં આઈ લેશ લાઈનની ઉપર નાના નાના ડેશ બનાવી દો. પછી તેના ઉપર આઈલાઈનર લગાવશો તો પ્રોપર લાઈનર લગાવી શકશો. કેટ આઈ લુક મેળવવા ઈચ્છતા હોવ તો પહેલાં કાજલ પેન્સિલની મદદથી લાઈન બનાવી દો. પછી એમાં આઈલાઈનર લગાવો. તમારી આંખ નાની હોય અને મોટી લાગે એવું તમે ઈચ્છતા હોવ તો આંખની નીચેની લેશલાઈન પર વ્હાઈટ કાજલ વ્હાઈટ લાઈનર લગાવો.

### આઈ પેન્સિલ અને મસ્કારા

કાજલ ઘણી વખત સ્પ્રેડ થતું હોય છે. જેનાથી આઈ મેકઅપ ખરાબ લાગે છે. આવું ન થાય એટલે કાજલ લગાવ્યા બાદ પાતળા બ્રશથી ન્યુટ્રલ ટોનનો આઈશેડ લઈ નીચેની આઈલીડ ઉપર હળવા હાથે લગાવો. પછી છેલ્લે મસ્કારા લગાવો.

### આઈ મેકઅપની સ્માર્ટ ટિપ્સ

સારી ક્વોલિટીની આઈ મેકઅપ પ્રોડક્ટનો જ ઉપયોગ કરો જેથી આંખને નુકસાન ન થાય. આઈ મેકઅપ ક્રીમ બેઝ્ડ જ રાખો. પાઉડર બેઝ્ડ મેકઅપ આંખની અંદર જઈ શકે છે, જેનાથી આંખમાં ખંજવાળ આવી શકે છે.

# પરફેક્ટ લુક મેળવવા ચહેરાના આકાર અનુસાર સનગ્લાસીસ પહેરો

સનગ્લાસીસ ફેશન એક્સેસરીઝનો એક ભાગ બની ગયો છે. જે આંખને ગરમી અને ડસ્ટથી બચાવે છે અને લુકમાં પણ નિખાર લાવે છે. આજકાલ રંગબેરંગી અને સ્ટાઈલિશ ફ્રેમવાળા સનગ્લાસીસનું ચલણ છે. સનગ્લાસ તમારા ચહેરા પર સૂટ કરે છે કે નહીં, એ પણ ચકાસવું જોઈએ. સનગ્લાસીસમાં પરફેક્ટ લુક મેળવવા ઈચ્છો છો તો સનગ્લાસીસની પસંદગી ચહેરાના શેપ અનુસાર કરવી જોઈએ. એનાથી તમે તમારા લુકને વધારે સ્ટાઈલિશ બનાવી શકો છો. ઘણી વખત એવું બને છે કે યુવતીઓને ખબર જ નથી હોતી કે તેમના ઉપર કેવા પ્રકારનાં ચશ્માં સૂટ કરશે. તો આજે ચહેરા મુજબ કેવી રીતે સનગ્લાસીસની પસંદગી કરી શકાય એ જાણીએ.

### ગોળ ફેસ

જેમના ચહેરાનો આકાર ગોળ છે તેમના માટે રાઉન્ડ શેપ સનગ્લાસીસ બેસ્ટ ઓપ્શન છે. આ પ્રકારના સનગ્લાસીસ પહેરવાથી ચહેરો ભરાવદાર લાગે છે. તમે એંગલ્ડ ચશ્માં પણ પહેરી શકો છો. ચહેરાને લાંબો બતાવવો હોય તો નેરો આઇગ્લાસ ફ્રેમ ખરીદવી જોઇએ. આ ઉપરાંત કેટ આઇવાળાં ચશ્માં પણ ગોળ ચહેરા ઉપર સૂટ થાય છે. સેમી રિમલેસ સ્ટાઇલ પણ ટ્રાય કરી શકો છો.

**ઓવલ ફેસ :** જે યુવતીનો ચહેરો ઓવલ શેપ છે તેઓ વોલનટ શેપ ફ્રેમ કેરી કરી શકે છે. આ પ્રકારની ફ્રેમ ચહેરાને લાંબો દેખાડવામાં મદદ કરે છે. ઓવલ ફેસ પર થોડી મોટી સાઇઝના સનગ્લાસીસ પહેરવાનું ટાળવું જોઇએ. એ તમારી સુંદરતાને ખતમ કરી દેશે. આવા ચહેરા પર રેક્ટેન્ગલ, ઓવલ, રાઉન્ડ, બટરફ્લાય ફ્રેમના સનગ્લાસીસ સ્ટાઇલિશ લાગે છે. ટૂંકમાં, ઓવલ ફેસ ઉપર સામાન્ય રીતે મોટાભાગના સનગ્લાસીસ સૂટ થાય છે.

**ડાયમંડ શેપ :** જે યુવતીઓનો ચહેરો ડાયમંડ આકારનો હોય તેમના ફેસ ઉપર રેક્ટેંગલ શેપના સનગ્લાસીસ પરફેક્ટ લાગે છે. આ પ્રકારના શેપવાળા લોકોએ કેટ આઇવાળાં ચશ્માં ક્યારેય ન પહેરવાં જોઇએ. ડાયમંડ ફેસ ઉપર સૂટ નહીં કરે. ડાયમંડ શેપ ઉપર વધારે પડતાં મોટા કે વધારે પડતાં નાની સાઇઝના સનગ્લાસીસ કરતાં મીડિયમ સાઇઝના સનગ્લાસીસ વધારે સૂટ કરે છે.

### સ્કવેર શેપ

ચહેરાની લંબાઇ અને પહોળાઇ એકસમાન હોય તો સ્કવેર ફેસ બને છે. આવા ચહેરા પર સ્કવેર શેપના મોટા સનગ્લાસીસ આકર્ષક લાગે છે. આ પ્રકારના ફેસ પર કલર ફ્રેમવાળા ગ્લાસીસ, ઓવલ, રાઉન્ડ અને ટિયરડ્રોપ શેપમાં ખરીદી શકો છો. તમે તમારી જાતને અલગ અંદાજ આપવા ઇચ્છો છો તો એ માટે ઓવલ શેપના મોટા સનગ્લાસીસનો ઉપયોગ પણ કરી શકો છો. જેમનો ફેસ સ્કવેર શેપ છે તેમના ચહેરા ઉપર દરેક પ્રકારના સનગ્લાસીસ સૂટ કરતાં નથી એ વાતનું

# રૂપાલા સામે ક્ષત્રિયોની નવી રણનીતિ : 4 મહાસંમેલનની તૈયારી

**અમદાવાદ**

ક્ષત્રિય સંકલન સમિતિના પ્રવક્તા કરણસિંહ ચાવડાએ પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે, તાલુકા દીઠ અને વોર્ડ દીઠ મિટિંગો કરવામાં આવી રહી છે. દરરોજ રાત્રી સભાઓ કરી મતદારોને સમજાવવાના પ્રયાસો કરીએ છીએ. ક્ષત્રિય સમાજ સાથે અન્ય સમાજના લોકોને પણ જોડી રહ્યા છીએ. આંદોલનના પાર્ટ 2ની શરૂઆત કરી છે. જેમાં ધર્મરથ દ્વારકા, રાજકોટ, સુરેન્દ્રનગર સહિતના જિલ્લાઓમાંથી પ્રસ્થાન કરવામાં આવ્યો છે. ભાજપના નેતાઓ હજુ પણ ક્ષત્રિય સમાજનું અપમાન કરી રહ્યા છે. આમ, કરણસિંહ ચાવડાએ પરસોત્તમ રૂપાલા કરતા પણ ખરાબ વાત કિરીટ પટેલે કરી હોવાનું કહ્યું હતું. તેમણે વધુમાં કહ્યું કે, આગ લગાડવાનું કામ ભાજપ કરી રહ્યું છે, પણ ક્ષત્રિયો સંયમ સાથે મતદાન સુધી સંયમ રાખશે. તેના બાદ અમારા સંમેલન કરીશું. જેમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડશે. 27 એપ્રિલના મહેસાણાના વિસનગરમાં સંમેલન યોજાશે. ગુજરાત સ્થાપના દિવસે 1 મેના રોજ આણંદમાં મહાસભા અને મહાસંમેલન યોજાશે. 2 મેના રોજ જામનગરમાં ક્ષત્રિય સમાજનું મહાસંમેલન યોજાશે. જેમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડશે.

## રાજકોટમાં સંકલન સમિતિએ ભાજપ વિરુદ્ધ મતદાન કરાવવા કાર્યાલય ખોલ્યું

રાજકોટ : રાજકોટમાં એ.જી.ચોકમાં ક્ષત્રિય સમાજે તારીખ સાત મેના લોકસભા ચૂંટણીને અનુલક્ષીને મધ્યસ્થ કાર્યાલય ખોલ્યું છે અને શહેરના તમામ 18 વોર્ડમાં 18 કાર્યાલયો તથા સૌરાષ્ટ્રની તમામ બેઠકો પર આ રીતે કાર્યાલયો ખોલીને મત એ જ શસ્ત્ર એવા સૂત્ર સાથે ભાજપ વિરૂદ્ધ મતદાન માટેની લડત આરંભી છે.

## ક્ષત્રિયોને ડરાવવા પ્રયાસ થતાં આક્રોશ

ચાણસ્માના વસઈ ખાતે રાજપૂત સમાજના સંમેલનમાં ઈન્દ્રવિજય ગોહિલે કહ્યું હતું કે, રાજ્યના ગૃહમંત્રીનું નામ લીધા વગર કહ્યું હતું કે, રાજ્યમાં એક પાંચ ફૂટના નેતા સમાજને ડરાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેઓ કહે છે કે, ચૂંટણીમાં અમારું પરિણામ સારું નહીં આવે તો તમો પણ પરિણામ ભોગવવાની તૈયારી રાખજો. જો કે, આવા નેતાઓથી સમાજે ડરવાની કોઈ જરૂર નથી.

## હિંમતનગરમાં હર્ષ સંઘવીને રોકડું પખાવ્યું, ભાજપ વિરૂધ્ધ મતદાન કરીશું

બુધવારે હિંમતનગર નજીક આવેલ એક હોટલમાં ક્ષત્રિયો સાથે બેઠક કરવા ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી આવી પહોંચ્યા હતા. દરમ્યાન ક્ષત્રિયોનો રોષ ઠંડો પાડવાના પ્રયાસ કરાયા હતા. પરંતુ આ ક્ષત્રિય આગેવાનોએ ગૃહમંત્રી, રત્નાકરજી, હિંમતનગરના ધારાસભ્ય, જિલ્લા ભાજપના પ્રમુખ કનુભાઈ પટેલ સહિત અન્ય અગ્રણીઓની ઉપસ્થિતિમાં રોકડુ પરખાવી દીધુ હતુ કે મતદાનના દિવસે અમો ભાજપ વિરૂધ્ધ મતદાન કરીશું.

# પોરબંદરના રાણાવડવાળામાં પતિની હત્યાની ઘટનાથી વાકેફ પત્નીની 7 વર્ષ સુધી ચુપકીદી

**પોરબંદર**

પોરબંદરના રાણાવડવાળા ગામે સાત-સાત વર્ષથી ગુમ યુવાનની હત્યા થયાનું અને તેની લાશને ગામના તળાવ પાસે દાટી દેવામાં આવ્યા બાદ હવે માનવ કંકાલ મળ્યા પછી પોલીસ તપાસમાં હવે એવું ખુલ્યું છે કે પત્ની બનાવના ચાર-પાંચ દિવસ પછીથી જ જાણતી હતી છતાં હત્યારાએ ધમકી આપી હોવાથી ડરને કારણે ચૂપ રહી હતી. આ વાત ગળે ઉતારવી પોલીસને પણ અઘરી પડતી જાય છે છતાં તપાસમાં જે કોઈના નામ ખુલશે તેની સામે કાર્યવાહી થશે. હાલ ત્રણ લોકો સામે હત્યાનો ગુનો નોંધાયો છે.

રાણાવડવાળાના ખારા નેશમાં રહેતા અને મોરબી હાઈવે પર ટ્રાન્સપોર્ટનો ધંધો કરતા રાણા દેવરાજ કોડીયાતર નામના યુવાને રાણાવાવ પોલીસ મથકમાં ફરિયાદ લખાવીને જણાવ્યું છે કે, ડિસેમ્બર-૨૦૧૭માં એવુ જાણવા મળ્યું કે તેના મોટાબાપાનો દીકરો પરબત ઉર્ફે ગગુ ડેરીએ દૂધ આપવા ગયા બાદ ગુમ થઈ ગયો હતો. ગત તા.૧૯ના ફરિયાદી તેનાં ભાભી માલીબેનના ઘરે ગયો અને ઘર ખર્ચ તથા બાળકો બાબતે પુછતા માલીબેન રડવા લાગ્યા હતા અને કહ્યું હતું કે 'હું બહુ જ દુઃખી છું. 'મારો પતિ પરબત ગુમ થયા પછી ચાર-પાંચ દિવસ બાદ ભીખા સેજા ઉલવા મારા ઘરે આવ્યો હતો અને કહ્યું હતું કે, તારા પતિ પરબતને મે તથા આપણા જ ગામના રાજુ મસરી મોરી અને મોકર ગામના રામજી રાજા લગધીરે મારી નાખ્યો છે. હવે તારે મારી થઈને જ રહેવાનું છે અને જો આ વાત તું કોઈને કરીશ તો તને અને તારા છોકરાવને પણ મારી નાખીશ તેવી ધમકી આપીને ભીખો જતો રહ્યો હતો.'

# મીટિંગ કરો કે જમણવાર, પદ-પૈસા બધુ આપ્યું, હવે ભાજપનું કરજ ચુકવો

**અમદાવાદ**

ભાજપે અત્યાર સુધી જે જે ક્ષત્રિયોને મોટા પદ આપીને બેસાડ્યા હતા. તે તમામ ક્ષત્રિય નેતાઓ જેમના વિરોધીઓએ ભાજપૂતનું નામ આપ્યું છે તે તમામ નેતાઓ હવે સમાજની સામે જ ભાજપે કામે લગાવ્યાં છે. તેઓને સ્પષ્ટ સુચના આપી દેવાઈ છેકે, પદ-પૈસા, પ્રતિષ્ઠા બધુ આપ્યું અત્યાર સુધી હવે ભાજપનું કરજ ચુકવવાનો સમય છે. ગમે તેમ કરીને ક્ષત્રિય સંકલન સમીતિ અને તેમના દ્વારા થઈ રહેલાં વિરોધ પ્રદર્શનોને રોકવાની જવાબદારી ભાજપે પોતાના ક્ષત્રિય નેતાઓને સોંપી દીધી છે. ભાજપના ક્ષત્રિય નેતાઓની સ્થિતિ હાલ એવી છેકે, જાયે તો જાયે કહાં. એક તરફ સમાજ છે, તો બીજી તરફ રાજકીય પક્ષ અને કારકિર્દી. એવી પણ સમજાવટ કરવામાં આવી છેકે, ગમે તેમ કરીને આ વિવાદનો અંત લાવી ચૂંટણી પાર પાડવાની છે. બીજા શબ્દોમાં કહીએ તો ભાગલા પાડો રાજ કરોની નીતિ અપનાવાઈ છે. ભાજપૂતો સમાજમાં દેખાડશે હવે પોતાનો પાવર. સંકલન સમિતી સામે હવે ભાજપના ક્ષત્રિય નેતાઓને ઉભા કરવામાં આવી રહ્યાં છે. ઉપરથી સ્પષ્ટ સુચના અપાઈ છે ગમે તેમ કરીને સમાજને મનાવો, મીટિંગો કરો કે જમણવાર કરો.

# ભાવનગર પંથકમાં 400થી વધુ દર્દી પાર્કિન્સન રોગથી પીડિત : રિપોર્ટ

**ભાવનગર**

સામાન્ય રીતે ૧૧ એપ્રિલને વિશ્વ પાર્કિન્સન દિવસ તરીકે ઉજવાય છે. તો સાથો સાથ આખા એપ્રિલ મહિનાને જાગૃતિ માટે ઉજવાય છે. વિશ્વમાં ૧ કરોડ, ભારતમાં ૧૦ લાખ અને ભાવનગરમાં ૪૦૦થી વધુ દર્દી આ રોગમાં સપડાયા છે. ગુજરાતભરમાં માત્ર ભાવનગરને ૨૦૧૩ પ્રથમ કેન્દ્ર પીએનઆરમાં અપાયું છે અને ૫૦૦ જેટલા સેશન થયા છે.

પાર્કિન્સન રોગ એટલે ખાલી હાથની ધ્રુજારી જ નથી પાર્કિન્સન રોગ ધ્રુજારીથી ઘણું વધારે છે. એક સંશોધન મુજબ વિશ્વમાં અત્યારે ૧ કરોડથી પણ વધુ લોકો, જ્યારે ભારત દેશમાં ૧૦ લાખથી વધુ લોકો આ રોગથી પીડાય છે. ૧૧ એપ્રિલને વિશ્વ પાર્કિન્સન દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આમ તો આખા એપ્રિલ મહિના દરમિયાન વિશ્વમાં આ રોગ માટે કામ કરતી સંસ્થાઓ રોગ વિષે જાગૃતિ ફેલાવવા જુદા જુદા કાર્યક્રમો યોજતી હોય છે. એપ્રિલ મહિનો આપણને પાર્કિન્સન રોગ વિષેની જાગૃતિ ફેલાવવા માટેની તક આપે છે. પાર્કિન્સન રોગ ડિજનરેટિવ ન્યુરોલોજીકલ ડિસઓર્ડર છે.

# 'સિંહોનાં મોત અંગે અધિકારીઓ મગજ બંધ રાખી તપાસ કરી રહ્યા છે' : હાઈકોર્ટ લાલઘૂમ

**અમદાવાદ**

અકસ્માતમાં સિંહોના મોત મામલે ગુજરાત હાઈકોર્ટે અધિકારીઓનો ઉધડો લીધો છે. કોર્ટે સ્પષ્ટ કરી દીધું છેકે, તે અધિકારીઓ દ્વારા આપવામાં આવેલાં તપાસ રિપોર્ટથી અસંતુષ્ટ છે. અધિકારીઓની તપાસ માત્ર નામ પુરતી જ હોવાનું પણ કોર્ટે નોંધ્યું છે. ઉલ્લેખનીય છેકે, ગીરના જંગલ-અભયારણ્ય ક્ષેત્રમાં સિંહોના મોત મામલે ગુજરાત હાઈકોર્ટ દ્વારા દાખલ કરાયેલી જાહેર હિતની અરજીની સુનાવણી દરમિયાન જાન્યુઆરી મહિનામાં ત્રણ સિંહોનાં મોતને લઈ હાઈકોર્ટે માંગેલા ઈન્કવાયરી રિપોર્ટ અનુસંધાનમાં વનવિભાગ અને રેલ્વે ઓથોરીટી દ્વારા ખુલાસા અને જવાબથી હાઈકોર્ટના ચીફ જસ્ટિસની ખંડપીઠે ભારે અસંતોષ વ્યકત કર્યો હતો.

રિપોર્ટ અંગે ચીફ જસ્ટિસની ખંડપીઠે ટકોર કરી હતી કે, એક જ મહિનામાં ત્રણ સિંહોના ટ્રેન અકસ્માતમાં મૃત્યુની ઘટના નોંધાવા છતાં તેની ગંભીરતા ધ્યાને લીધા વિના રેલવે ઓથોરિટી કે વનવિભાગે યોગ્ય તપાસ કરી નથી. અધિકારીઓએ જાતે કોઈ જ પગલાં લીધા નથી. ઉચ્ચ અધિકારીઓ એરકન્ડિશન્ડ ઓફિસમાં બેસીને મગજનો ઉપયોગ કર્યા વિના કામ કરતાં હોય તેમ જણાય છે. હાઈકોર્ટે આ સમગ્ર મામલે હવે રેલ્વે વિભાગ અને વન વિભાગના સેક્રેટરીના વડપણ હેઠળ ઉચ્ચ સ્તરીય સમિતિ નીમી તપાસ કરાવવાની ચીમકી ઉચ્ચારી હતી. સિંહોનાં મોત મામલે હાઈકોર્ટે માંગેલા ઈન્કવાયરી રિપોર્ટ અનુસંધાનમાં રેલ્વે અને વન વિભાગ દ્વારા રિપોર્ટ રજૂ કરાયો હતો.

## રાજકોટમાં હાર્ટ એટેકનો સિલસિલો, ભાજપ નેતા સહિત વધુ ચાર યુવાનોના મૃત્યુ

**રાજકોટ**

રાજકોટમાં ગત બે દિવસમાં ચાર યુવાનોના હૃદય બંધ પડી જતા મોત નીપજ્યા છે. ભવાનીનગર શેરી નં.4, રામનાથ પરામાં રહેતા સંજય ભરતભાઈ પરમાર (ઉ.વ. 30) નામના યુવાન ગઈકાલે રાત્રિના સુતા બાદ સવારે જગાડતા તે બેભાન હોય સિવિલમાં લાવતા મૃત્યુ પામેલ જાહેર કરાયા છે. ઉપરાંત કિરણબેન ચંદ્રેશભાઈ રાજા તેમના ઘરે બેભાન થઈ જતા હોસ્પિટલે ખસેડતા તેમનું મૃત્યુ નીપજ્યું હતું. વધુમાં ભાજપના આગેવાન રત્નાભાઈ દેવશીભાઈ કાલોતરાને છાતીમાં દુઃખાવો ઉપડતા સિવિલમાં લાવતા મૃત્યુ પામેલ જાહેર કરાયા હતા. અન્ય ઘટનામાં શાકભાજીનો ધંધો કરતા અજય શ્યામનારાયણ ગોસ્વામીનું પણ હાર્ટ એટેકથી મૃત્યુ થયાનું ગાંધીગ્રામ પોલીસની તપાસમાં ખુલ્યું છે.

# જોડિયામાં તસ્કરો ચોરી કરવા ઘૂસ્યા અને વેપારી જાગી જતા હત્યા કરાઈ

**જામનગર**

જામનગર જિલ્લાના જોડીયા પંથકમાં પાંચ દિવસ પહેલાં એક વેપારીની લૂંટાના ઈરાદે હત્યા કરાઈ હતી. જે હત્યાના બનાવનો ભેદ એલસીબીની ટુકડીએ ઊંડાણપૂર્વકની તપાસના અંતે ઉકેલી નાખ્યો છે અને જામનગરના જ બે હત્યારા શખ્સોની અટકાયત કરી લઈ તેઓ પાસેથી ચોરાઉ બાઈક, રોકડ રકમ અને મોબાઈલ ફોન સહિતનું સાહિત્ય કબજે કર્યું છે. બંને હત્યારાઓ ચોરી કરવાના ઈરાદે દુકાનમાં ઘૂસ્યા હતા, દરમિયાન વેપારી જાગી જતાં તેની હત્યા કરી નાખ્યાની કબુલાત આપી છે.

જોડિયા તાલુકાના તારાણાં ધાર વિસ્તારમાં રહેતા ભુપેન્દ્રસિંહ નિમુભા જાડેજા નામના ૪૦ વર્ષના યુવાનની ગત ૧૮.૪.૨૦૨૪ ના દિવસે હત્યા થઈ હતી. જે પ્રકરણમાં એલસીબી ની ટુકડીએ તપાસમાં ઝુકાવ્યું હતું. એલસીબી ની તપાસ દરમિયાન કેટલાક સીસીટીવી કેમેરાઓના ફૂટેજ નિહાળ્યા પછી ડબલ સવારી બાઈકમાં બે શખ્સો આવ્યા હોવાનું અને તેના દ્વારા જ ચોરી-લૂંટ થઈ હોવાનું અનુમાન લગાવી તપાસનો દોર આગળ ધપાવ્યો હતો.

જામનગરમાં ધરારનગર -1માં રહેતા અસલમ ફરીદભાઈ કકકલ અને મચ્છર નગરમાં રહેતા જતીન અશોકભાઈ ભટ્ટી ની અટકાયત કરી લીધી છે.

## ભાજપના નેતાઓનો બેફામ વાણીવિલાસ, ભૂપત ભાયાણીએ રાહુલ ગાંધીને નપુંસક કહ્યાં

**વિસાવદર**

ભાજપના વધુ એક નેતાનો બફાટ સામે આવ્યો છે. પૂર્વ ધારાસભ્ય ભૂપત ભાયાણીએ ભાજપ કાર્યાલયના ઉદઘાટન પ્રસંગે રાહુલ ગાંધીને નપુંસક ગણાવ્યા છે. ત્યારે દેશભરમાં કોંગ્રેસી કાર્યકર્તાઓમાં ભૂપત ભાયાણી સામે રોષ જોવા મળ્યો છે. ભાજપના નેતા અને પૂર્વ ધારાસભ્ય ભુપત ભાયાણીનો બફાટ હાલ વાયરલ થયો છે. વિસાવદર ખાતે ભાજપ કાર્યાલયના ઉદ્ઘાટન પ્રસંગે વિવાદિત નિવેદન આપતા ભૂપત ભાયાણીએ રાહુલ ગાંધીને નપુંસક કહ્યાં છે. તેમણે કહ્યુ હત કે, રાહુલ ગાંધી જેવા નપુંસક વ્યક્તિના હાથમાં દેશની કમાન કેવી રીતે આપી શકાય. જોકે, આ બાદમાં તેમણે પ્રતિક્રીયા આપતા કહ્યું કે, રાહુલ ગાંધી માટે મારો શબ્દ પ્રયોગ ચૂંટણીલક્ષી પ્રચારનો એક ભાગ છે.

# લોકસભાની 25 બેઠકો માટે 266 મુરતિયા મેદાને

## વિધાનસભાની 5 સીટોની પેટાચૂંટણી માટે કુલ 24 ઉમેદવારો વચ્ચે મુકાબલો

**અમદાવાદ**

ગુજરાતમાં આગામી 7 મેના રોજ એક જ તબક્કામાં લોકસભાની 25 બેઠકો માટે મતદાન થશે, આ ઉપરાંત વિધાનસભાની પાંચ બેઠકોની પેટા ચૂંટણી પણ તે દિવસે જ યોજાશે. ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવેલી તૈયારીઓ અંગે મુખ્ય ચૂંટણી અધિકારી પી. ભારતીએ જણાવ્યું હતું કે 15 માર્ચ 2024 સુધીમાં અરજી કરનાર તમામ નાગરિકોને EPIC કાર્ડનું વિતરણ કરી દેવામાં આવ્યું છે. આગામી 27 એપ્રિલના રોજ અમદાવાદ ખાતે બીજો સ્ટેટ લેવલ પોસ્ટલ બેલેટ એક્સચેન્જ ફેર યોજાશે. જાન્યુઆરી-2024માં પ્રસિદ્ધ થયેલી મતદાર યાદીની સાપેક્ષે કુલ 3 લાખ કરતાં વધુ મતદારો નોંધાયા છે.

તા.22 એપ્રિલના રોજ પ્રસિદ્ધ થયેલી હરિફ ઉમેદવારોની યાદી પ્રમાણે લોકસભાની ચૂંટણી માટે કુલ 266 ઉમેદવારો તેમજ વિધાનસભા પેટાચૂંટણી માટે કુલ 24 ઉમેદવારો વચ્ચે ચૂંટણી યોજાશે. લોકસભાની સામાન્ય ચૂંટણી-2024 તથા વિધાનસભાની 05 બેઠકોની પેટાચૂંટણી માટે મતદાન તા.07 મે, 2024 ના રોજ યોજાનાર છે. જેમાં રાજ્યના 4,97,68,677 મતદારો મતદાન કરી શકશે. આખરી મતદાર યાદીમાં 18 થી 19 વર્ષની ધરાવતા 12,20,438 મતદારો પ્રથમ વખત મતદાન કરી શકશે.

## સૌરાષ્ટ્ર-કચ્છમાં આઠ બેઠકો માટે 92 ઉમેદવારો

**રાજકોટ :** સોમવારે ઉમેદવારી પત્રક પરત ખેંચવાના અંતિમ દિવસે સાંજે ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થયું છે. સૌરાષ્ટ્ર કચ્છની 8 બેઠકો માટે હવે 92 ઉમેદવારો મેદાનમાં રહ્યા છે જેમાં માત્ર ભાવનગર બેઠક પર ભાજપ વિરૂધ્ધ આમ આદમી પાર્ટીનો જંગ થશે જ્યારે બાકીની તમામ 7 બેઠકો ઉપર ભાજપ-કોગ્રેસ વચ્ચે સીધો જંગ થશે. આમ, પ્રથમવાર ઈન્ડિયા ગઠબંધન ચૂંટણી લડી રહી છે અને વર્ષો બાદ ફરી સૌરાષ્ટ્રાં દ્વિપાંખિયો ચૂંટણી જંગ નિશ્ચિત બન્યો છે. ગત ચૂંટણીમાં 130 સામે આ વર્ષે 38 ઓછા એટલેકે 92 ઉમેદવારો ચૂંટણી લડશે. છેલ્લી સ્થિતિ મૂજબ કોંગ્રેસના 7, ભાજપના 8, આમ આદમી પાર્ટીના 1, બસપાના 8 સહિત કૂલ 46 ઉમેદવારો રાજકીય પક્ષના તથા 46 અપક્ષ ઉમેદવારો હવે મેદાનમાં રહ્યા છે. કૂલ 92 ઉમેદવારોમાં માત્ર 6 મહિલા ઉમેદવારો છે.

# પોલીસ જાસૂસીકાંડ : બૂટલેગરની વિગતો જાહેર કરવામાં ઠાગાઠૈયા

**વડોદરા**

સેવાસી ગામ તરફ જતી કેનાલ નજીક વિદેશી દારૂનું મોટેપાયે કટિંગ કરવામાં આવી રહ્યું હોવાની વિગતોને પગલે સ્ટેટ મોનિટરિંગ સેલે ત્રણ મહિના પહેલા દરોડો પાડયો હતો. પોલીસે સ્થળ પરથી ચાર આરોપીઓને ઝડપી પાડયા હતા. લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા આ કેસની તપાસ જવાહનર નગર પોલીસને સોંપવામાં આવી હતી. આ કેસમાં પરેશ ઉર્ફે ચકો પણ વોન્ટેડ હતો. જેથી, જવાહર નગર પોલીસે તેની ટ્રાન્સફર વોરંટના આધારે ધરપકડ કરી ગત ૧૯ મી તારીખે વડોદરા લઇ આવી હતી. પોલીસે તપાસ માટે તેનો એક દિવસનો રિમાન્ડ પણ મેળવ્યો હતો. રિમાન્ડ પૂરો થયા પછી તેને ફરીથી ભરૂચને સોંપી દેવામાં આવ્યો હતો. પરેશ ઉર્ફે ચકા સામે ૨૭ ગુનાઓ નોંધાયા છે. તેની પાસા હેઠળ પાંચ વખત અટકાયત કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, પરેશ ઉર્ફે ચકા જેવા મોટા બૂટલેગર કે જેણે સ્ટેટ મોનિટરીંગ સેલના અધિકારીઓના મોબાઈલ ફોન ભરૂચ પોલીસની મદદથી ઓબ્ઝર્વેશન કર્યા હતા. તે આરોપી પકડાઈને પરત જતો રહેવા છતાંય પોલીસે તેની કોઇ માહિતી જાહેર કરી નહતી.

# સુરતમાં નિલેશ કુંભાણી વોન્ટેડના બેનર લાગ્યા

સુરત : સુરતની બેઠક બિનહરીફ થયા બાદ કોગ્રેસ ઉપરાંત આમ આદમી પાર્ટી દ્વારા વિરોધ નોંધાવવામાં આવી રહ્યો છે. ગઈકાલે જ કુંભાણીના ઘરે જઈને કોંગ્રેસના કેટલાક કાર્યકરોએ ઘરની બહાર પોસ્ટર ચિપકાવીને વિરોધ દર્શાવ્યો હતો. આપના નેતા અને પૂર્વ કોંગ્રેસના કોર્પોરેટર દિનેશ કાછડીયાએ હીરાબાગ સર્કલ પાસે બ્રિજ પર નિલેશ કુંભાણીના પોસ્ટર લગાવ્યા હતા. પોસ્ટરમાં લોકતંત્રનો હત્યારો, ગદ્દારનો ઉલ્લેખ કરાયો છે. કુંભાણીએ સુંરત લોકસભા મત વિસ્તારના ૧૯ લાખ મતદારોનો હક છીનવી લીધો છે.

# અમદાવાદથી સાળંગપુર હનુમાન જવા હેલિકોપ્ટરની સુવિધા શરૂ થશે

## સુવિધા શરૂ થયા બાદ માત્ર 40 મિનિટમાં જ પહોંચી શકાશે

**અમદાવાદ**

અમદાવાદથી સાળંગપુર દર્શને જતા શ્રદ્ધાળુઓ માટે સારા સમાચાર છે. અહેવાલો અનુસાર, કાંકરિયાથી સાળંગપુર મંદિર સુધી ડેઈલી હેલિકોપ્ટર સુવિધા શરૂ થવા જઈ રહી છે. હાલ અમદાવાદથી સાળંગપુર પહોંચતા અઢી કલાકથી વધુનો સમય લાગે છે. જો કે, આ હેલિકોપ્ટર સુવિધા શરૂ થયા બાદ માત્ર ૪૦ મિનિટમાં જ પહોંચી શકાશે. મળતી માહિતી અનુસાર, યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા અમદાવાદથી સાળંગપુર સુધી હેલિકોપ્ટર રાઈડ મે મહિનામાં શરૂ કરી શકે છે. સાળંગપુર હનુમાનજી મંદિર તરફથી મંદિરથી ૭૦૦ મીટરના અંતરે બે હેલિપેડ બનાવાયા છે.આ હેલિકોપ્ટરમાં છ લોકોની સિટિંગની ક્ષમતા હશે. યાત્રાધામ વિકાસ બોર્ડ શ્રી નાથજી, અંબાજી, પાલીતાણા, સાળંગપુર, સોમનાથ, વડનગર, નડાબેટ, સ્ટેચ્યુ ઓફ યુનિટી તેમજ તલગાજરડા સહિતના યાત્રાધામોમાં હેલિકોપ્ટર રાઈડ શરૂ થઈ શકે છે.

# 14 લોકસભા બેઠકો પર PM મોદી પ્રચાર કરશે

**અમદાવાદ**

પીએમ મોદી ઉત્તર ગુજરાતની 5 બેઠકોથી પ્રચારની શરૂઆત કરશે. જેમાં પીએમ ગુજરાતના સ્થાપના દિને (1 મે) ડીસા અને હિંમતનગરથી પ્રચારના શ્રી ગણેશ કરશે. પીએમ મોદી પહેલી મેના રોજ બપોરે 3.30 વાગે ડીસા એરોડ્રોમ ગ્રાઉન્ડમાં સભા ગજવશે, જ્યારે બીજી સભા 5.15 વાગે હિંમતનગરના મોદી ગ્રાઉન્ડમાં યોજશે. તેવી રીતે 2જી મેના રોજ પીએમ મોદી આણંદ, વઢવાણ, જૂનાગઢ, જામનગર દક્ષિણમાં સભાઓ ગજવશે. બીજા દિવસે 11 વાગે આણંદના શાસ્ત્રી ગ્રાઉન્ડમાં સભા ગજવશે. ત્યારબાદ 1 વાગે વઢવાણમાં ત્રિમંદિર ગ્રાઉન્ડમાં સભા ગજવશે. 3.30 વાગે જૂનાગઢમાં કૃષિ યુનિવર્સિટી અને 5 વાગે જામનગરમાં પ્રદર્શન ગ્રાઉન્ડમાં સભાઓ ગજવશે.

# ગુજરાતમાં ભાજપને 40 લાખ મતનો એક સામટો ફટકો પડવાના એંધાણ

## ટેટ-ટાટ પાસ ઉમેદવારોની સોશિયલ મિડીયા ઉપર ઝૂંબેશ

**ભુજ**

ગત વર્ષથી કાયમી શિક્ષકોની ભરતી બાબતેની રજૂઆત અંગે સરકાર દ્વારા કોઈ હકારાત્મક અભિગમ અપનાવવામાં ન આવતા અને ૧૧ માસ ના કરાર આધારિત જ્ઞાન સહાયક યોજના અમલમાં મૂકી દેવામાં આવતા, સમગ્ર રાજ્યમાં ટેટ ટાટ પાસ ઉમેદવારો તેમજ તેમના પરિવારજનો પણ નારાજગીનો સુર પુરાવી રહ્યા છે. હાલમાં સોશિયલ મીડિયા મારફતે, રાજ્યના દરેક જિલ્લા વાઈસ વોટસએપ ગુરપ,મેસેન્જર, ટેલિગ્રામ જેવા ગુરપના માધ્યમથી સતાપક્ષની સામેના ઉમેદવારોને મત આપવાનો નિર્ધાર વ્યકત કરવામાં આવી રહ્યો છે. દેખીતી રીતે ૭૮,૦૦૦ જેટલા ટેટ ટાટ પાસ ઉમેદવારો ઓછામાં ઓછા ૫૦ મતોનું ધ્રુવીકરણ કરાવે અને સત્તા પક્ષની સામેના ઉમેદવારોને મત આપવામાં મહત્વની ભૂમિકા ભજવે તો, આગામી લોકસભાની ચૂંટણીમાં ૭૮૦૦૦ * ૫૦ = ૩૯૦૦૦૦૦ મતોથી સત્તા પક્ષને હાથ ધોવા પડશે. આયોજન મુજબ ટેટ ટાટ પાસ ઉમેદવારો પણ આ રીતે જ સત્તાપક્ષ સામેના ઉમેદવારોને મતદાન કરશે તો ૪૦ લાખ જેટલા મત સામેના ઉમેદવારોને મત મળશે.

# ગુજરાતમાં પ્રચાર માટે આવશે રાહુલ ગાંધી અને પ્રિયંકા

**ગાંધીનગર**

ગુજરાતમાં મતદારોને આકર્ષવા માટે રાહુલ અને પ્રિયંકા ગાંધી ઉપરાંત કોંગ્રેસના વર્તમાન અને પૂર્વ મુખ્યમંત્રીઓ, સ્ટાર પ્રચારકોની સભાનું આયોજન કર્યું છે. કેન્દ્રીય નેતાઓની સભાની સાથોસાથ યુવા વર્ગને આકર્ષવા માટે મહિલા કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષા અલકા લાંબા અને કનૈયાકુમારને પણ બનાસકાંઠા અને રાજકોટ બેઠક પર પ્રચારમાં ઉતારાશે. રાહુલ ગાંધી ૨૯મી એપ્રિલે પાટણમાં જ્યારે પ્રિયંકા ગાંધી ૨૭ એપ્રિલે વલસાડના ધરમપુર ખાતે જાહેરસભાને સંબોધીને ગુજરાતમાં ચૂંટણી પ્રચારનો બ્યૂગલ ફૂંકશે. .કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે પહેલી મેની આસપાસ ગુજરાતમાં ચાર દિવસનું રોકાણ કરીને ચારેય ઝોનમાં એક એક સભા સંબોધે તેવું આયોજન થઈ રહ્યું છે.

# ભારત - પાક. મેચની ડૂપ્લિકેટ ટિકિટ કૌભાંડમાં રિશિની સંડોવણીની શંકા

**વડોદરા**

પૂર્વ ક્રિકેટર રિશિ અરોઠે માંજલપુરના ગુનામાં જામીન પર છૂટયા બાદ ફરાર થઇ ગયો હતો. રાવપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા છેતરપિંડીના ગુનામાં વોન્ટેડ રિશિ અરોઠેને વડોદરા એસઓજીએ તેને ગોવા ખાતેથી ઝડપી લીધો હતો. રિશિ અરોઠેની ભારત પાકિસ્તાનની વર્લ્ડ કપ મેચની ડૂપ્લિકેટ ટિકિટોના કૌભાંડમાં પણ સંડોવણી હોવાની વિગતો જાણવા મળી છે.

વડોદરાના પ્રતાપંગજ વિસ્તારમાં રોઝરી સ્કૂલ સામે જે-૧ ટાવરમાં રહેતા પૂર્વ ક્રિકેટર અને કોચ તુષાર અરોઠેના ફ્લેટમાંથી એસઓજીએ રોકડા રૂ.૧.૩૯ કરોડ કબજે લેતાં આ રકમ તેમના પુત્ર અને પૂર્વ રણજીટ્રોફી પ્લેયર રિશિ અરોઠેએ નાસિકના એચએમ આંગડિયામાંથી મોકલી હોવાની વિગતો ખૂલી હતી.જેથી પોલીસે રોકડ કબજે લઇ રિશિની પૂછપરછ કરી હતી.આ રકમ સાળંગપુર મંદિરને દાનમાં મળેલી હતી અને તે રકમ નાસિકના મંદિરમાં ટ્રાન્સફર કરવા માટે આંગડિયામાં મોકલવાને નામે રિશિએ પોતે મેળવી લીધી હતી. રિશિ અરોઠે સામે માંજલપુર પોલીસ સ્ટેશનમાં રૂ.૨૯.૭૫ લાખની તેમજ રાવપુરા પોલીસ સ્ટેશનમાં બોલિંગના કોચિંગના નામે રૂ.૫.૨૭ લાખ પડાવી લેવા બાબતે ફરિયાદ નોંધાઇ હતી.

# ઈ-ચલણ રેવન્યૂમાં ગુજરાત દેશમાં ૯મા સ્થાને

## 31 રાજ્યોમાં ચાર મહિનામાં 3161.37 કરોડનો દંડ ફટકારાયો, 736.55 કરોડ રિકવર

**વડોદરા**

ભારતના ૩૧ રાજ્યોમાં હવે ટ્રાફિક નિયમન ઉપર સી.સી.ટી.વી. કેમેરા નજર રાખી રહ્યા છે જેના થકી નિયમ ભંગ કરનાર વાહન ચાલકને ઈ-ચલણ મોકલીને દંડ ફટકારવામાં આવે છે. આ વર્ષે તા.૧ જાન્યુઆરીથી ૨૩ એપ્રિલ દરમિયાન ચાર મહિનામાં ગુજરાત સહિત ૩૧ રાજ્યોમાં ૧,૯૧,૬૧,૧૩૪ ચલણ ઈશ્યુ કરવામાં આવ્યા છે.જેમાંથી માંડ ૨૨ ટકા એટલે કે ૪૧,૯૯,૫૮૫ ઈ-ચલણની રિકવરી થઈ શકી છે. ૭૮ ટકા એટલે કે ૧,૪૯,૬૧,૫૪૯ ઈ-ચલણની ઉઘરાણી બાકી છે. ચાર મહિના દરમિયાન વાહન ચાલકોને ફટાકરવામાં આવેલા ઈ-ચલણની રકમ કુલ રકમ રૂ.૩૧૬૧.૩૭ કરોડ થાય છે. જેમાંથી રૂ. ૭૩૬.૫૫ કરોડ જ સરકારી તિજોરીમાં જમા થયા છે જ્યારે રૂ.૨૪૨૪.૮૨ કરોડ વાહન ચાલકોએ ભર્યો નથી. ૩૧ રાજ્યોમાં ઈ- ચલણ ઈશ્યુ કરવામાં ઉત્તર પ્રદેશ પ્રથમ સ્થાને છે જ્યારે ગુજરાત પાંચમા નંબર ઉપર આવે છે. જો કે ઈ-ચલણની રેવન્યૂની વાત કરવામાં આવે તો તેમા રાજસ્થાન પ્રથમ નંબરે છે જ્યારે ગુજરાત ૯માં સ્થાને છે.

**ઇ-ચલણ ઇશ્યુ કરવામાં ટોપ-10 રાજ્યો**

| | |
|---|---|
| (૧) યુ.પી. | ૩૫,૭૦,૬૮૭ |
| (૨) કેરળ | ૩૩,૧૩,૫૨૪ |
| (૩) તમિલનાડુ | ૨૮,૬૩,૫૩૫ |
| (૪) હરિયાણા | ૦૯,૧૭,૧૬૮ |
| (૫) ગુજરાત | ૦૭,૯૨,૭૭૨ |



# ભોપાલમાં PMનો ભવ્ય રોડ શો, મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા

## માલવિયાનગર તિરાહેથી શરૂ થઇને 1.2 કિલોમીટરનો રોડ શો, 24 IPS અધિકારીઓ સહિત લગભગ 2,000 પોલીસકર્મીઓ તૈનાત

**ભોપાલ**

MPની રાજધાની ભોપાલમાં PM મોદીનો ભવ્ય રોડ-શો યોજાયો હતો. PMના રોડ શોને લઈ મોટી સંખ્યામાં લોકોની ભીડ ઉમટી હતી. મળતી માહિતી મુજબ રાજધાની ભોપાલમાં PM મોદીનો પ્રચંડ રોડ શો કરી રહ્યા હતા. રોડ શો માલવિયાનગર તિરાહેથી શરૂ થઈને 1.2 કિલોમીટરના અંતરે ન્યુ માર્કેટના નાનકે પેટ્રોલ પંપ સુધીનો હતો. આ દરમિયાન PM ખુલ્લા રથમાં સવાર થયા હતા અને તેમના હાથમાં ભાજપનું ચૂંટણી પ્રતીક કમળનું ફૂલ હતું.

આ અવસરે મુખ્યમંત્રી ડૉ.મોહન યાદવ સિવાય ભોપાલથી ભાજપના ઉમેદવાર આલોક શર્મા પણ તેમની સાથે જીપમાં સવાર હતા. વડાપ્રધાનના સ્વાગત માટે રોડ શોના રૂટમાં 200થી વધુ સ્ટેજ બનાવવામાં આવ્યા હતા. રોડ શો દરમિયાન 24 IPS અધિકારીઓ સહિત લગભગ 2,000 પોલીસકર્મીઓ તેમની સુરક્ષા માટે તૈનાત હતા. મધ્યપ્રદેશમાં વડાપ્રધાનનો આ બીજો રોડ શો હતો. 7 એપ્રિલે તેમણે જબલપુરમાં રોડ શો કર્યો હતો.

એક દિવસ પહેલા, મોદીના રોડ શો વિશે માહિતી આપતા, રાજ્યના મુખ્ય પ્રધાન મોહન યાદવે કહ્યું હતું કે વડા પ્રધાને મહાનગરોમાં પ્રચાર માટે એક અનોખો પ્રયોગ કર્યો હતો, જેમાં તેઓ ફક્ત કમળના ફૂલ સાથે પાર્ટીની મુલાકાત હતી. તેનો હાથ, કંઈપણ બોલ્યા વિના, ચાલો દરેકને સંદેશ ફેલાવીએ. મત માટેની આ મૌન અપીલનો ફાયદો એ છે કે સામાન્ય સભાની વ્યવસ્થામાં આવતી તમામ સમસ્યાઓથી આપણે બચી શકીએ છીએ. આ ક્રમમાં, તેમણે કહ્યું કે અન્ય પક્ષોએ પણ વડાપ્રધાનના આ પ્રયોગમાંથી શીખવું જોઈએ.



## પોલિટિક્સ ન્યૂઝ

### મોદીનું કામ અવિશ્વસનિય, 40 કરોડને ગરીબીમાંથી બહાર કાઢ્યાઃ જે.પી.મોર્ગન

**નવી દિલ્હી :** વૈશ્વિક બેંકિંગ કંપની જે.પી.મોર્ગન ચેઝના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર જેમી ડિમોને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમની કામગીરીના ભરપૂર વખાણ કર્યા છે. તેમણે કહ્યું છે કે, વડાપ્રધાને 10 વર્ષમાં 40 કરોડ લોકોને ગરીબીમાંથી બહાર કાઢ્યા છે અને તેઓ ભારતમાં 'અવિશ્વસનીય કામ' કરવાની સાથે તમામ પડકારોનો હિંમતપૂર્વક સામનો કરી રહ્યા છે. 'ભારતના કેટલાક આર્થિક સુધારા અમેરિકામાં લાગુ કરાશે' ઈકોનોમિક ક્લબ ઓફ ન્યૂયોર્ક દ્વારા આયોજીત એક કાર્યક્રમમાં ડિમોને મોદી સરકાર દ્વારા લાગુ કરાયેલા આર્થિક સુધારાઓની પ્રશંસા કરતા કહ્યું કે, 'ભારતના કેટલાક સુધારાઓ અમેરિકામાં પણ લાગુ કરવામાં આવી શકે છે.' તેમણે એવી આશા પણ વ્યક્ત કરી કે, વડાપ્રધાન મોદી આ ઉનાળામાં ત્રીજી વખત સત્તામાં પરત ફરશે.

### અમેઠી કોંગ્રેસ કાર્યાલયની બહાર વાડરાના પોસ્ટરો લાગતાં નવી અટકળોએ જોર વધ્યું

અમેઠી :લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખી તમામ પક્ષો જોરશોરથી પ્રચાર કરી રહ્યા છે. તો બીજી તરફ તમામ પક્ષો પોતાના ઉમેદવારો જાહેર કરી રહ્યા છે પરંતુ આ વચ્ચે અમેઠી લોકસભા બેઠક ચર્ચામાં રહી છે. કારણ કે, કોંગ્રેસે અમેઠી લોકસભા બેઠક પર હજુ સુધી પોતાના ઉમેદવાર જાહેર નથી કર્યા. એક તરફ રાહુલ ગાંધી અથવા પ્રિયંકા ગાંધી આ બેઠક પર ચૂંટણી લડે તેવી ચર્ચાએ થઈ રહી હતી. પરંતુ કોંગ્રેસે હજું સુધી આ બેઠક પરથી પોતાના ઉમેદવારનું નામ જાહેર નથી કર્યું તેથી આ બેઠક પરથી કોણ ચૂંટણી લડશે તે અંગે સસ્પેન્સ યથાવત છે. ત્યારે હવે અમેઠી કોંગ્રેસ કાર્યાલયની બહાર રોબર્ટ વાડરાના પોસ્ટરો લાગતાં નવી અટકળોએ જોર પકડ્યું છે.

### ભાગલપુર બેઠક માટે અભિનેત્રી અને મુખ્યમંત્રી સામ-સામે, રસાકસી વધી

પટના : રાજકીય પાર્ટીઓનું વિશેષ ફોકસ બીજા તબક્કા પર છે. બિહારની પાંચ બેઠકો પર સેકન્ડ ફેઝમાં 26 એપ્રિલે મતદાન થશે, જેમાં ભાગલપુર લોકસભા બેઠક પણ સામેલ છે. બિહારની ભાગલપુર બેઠક પર એનડીએ અને ઈન્ડિયા ગઠબંધનની વચ્ચે રસપ્રદ ટક્કર જોવા મળી રહી છે. એનડીએ હેઠળ આ બેઠક જેડીયુ અને ઈન્ડિયા હેઠળ કોંગ્રેસની પાસે છે. જેડીયુએ વર્તમાન સાંસદ અજય કુમાર મંડળને એકવાર ફરી ચૂંટણી મેદાનમાં ઉતાર્યા છે જ્યારે કોંગ્રેસે ધારાસભ્ય અજીત શર્માને ટિકિટ આપી છે. જે ભાગલપુર વિધાનસભા બેઠકથી ધારાસભ્ય પણ છે. જેડીયુ અને કોંગ્રેસ બંને પાર્ટીઓએ ભાગલપુર બેઠક પર પોતાની સંપૂર્ણ તાકાત લગાવી દીધી છે. કોંગ્રેસ ઉમેદવાર અજીત શર્માના ચૂંટણી પ્રચારની કમાન તેમની પુત્રી અને બોલીવુડ એક્ટ્રેસ નેહા શર્માએ સંભાળી છે. બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારે અજય કુમાર મંડળના સમર્થનમાં રોડ શો કર્યો. બંનેના ચૂંટણી પ્રચારમાં ખૂબ ભીડ એકઠી થઈ રહી છે.

### ખાલિસ્તાન સમર્થક અમૃતપાલ સિંઘ જેલથી ચૂંટણી લડશે, અપક્ષ તરીકે ઝંપલાવશે

**ચંડીગઢ :** વારિસ પંજાબ ડેના વડા અમૃતપાલ સિંહે પંજાબની ખડૂર સાહિબ લોકસભા બેઠક પરથી ચૂંટણી લડવાની જાહેરાત કરી છે. ખાલિસ્તાન સમર્થક અમૃતપાલ અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડશે. હાલ તે રાષ્ટ્રીય સુરક્ષા કાયદા હેઠળ આસામની દિબ્રૂગઢ જેલમાં બંધ છે. અમૃતપાલના વકીલે પણ આ વાતની પુષ્ટિ કરી છે. ખાલસાએ કહ્યું કે, હું આજે ડિબ્રૂગઢમાં છું. મેં અમૃતપાલ સાથે મુલાકાત કરી હતી. તેમણે મને કહ્યું કે, તે ખડૂર સાહિબથી ચૂંટણી લડશે. સૂત્રોના જણાવ્યા મુજબ મુખ્યધારાની એક પાર્ટી અમૃતપાલ સિંહને બહારથી સમર્થન આપવા પર વિચાર કરી રહી છે. નોંધનીય છે કે, અમૃતપાલ સિંહ આજે પણ જરનૈલ સિંહ ભીંડરાનવાલેની જેમ શીખો માટે અલગ દેશ ખાલિસ્તાનની માગ કરી રહ્યો છે. જરનૈલ સિંહના મૃત્યુ પછી અનેક ખાલિસ્તાન સમર્થકોએ અમૃતપાલને તેમનો નેતા જાહેર કર્યો હતો.

## બીજા તબક્કાની ચૂંટણીના પ્રચાર પડઘમ શાંત હીટવેવની આગાહી વચ્ચે આજે મતદાન થશે

**નવી દિલ્હી**

૨૦૨૪ની લોકસભા ચૂંટણીના બીજા તબક્કામાં ૧૩ રાજ્યોની ૮૯ બેઠકો પર ૨૬ એપ્રિલે મતદાન થવાનું હોવાથી બુધવારે સાંજે આ બેઠકો પર પ્રચાર સમાપ્ત થઈ ગયો હતો.

સાત તબક્કામાં યોજાનારી લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા હેઠળ ગયા શુક્રવારે ૨૧ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની ૧૦૨ બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં ૬૫.૫ ટકા મતદાન થયું હતું.

૨૬ એપ્રિલે યોજાનારી બીજા તબક્કાની ચૂંટણીમાં કેરળની તમામ ૨૦ બેઠકો, કર્ણાટકની ૨૮માંથી ૧૪ બેઠકો, રાજસ્થાનની ૧૩ બેઠકો, મહારાષ્ટ્રની ૮ બેઠકો, ઉત્તર પ્રદેશની ૮ બેઠકો, મધ્ય પ્રદેશની ૭ બેઠકો, આસામની ૫ બેઠકો, બિહારની ૫ બેઠકો, છત્તીસગઢની ૩ બેઠકો, પશ્ચિમ બંગાળની ૩ બેઠકો, મણિપુરની એક, ત્રિપુરાની એક તથા જમ્મુ-કાશ્મીરની એક બેઠકનો સમાવેશ થાય છે.

૨૬ એપ્રિલે યોજાનારી ચૂંટણીમાં જે અગ્રણી નેતાઓનું ભાવિ નક્કી થવાનું છે તેમાં કેન્દ્રીય પ્રધાન રાજીવ ચંદ્રશેખર (તિરુવનંતપુરમ), ભાજપના તેજસ્વી સૂર્યા (કર્ણાટક), હેમા માલિની (ઉત્તર પ્રદેશ), અરૂણ ગોવિલ (ઉત્તર પ્રદેશ), રાહુલ ગાંધી (વાયનાડ), શશી થરૂર (તિરુવનંતપુરમ), કર્ણાટકના નાયબ મુખ્યપ્રધાન ડી કે શિવકુમારના ભાઈ ડી કે સુરેશ (કોંગ્રેસ) અને કર્ણાટકના પૂર્વ મુખ્યપ્રધાન એચ ડી કુમારસ્વામી (જેડીએસ)નો સમાવેશ થાય છે.

### ભાજપના સાંસદ રાજવીર દિલેરનું હાર્ટ એટેકથી નિધન

**લખનઉ**

ઉત્તર પ્રદેશની હાથરસ લોકસભા બેઠકના સાંસદ રાજવીર દિલેરનું હાર્ટએટેકથી નિધન થઈ ગયું છે. અલીગઢની વરૂણ હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું મોત થતા સમગ્ર જિલ્લામાં શોકની લહેર પ્રસરી છે. જણાવાય રહ્યું છે કે, રાજવીર સિંહ દિલેર છેલ્લા કેટલાક દિવસોથી બીમાર હતા. અચાનક સાંસદ રાજવીર દિલેરનું અવસાન થવું ભાજપ માટે મોટી ક્ષતિ છે. લોકસભા ચૂંટણી 2019માં તેમને ભાજપે ટિકિટ આપી હતી અને તેઓ જીત્યા હતા. પરંતુ આ વખતે તેમને ટિકિટ અપાઈ ન હતી.

### PM વિરૂદ્ધ ષડયંત્ર રચવું રાજદ્રોહ છે : દિલ્હી HCની મહત્વની ટિપ્પણી

**નવી દિલ્હી**

દિલ્હી હાઈકોર્ટે બુધવારે BJD સાંસદ પિનાકી મિશ્રા દ્વારા દાખલ કરાયેલા માનહાનિ કેસ મામલે વકીલ જય અનંત દેહાદ્રાઈને સમન્સ પાઠવાયું છે. સાથે જ મહત્વપૂર્ણ ટિપ્પણી કરી છે કે, 'દેશના સર્વોચ્ચ પદ પર બેસેલા વ્યક્તિ વિરૂદ્ધ ષડયંત્ર રચવું રાજદ્રોહ છે.' પિનાકી મિશ્રાએ પોતાની અજીમાં દેહાદ્રાઈ પર તેમના પર ભ્રષ્ટાચારના ખોટા આરોપ લગાવવા અને તેમને ઉડિયા બાબૂ, પુરી કા દલાલ જેવા આપત્તિજનક નામોથી બોલાવવાનો આરોપ લગાવાયો છે. જસ્ટિસ જસમીત સિંહની પીઠે મિશ્રા અને દેહદ્રાઈના વકીલો અને ખુદ જય દેહાદ્રાઈ તરફથી ખુબ દલીલ સાંભળ્યા બાદ આદેશ પસાર કર્યો. હાઈકોર્ટે કહ્યું કે, સીબીઆઈ પહેલાથી જ દેહાદ્રાઈ દ્વારા લગાવવામાં આવેલા આરોપોની તપાસ કરી રહી છે. કોર્ટે પોતાના આદેશમાં નોંધ્યું છે કે, દેહાદ્રાઈના વકીલે ખાતરી આપી છે કે તેઓ પિનાકી મિશ્રાની વડાપ્રધાન વિરૂદ્ધ ગુનાહિત ષડયંત્રમાં સંડોવણી સંબંધિત આરોપોને આગામી સુનાવણીની તારીખ પહેલાં પુનરાવર્તિત કરશે નહીં. જોકે જય અનંત દેહાદ્રાઈએ ખુદ કોર્ટને આશ્વાસન આપ્યું છે કે તેઓ આ રીતના નિવેદન જાહેર ક્ષેત્રમાં નહીં આપે, અને આ સંબંધમાં કોઈ આદેશ પસાર ન કરવાની અપીલ કરી.

### ૯૦% વસ્તીને ન્યાય અપાવવો મારા જીવનનું લક્ષ્ય, ચૂંટણી ટાણે રાહુલ ગાંધીનો હુંકાર

**નવી દિલ્હી**

પોતાને દેશભક્ત ગણાવનારા લોકો જાતિ આધારિત વસ્તી ગણતરીથી ડરી રહ્યાં છે પણ કોઈ તાકાત જાતિ આધારિત વસ્તી ગણતરીને રોકી શકશે નહીં તેમ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ જણાવ્યું છે. સંપત્તિના પુનઃવિતરણના મુદ્દે ચાલી રહેલા વિવાદની વચ્ચે રાહુલ ગાંધીએ વધુમાં જણાવ્યું હતું કે દેશની ૯૦ ટકા વસ્તીને ન્યાય અપાવવો એ તેમના જીવનનું મિશન છે. દિલ્હીમાં સામાજિક ન્યાય સંમેલનને સંબોધતા ગાંધીએ જણાવ્યું હતું કે દેશની ૯૦ ટકા વસ્તીને કેટલું નુકસાન થયું છે તે અંગે માત્ર વાતો કરવા અંગે પણ ભાજપ અને વડાપ્રધાન મને નિશાન બનાવી રહ્યાં છે. કોંગ્રેસ નેતાએ વધુમાં જણાવ્યું હતું કે મને જાતિમાં રસ નથી પણ ન્યાયમાં છે.

### કોંગ્રેસની લૂંટ 'જિંદગી કે સાથ ભી, જિંદગી કે બાદ ભી' : વડાપ્રધાનનો ટોણો

**જમ્મુ કાશ્મીર**

વારસાગત ટેક્સ પર ચર્ચા કરવાના કોંગ્રેસ નેતા સામ પિત્રોડાના નિવેદનથી શરૂ થયેલો વિવાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચૂંટણી પ્રચારની રેલીમાં ઉઠાવ્યો હતો. મોદીએ પિત્રોડાના નિવેદનને ટાંકીને કોંગ્રેસને આડેહાથ લીધી હતી. તેમણે દાવો કર્યો હતો કે લોકોને લૂંટવાનો કોંગ્રેસનો મંત્ર છે જિંદગી કે સાથ ભી, જિંદગી કે બાદ ભી, મોદીએ દાવો કર્યો હતો કે કોંગ્રેસ મૃત્યુ બાદ પણ તમારી સંપત્તિને લૂંટી લેવા માગે છે. માતા-પિતા પાસેથી જે સંપત્તિ મેળવવામાં આવે છે તેના પર કોંગ્રેસ ટેક્સ નાખવા માગે છે. કોંગ્રેસનો પંજો માતા-પિતાના સંતાનો પાસેથી સંપત્તિને ઝૂંટવી લેશે. છત્તીસગઢમાં ચૂંટણી સભાને સંબોધતા મોદીએ કહ્યું હતું કે કોંગ્રેસ વારસાગત ટેક્સ લાગુ કરવા માગે છે.

# પટનાના પુનપનમાં નીતિશ કુમારના સાથી નેતાની માથામાં 2 ગોળી મારી હત્યા કરાઈ

**પટના**

લોકસભા ચૂંટણી 2024 માટે આચારસંહિતા લાગુ હોવા છતાં યુવા નેતાની હત્યા કરવામાં આવી છે. બિહારની રાજધાની પટનાના પુનપુનમાં ગઈકાલે રાત્રે જનતા દળ યુનાઈટેડ (JDU)ના નેતા સૌરભ કુમાર કે જેમની ઉમર 33 વર્ષ છે તેમની હત્યા કરવામાં આવી હતી. જેડીયુ એ મુખ્યમંત્રી નીતિશ કુમારની પાર્ટી છે અને સૌરભ પાર્ટીના ખૂબ જ સર્વગ્રાહી નેતા હતા. તેમને માથામાં 2 ગોળી વાગી હતી. તેની મિત્ર મુનમુન ગંભીર રીતે ઘાયલ છે. પારસા બજાર ગામમાં આ ઘટનાને અંજામ આપવામાં આવ્યો હતો. પોલીસે મૃતદેહને પોતાના કબજામાં લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે. મિત્ર મુનમુનને હોસ્પિટલમાં છે. આચારસંહિતા વચ્ચે આ ઘટનાને પગલે પોલીસ વિભાગમાં ખળભળાટ મચી ગયો છે. કેસ નોંધવામાં આવ્યો છે અને તપાસ શરૂ કરવામાં આવી છે.



આ ઘટનાથી રોષે ભરાયેલા લોકોએ આજે સવારે વિરોધ પ્રદર્શન કર્યું અને પટના-ગયા હાઈવે બ્લોક કરી દીધો. સૌરભ કુમારની હત્યાની માહિતી મળતાની સાથે જ પાટલીપુત્ર સીટથી પાર્ટીના ઉમેદવાર અને લાલુ પ્રસાદ યાદવની મોટી પુત્રી મીસા ભારતી વહેલી સવારે સૌરભ કુમારના ઘરે પહોંચી હતી. તે સૌરભની હત્યા બાદ તેના શોકગ્રસ્ત પરિવારને મળ્યો હતો અને તેમને સાંત્વના આપી હતી.

# અરુણાચલમાં મેઘતાંડવથી હાઈવે તબાહ ચીન સાથે જોડાયેલો જિલ્લાનો સંપર્ક તૂટ્યો

**ઈટાનગર**

અરુણાચલ પ્રદેશમાં છેલ્લા કેટલાક દિવસોથી મુશળધાર વરસાદને કારણે ભારે ભૂસ્ખલનની સ્થિતિ સર્જાઈ છે. નેશનલ હાઈવે-313નો એક હિસ્સો ધસી જતાં વાહનવ્યવહાર પણ ખોરવાયો છે. ચીન સાથે જોડાયેલા દિબાંગ જિલ્લા પાસે રોઈંગ અને અનિનીનો જોડતા હાઈવેના એક ભાગને નુકસાન થતા દિબાંગ ખીણ જિલ્લા ઉપરની કનેક્ટિવિટી અને નીચેની કનેક્ટિવિટી વચ્ચેનો સંપર્ક પણ તુટી ગયો છે. આ ઉપરાંત ભૂસ્ખલનને કારણે હુનલી અને અનિની વચ્ચેના રસ્તાઓ પર પણ નુકસાન થયું છે.

ભૂસ્ખલન અંગે માહિતી આપતા એક અધિકારીએ જણાવ્યું કે, અરૂણાચલપ્રદેશમાં ગુરુવારે સવારે ભારે ભૂસ્ખલન સર્જાયું હતું, જેના કારણે દિબાંગ ખીણ તરફના ઘણા રસ્તાઓ ધોવાઈ ગયા છે. આ મામલે અરૂણાચલ પ્રદેશના મુખ્યમંત્રી પેમા ખાંડૂએ ઘટનાનો તાગ મેળવ્યા બાદ ચિંતા વ્યક્ત કરી છે. એનિની એડિશનલ ડેપ્યુટી કમિશનર ધૂર્બજ્યોતિ બોરાએ મીડિયાને જણાવ્યું કે, 'દિબાંગ ખીણ સાથે જોડાયાલે રસ્તાનું સમારકામ યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે. આ માટે શ્રમિકો અને જરૂરી મશીનરીઓ પણ તહેનાત કરી દેવાઈ છે. ટ્રાફિક શરૂ થવાના થોડા દિવસો લાગશે.

# મુંબઈમાં સોનાની દાણચોરીનો પર્દાફાશ આફ્રિકન સહિત ચાર લોકોની ધરપકડ

**મુંબઈ**

મુંબઈમાં સોનાની દાણચોરી કરતી ગેંગનો પર્દાફાશ કર્યો છે અને 10.48 કરોડ રૂપિયાની કિંમતી ધાતુ, રોકડ અને અન્ય કિંમતી ચીજવસ્તુઓ જપ્ત કરી છે. બુધવારે DRIના એક અધિકારીએ આપેલી માહિતી અનુસાર, સોમવારે દક્ષિણ મુંબઈમાં જ્યાં સોનું પીગળવામાં આવે છે ત્યાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. અધિકારીએ કહ્યું કે અહીંથી બે આફ્રિકન નાગરિકો સહિત 4 લોકોની ધરપકડ કરવામાં આવી છે. તેમણે કહ્યું કે, ધરપકડ કરાયેલા લોકોમાં આફ્રિકન નાગરિકો પણ સામેલ છે.

અધિકારીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, DRIને માહિતી મળી હતી કે મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ દ્વારા આફ્રિકાથી દાણચોરી કરાયેલું સોનું અહીંના ઝવેરી બજારમાં ઓગાળવામાં આવી રહ્યું છે જેથી વિદેશી પ્રિન્ટિંગ દૂર કરવામાં આવે અને પછી સ્થાનિક બજારમાં મોકલવામાં આવે. આ સ્થળની તપાસ દરમિયાન અધિકારીઓએ 9.31 કિલો સોનું અને 16.66 કિલો ચાંદી જપ્ત કરી હતી. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, તેઓએ સંબંધિત યુનિટ ઓપરેટર અને લોકોની ભરતીમાં સામેલ ગેંગના સભ્યની ધરપકડ કરી છે.

# પટણામાં હોટેલ અને બે દુકાનોમાં ભીષણ આગથી અફરાતફરી મચી : 6 નાગરિકો ભડથું થઈ ગયા

**પટના**

બિહારના પટણાના ફ્રેઝર રોડ પર ગુરુવારે સવારે હોટલ અને બે દુકાનોમાં ભીષણ આગ લાગી છે. આ ઘટનામાં અત્યાર સુધીમાં કુલ 6 લોકોના મોત થયા છે. આગ એટલી ભીષણ હતી કે, ત્યાંના તમામ રસ્તાઓ બંધ કરવા પડ્યા તેમજ આસપાસના વિસ્તારોમાં પણ અફરાતફરી મચી હતી. જે બિલ્ડિંગમાં આગ લાગી હતી, તેમાં હોટલ ઉપરાંત દુકાનો પણ હતી. ઘટનાસ્થળે કોતવાલી પોલીસ સ્ટેશનો સ્ટશનનો સ્ટાફ અને ફાયર બ્રિગેડની 20થી 25 ગાડીઓ આગ પર કાબુ મેળવવાનો પ્રયાસ કરી રહી છે. બચાવ કર્મચારીઓ દ્વારા અત્યાર સુધીમાં 25થી 30 લોકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા છે. બિલ્ડિંગમાં લાગેલી આગમાં કેટલાક બચાવ કર્મચારીઓને પણ આંશિક ઈજા થઈ હોવાના અહેવાલો સામે આવ્યા છે. જેમના મોત થયા છે, તેમની હજુ સુધી ઓળખ થઈ શકી નથી. જ્યારે ઈજાગ્રસ્ત લોકોને



હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આગની ઝપેટમાં આવ્યા બાદ અત્યાર સુધીમાં 6 લોકોના મોત નિપજ્યા છે, જ્યારે ચાર મહિલાઓની હાલત ગંભીર છે.

# દિલ્હીમાં 26 એપ્રિલે યોજાનારી મેયરની ચૂંટણી ટળી, હાલ 'આપ'ના નેતા જ રાજધાનીના મેયર

**નવી દિલ્હી**

રાજધાની દિલ્હીમાં આવતીકાલે 26 એપ્રિલે યોજાનારી મેયર અને ડેપ્યુટી મેયરની ચૂંટણી હાલ ટળી ગઈ છે. ઉપરાજ્યપાલ સચિવાલયના સત્રોના જણાવ્યા મુજબ કાલે યોજાનાર મેયરની ચૂંટણી ટાળી દેવાઈ છે. વાસ્તવમાં પ્રિસાઈડિંગ ઓફિસરની નિમણૂક મામલે પેચ ફસાતા દિલ્હી નગર નિગમ (MCD)ના મેયરની ચૂંટણી રદ કરવામાં આવી છે.

મેયરની ચૂંટણી માટે પ્રિસાઈડિંગ ઓફિસરની નિમણૂક કરવા મુખ્યમંત્રી ભલામણ મોકલતા હોય છે, પરંતુ તેઓ હાલ જેલમાં બંધ છે. આવી સ્થિતિમાં ઉપરાજ્યપાલની કચેરીને પ્રિસાઈડિંગ ઓફિસરના નામનો પ્રસ્તાવ મળ્યો નથી. એવું કહેવાય છે કે, આ પરિસ્થિતિઓના કારણે ચૂંટણી ટાળવા સિવાય અન્ય કોઈ વિકલ્પ ન હતો. જ્યાં સુધી મેયરની ચૂંટણી નહીં યોજાય, ત્યાં સુધી વર્તમાન મેયર શૈલી ઓબેરોય જ કામકાજ સંભાળશે. દિલ્હી સરકારના મંત્રી સૌરભ ભારદ્વાજે આ મુદ્દે કહ્યું હતું કે, દિલ્હીમાં આવતીકાલે મેયરની ચૂંટણી યોજાવાની છે, પરંતુ દિલ્હીની સરકારને હજુ સુધી પ્રિસાઈડિંગ ઓફિસરના નામની ફાઈલ મળી નથી. તેમણે આક્ષેપ કર્યો કે, 'મુખ્ય સચિવે તેમને બાઈપાસ કરી ફાઈલ સીધા ઉપરાજ્ય પાસે મોકલી દીધી છે. તેમણે કહ્યું કે, મુખ્ય સચિવને જવાબ આપે કે, આખરે કંઈ કાયદાકીય જોગવાઈ ચૂંટાયેલી સરકારની અવગણના કરવાનો અધિકાર આપે છે?'

# ભારતે આંદામાનમાં કર્યું ક્રિસ્ટલ મેઝ-2 મિસાઈલનું સફળ પરીક્ષણ

**બેંગ્લોર**

ભારતીય વાયુસેનાએ આંદામાન અને નિકોબાર ટાપુના આકાશમાં નવી બેલેસ્ટિક મિસાઈલ 'ક્રિસ્ટલ મેઝ-2 નું સફળ પરીક્ષણ કર્યું છે, જેમાં મિસાઈલે ચોક્કસ નિશાના પર ટાર્ગેટ કરી હિટ કર્યું હતું. આ મિસાઈલ આકાશમાંથી જમીન પર ઝડપી ગતિએ ટાર્ગેટ કરવાની ક્ષમતા ઉપરાંત 250 કિલોમીટર દૂર સુધી હુમલો કરવાની તાકાત ધરાવે છે. ઈઝરાયેલની આ મિસાઈલને રોક્સ પણ કહેવામાં આવે છે. ભારતીય વાયુસેનાએ મિસાઈલના પરીક્ષણ માટે સૌથી ઘાતક



ફાઈટર જેટ સુખોઈ સૂ-30MKIનો ઉપયોગ કર્યો હતો. સેનાએ પરીક્ષણ માટે આંદામાન અને નિકોબારની પસંદગી એટલા માટે કરી કે, ત્યાં ત્રણે સેનાનો બેઝ આવેલો છે. ઈઝરાયેલની આ મિસાઈલ ભારતમાં જ બની રહી છે, જેને મેક ઈન ઈન્ડિયા પ્રોગ્રામ હેઠળ બનાવાઈ રહી છે.

# દિલ્હીની કોર્ટે સાત મે સુધી કેજરીવાલ અને કવિતાની જ્યુડિશિયલ કસ્ટડી વધારી

**નવી દિલ્હી**

દિલ્હીની એક કોર્ટે એક્સાઈઝ નીતિ કૌભાંડ સાથે સંકળાયેલા મની લોન્ડરિંગ કેસમાં મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલ અને ભારત રાષ્ટ્ર સમિતિ (બીઆરએસ) ના નેતા કે. કવિતાની જ્યુડિશિયલ કસ્ટડી સાત મે સુધી વધારી દીધી છે. રિમાન્ડની મુદત પૂર્ણ થતાં વીડિયો કોન્ફરન્સ દ્વારા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા પછી સીબીઆઈ ઈડી બાબતોના વિશેષ ન્યાયમૂર્તિ કાવેરી બાવેજાએ તેમની જ્યુડિશિયલ કસ્ટડીમાં વધારો કર્યો હતો. ન્યાયમૂર્તિએ સીબીઆઈ તપાસવાળા ભ્રષ્ટાચારના એક કેસમાં તેલંગણા વિધાન પરિષદના સભ્ય તથા પૂર્વ મુખ્યપ્રધાન ચંદ્રશેખર રાવની પુત્રી કવિતાની જ્યુડિશિયલ કસ્ટડી પણ સાત મે સુધી વધારી દીધી છે.

# તેલંગાણામાં ટ્રક અને કાર અથડાતાં નવજાત શિશુ સહિત 6નાં મોત થયા

**તેલંગાણા**

તેલંગાણામાં એક ભયાનક માર્ગ અકસ્માત થયો છે. આ અકસ્માતમાં છ લોકોના મોતના સમાચાર સામે આવ્યા છે. હૈદરાબાદથી વિજયવાડા જતી વખતે કારે મુતંગી આઉટર રિંગ રોડ પર પાછળથી પાર્ક કરેલી લારીને ટક્કર મારી હતી.

તેલંગાણામાં એક ભયાનક માર્ગ અકસ્માત થયો છે. આ અકસ્માતમાં છ લોકોના મોતના સમાચાર સામે આવ્યા છે. હૈદરાબાદથી વિજયવાડા જતી વખતે કારે મુતંગી આઉટર રિંગ રોડ પર પાછળથી પાર્ક કરેલી લારીને ટક્કર મારી હતી. અથડામણ થતાંની સાથે જ એકાએક વિસ્ફોટ થયો અને કાર સંપૂર્ણ રીતે બળીને ખાખ થઈ ગઈ. આ ભયાનક માર્ગ અકસ્માતમાં એક મહિલા અને એક બાળક સહિત છ લોકોએ જીવ ગુમાવ્યા હતા. આ અકસ્માત નાલગોંડાના કોદાદ શહેરમાં દુર્ગાપુરમ હાઈવે પર થયો હતો.

મૃતકોમાં ચાર પુરુષ, એક મહિલા અને એક બાળકનો સમાવેશ થાય છે. આ લોકો વિજયવાડા જઈ રહ્યા હતા ત્યારે આ અકસ્માત થયો હતો. તુટી જવાના કારણે ટ્રક રોડની સાઈડમાં ઉભી હતી. ત્યારે પાછળથી આવતી કાર તેની સાથે અથડાઈ હતી.

# 'પહેલીવાર આવું વર્તન જોયું' સિસોદિયાના વકીલે કરી એવી હરકત કે જજ લાલઘૂમ થયા

**બેંગ્લોર**

દિલ્હી લિકર પોલિસી સંબંધીત CBI કેસમાં આરોપો ઘડવા માટે હાલ સુનાવણી શરૂ ન કરવાની માંગ કરતી અરજી પર રાઉઝ એવન્યુ કોર્ટમાં આજે સુનાવણી હાથ ધરાઈ હતી, જેમાં કોર્ટે CBI પાસે જવાબ માંગ્યો છે. તો બીજીતરફ કોર્ટે સીબીઆઈ કેસમાં મનીષ સિસોદિયાની ન્યાયીક કસ્ટડી સાતમી મે સુધી લંબાવી દીધી છે. હવે આ કેસની સુનાવણી સાતમી મેએ હાથ ધરાશે. સુનાવણી દરમિયાન દલીલ પુરી થતાં જ આરોપીના વકીલ કોર્ટમાંથી બહાર જતા રહ્યા હતા. ત્યારબાદ આ મામલે કોર્ટે નારાજગી વ્યક્ત કરતા વકીલે ન્યાયાધીશને કહ્યું કે, 'અમને કોર્ટ રૂમમાંથી વૉકઆઉટ કરાયા ન હતા. આ મામલે અમે માફી માંગીએ છીએ.'

# સતત છ પરાજય બાદ બેંગલુરુનો પ્રથમ વિજય

## હૈદરાબાદનો ૩૫ રનથી પરાજય : આરસીબી ૭/૨૦૬, કોહલી ૫૧, પાટીદાર ૫૦, હૈદરાબાદ ૮/૧૭૧, શાહબાઝ ૪૦*, ગ્રીન ૨/૧૨

હૈદરાબાદ । કોહલી અને પાટીદારે નોંધાવેલી અડધી સદી બાદ બોલર્સે કરેલી શિસ્તબદ્ધ બોલિંગની મદદથી રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ આઈપીએલની ૪૧મી મેચમાં સનરાઈઝર્સ હૈદરાબાદને ૩૫ રનથી હરાવ્યું હતું. આરસીબીના સાત વિકેટે ૨૦૬ રનના સ્કોર સામે હૈદરાબાદ આઠ વિકેટે ૧૭૧ રન નોંધાવી શકી હતી. હૈદરાબાદ માટે શાહબાઝે અણનમ ૪૦ રન બનાવ્યા હતા. આરસીબી માટે ગ્રીને ૧૨ રનમાં બે વિકેટ ખેરવી હતી. કોહલી અને ડુ પ્લેસિસે (૨૫) પ્રથમ વિકેટ માટે ૪૮ રનની ભાગીદારી નોંધાવીને આરસીબી માટે આક્રમક શરૂઆત કરી હતી. કોહલીએ ધીમી શરૂઆત બાદ કેટલાક આક્રમક શોટ્સ રમ્યા હતા અને તેણે ૪૩ બોલમાં ૫૧ રન બનાવ્યા હતા. મિડલ ઓર્ડરમાં રજત પાટીદારે ૨૦ બોલમાં બે બાઉન્ડ્રી અને પાંચ સિક્સર વડે ૫૦ તથા કેમરુન ગ્રીને ૨૦ બોલમાં અણનમ ૩૭ રન બનાવીને ટીમનો સ્કોર ૨૦૦ સુધી પહોંચાડી દીધો હતો.



### મોહિત શર્માનો ખર્ચાળ સ્પેલ, ચાર ઓવરમાં ૭૩ રન

દિલ્હી સામેની મેચમાં ગુજરાતના બોલર મોહિત શર્માએ આઈપીએલના ઈતિહાસનો સૌથી વધારે ખર્ચાળ સ્પેલ નાખ્યો હતો. તેણે ચાર ઓવરમાં એક પણ વિકેટ ઝડપ્યા વિના ૭૩ રન આપી દીધા હતા. પંતે તેની છેલ્લી ઓવરમાં ચાર સિક્સર વડે કુલ ૩૧ રન ફટકારી દીધા હતા. આ પહેલાનો ખર્ચાળ સ્પેલ બાસિલ થમ્પીના નામે હતો. ૨૦૧૮માં હૈદરાબાદ તરફથી રમીને તેણે બેંગ્લોર સામે ચાર ઓવરમાં એક પણ વિકેટ હાંસલ કર્યા વિના ૮૦ રન આપી દીધા હતા. ગુજરાતના યશ દયાલે ૨૦૨૩માં કોલકાતા સામે ચાર ઓવરમાં ૬૯ રન આપ્યા હતા.

### સંદીપની પાંચ વિકેટ બાદ જયસ્વાલની સદી, રાજસ્થાને મુંબઇને 9 વિકેટે હરાવ્યું

જયપુર । સંદીપ શર્માએ ૧૮ રનમાં પાંચ વિકેટ ઝડપ્યા બાદ ઓપનર યશસ્વી જયસ્વાલે આક્રમક બેટિંગ કરતા રાજસ્થાન રોયલ્સે આઇપીએલની મેચમાં મુંબઇ ઇન્ડિયન્સને નવ વિકેટે પરાજય આપ્યો હતો. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરનાર મુંબઇના નવ વિકેટે ૧૭૯ રનના જવાબમાં રાજસ્થાનની ટીમે ૧૮.૪ ઓવરમાં એક વિકેટે ૧૮૩ રન બનાવીને વિજય મેળવી લીધો હતો. રાજસ્થાન માટે જોસ બટલર (૩૫) અને જયસ્વાલે પ્રથમ વિકેટ માટે ૭૪ રનની ભાગીદારી નોંધાવી હતી. વરસાદના કારણે મેચ કેટલાક સમય માટે બંધ રાખવામાં આવી હતી.

### સુપર સ્ટોનિસની આક્રમક સદી, લખનઉનો ચેન્નાઇ સામે છ વિકેટે વિજય

ચેન્નાઇ । ઓલરાઉન્ડર સ્ટોનિસે નોંધાવેલી આક્રમક સદીની મદદથી લખનઉ સુપર જાયન્ટ્સે આઇપીએલની લીગ મેચમાં ચેન્નાઇ સુપર કિંગ્સને છ વિકેટે પરાજય આપ્યો હતો. ચેન્નાઇના ચાર વિકેટે ૨૧૦ રનના જવાબમાં લખનઉની ટીમે ૧૯.૩ ઓવરમાં ચાર વિકેટના ભોગે ૨૧૩ રન બનાવીને વિજય હાંસલ કરી લીધો હતો. સ્ટોનિસે ૬૩ બોલનો સામનો કરીને ૧૩ બાઉન્ડ્રી અને છ સિક્સર વડે અણનમ ૧૨૪ રન ફટકાર્યા હતા. નિકોલસ પૂરને ૧૫ બોલમાં ઝડપી ૩૪ રન ફટકાર્યા હતા. લખનઉની ટીમે વર્તમાન સિઝનમાં ચેન્નાઇ સામેની બંને મેચ જીતી છે.

### પંતની કેપ્ટન ઇનિંગ, દિલ્હીએ છેલ્લા બોલે ગુજરાતને ચાર રનથી હરાવ્યું



નવી દિલ્હી : સુકાની રિષભ પંતે કેપ્ટન ઇનિંગ રમ્યા બાદ રસીક સલામે ઝડપેલી ત્રણ વિકેટની મદદથી દિલ્હી કેપિટલ્સે આઇપીએલની ૪૦મી મેચમાં છેલ્લા બોલે ભારે રસાકસી બાદ ગુજરાત ટાઇટન્સને ચાર રનથી પરાજય આપ્યો હતો. દિલ્હીના ચાર વિકેટે ૨૨૪ રનના જવાબમાં ગુજરાતની ટીમ આઠ વિકેટે ૨૨૦ રન નોંધાવી શકી હતી. ગુજરાતની ઇનિંગમાં સાઇ સુદર્શનના ૬૫ તથા ડેવિડ મિલરના ૨૩ બોલમાં ૫૫ રન મુખ્ય રહ્યા હતા. રાશિદ ખાને ૧૧ બોલમાં ૨૧ રન ફટકારીને ટીમને લગભગ ટાર્ગેટ સુધી પહોંચાડી દીધી હતી. દિલ્હીની ટીમે ૪૪ રનના સ્કોરે જેક ફ્રેઝર (૨૩) તથા પૃથ્વી શો (૧૧) સહિત ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી. ત્યારબાદ સુકાની રિષભ પંત અને અક્ષર પટેલે ચોથી વિકેટ માટે ૬૮ બોલમાં ૧૧૩ રનની ભાગીદારી નોંધાવીને દિલ્હીને મજબૂત સ્થિતિમાં મૂકી દીધી હતી. અક્ષરે ૪૩ બોલમાં પાંચ બાઉન્ડ્રી અને ચાર સિક્સર વડે ૬૬ રનનું યોગદાન આપ્યું હતું.

### શુભમન ગિલની IPLમાં ૧૦૦ મેચ પૂરી, ઓવરઓલ ૬૫મો ખેલાડી બન્યો



નવી દિલ્હી । દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં દિલ્હી કેપિટલ્સ સામેની મેચ માટે મેદાનમાં ઉતરવાની સાથે ગુજરાત ટાઇટન્સના સુકાની શુભમન ગિલે આઇપીએલમાં ૧૦૦ મેચ પૂરી કરવાની સિદ્ધિ મેળવી હતી. આ સિદ્ધિ મેળવનાર તે ઓવરઓલ ૬૫મો ખેલાડી બન્યો છે. તાજેતરમાં જ હાર્દિક પંડયાએ આઇપીએલમાં પોતાની ૧૦૦મી મેચ રમી હતી અને ૨૨મી એપ્રિલે રાજસ્થાન સામેની મેચ દરમિયાન મુંબઇ ઇન્ડિયન્સના ટીમ મેનેજમેન્ટ દ્વારા હાર્દિકનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આઇપીએલમાં ગિલે ૯૯ મેચમાં ૩,૦૮૮ રન બનાવ્યા છે અને તેનો હાઇએસ્ટ સ્કોર ૧૨૯ રનનો રહ્યો છે.

### IPL પોઈન્ટ ટેબલ

| ટીમ | M | W | L | PT |
|---|---|---|---|---|
| રાજસ્થાન | 8 | 7 | 1 | 14 |
| કોલકાતા | 7 | 5 | 2 | 10 |
| હૈદરાબાદ | 8 | 5 | 3 | 10 |
| લખનઉ | 8 | 5 | 3 | 10 |
| ચેન્નઇ | 8 | 4 | 4 | 08 |
| દિલ્હી | 9 | 4 | 5 | 08 |
| ગુજરાત | 9 | 4 | 5 | 08 |
| મુંબઇ | 8 | 3 | 5 | 06 |
| પંજાબ | 8 | 2 | 6 | 04 |
| બેંગલુરુ | 9 | 2 | 7 | 04 |

### અમ્પાયર સામેની આક્રમકતા વિરાટ કોહલીને ભારે પડી, ૫૦ ટકા મેચ ફીનો દંડ ફટકારાયો



નવી દિલ્હી । રોયલ ચેલેન્જર્સ બેંગલુરુના બેટ્સમેન વિરાટ કોહલીને કોલકાતા નાઇટ રાઇડર્સ સામેની મેચ દરમિયાન અમ્પાયર સાથે મેદાનની વચ્ચે કરેલી બોલાચાલી ભારે પડી છે. કોહલીને આઇપીએલની આચારસંહિતાનું ઉલ્લંઘન કરવાના મામલે ૫૦ ટકા મેચ ફીનો દંડ કરાયો છે. કોલકાતા સામેની મેચમાં કોહલીના આઉટ થવા અંગે વિવાદ ઊભો થયો છે. કોહલીએ થર્ડ અમ્પાયરના નિર્ણય અંગે નારાજગી વ્યક્ત કરી હતી. ત્રીજી ઓવરમાં હર્ષિત રાણાની બોલિંગમાં કોહલીએ પોતાની વિકેટ ગુમાવી હતી. કોહલીએ રિવ્યૂ લીધો હતો પરંતુ ટીવી અમ્પાયરે તેને આઉટ જાહેર કર્યો હતો.

## ચેમ્પિયન્સ ટ્રોફી માટે ભારતીય ટીમ પાકિસ્તાનનો પ્રવાસ નહીં ખેડે

**નવી દિલ્હી**

આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની યજમાની પાકિસ્તાને કરવાની છે પરંતુ તેની સામે મોટી મુશ્કેલીઓ ઉભી થઈ શકે છે. ભારતીય ટીમ આ ટૂર્નામેન્ટ માટે પાકિસ્તાનનો પ્રવાસ ખેડશે કે નહીં તે અંગે કોઈ સત્તાવાર રિપોર્ટ આવ્યો નથી. ભારત પાકિસ્તાનનો પ્રવાસ નહીં ખેડે તો પીસીબીને મોટું નાણાંકીય નુકસાન થઈ શકે છે. પાકિસ્તાન બોર્ડના એક અધિકારીએ જણાવ્યું હતું કે જો બીસીસીઆઈ સત્તાવાર રીતે ચેમ્પિયન્સ ટ્રોફી માટે પોતાની ટીમને પાકિસ્તાન મોકલવાનો ઈનકાર કરશે તો પીસીબી અન્ય વિકલ્પ ઉપર વિચાર કરી શકે છે. જોકે હજુ ટૂર્નામેન્ટ રમાવામાં ઘણો સમય બાકી હોવાથી કોઈ વિકલ્પ નીકળી શકે છે. કેટલાક દિવસ પહેલાં પીસીબીના પ્રમુખ મોહસિન નકવીએ નિવેદન કર્યું હતું કે જો ભારત આગામી વર્ષે ચેમ્પિયન્સ ટ્રોફી માટે પાકિસ્તાનનો પ્રવાસ ખેડવા તૈયાર થાય તો અમે તેની સામે કોઈ તટસ્થ દેશમાં દ્વિપક્ષીય શ્રેણી રમવા માટે તૈયાર છીએ. સૂત્રોના અનુસાર ભારતીય સુકાની રોહિત શર્મા તથા BCCIના સૂત્રોને આધારિત રિપોર્ટમાં સ્પષ્ટ વિરોધાભાસ છે. જો વાત ક્રિકેટની હોય તો ખેલાડીઓ એકબીજાના ઘરઆંગણે રમવા માટે તૈયાર છે પરંતુ આ ક્રિકેટ સંબંધમાં ભારતનું રાજનૈતિક વર્ચસ્વ છે જે બંને દેશ એકબીજાના ઘરઆંગણે રમે તેવું ઈચ્છતું નથી.

**પાકિસ્તાન બોર્ડ અન્ય વિકલ્પ ઉપર વિચારણા કરે તેવી સંભાવના**

## સ્પ્રિન્ટર જમૈકાના યુસૈન બોલ્ટને ટી-૨૦ વર્લ્ડ કપનો બ્રાન્ડ એમ્બેસેડર બનાવાયો

**દુબઇ**

અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝની યજમાનીમાં રમાનારા આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપનું કાઉન્ટ ડાઉન શરૂ થઈ ચૂક્યું છે. પાંચમી જાન્યુઆરીએ ઈવેન્ટનો પ્રોગ્રામ જાહેર કરી દેવામાં આવ્યો હતા. ભારત અને પાકિસ્તાનને ગ્રૂપ-એમાં રાખવામાં આવ્યા છે. બીજી જૂનથી રમાનારા આ વર્લ્ડ કપ માટે આઠ વખતના ઓલિમ્પિક ગોલ્ડ મેડાલિસ્ટ તથા વિશ્વના ફાસ્ટેસ્ટ સ્પ્રિન્ટર યુસૈન બોલ્ટને ટી૨૦ વર્લ્ડ કપ માટે બ્રાન્ડ એમ્બેસેડર બનાવવામાં આવ્યો છે. બોલ્ટ કેરેબિયન ટાપુઓમાં રમીને મોટો થયો છે અને તેનું માનવું છે કે ટી૨૦ વર્લ્ડ કપની સંયુક્ત યજમાની અને ૨૦૨૮ની લોસ એન્જલસ ઓલિમ્પિકમાં ક્રિકેટના સફળ પુનરાગમનના કારણે અમેરિકામાં ક્રિકેટનો વિકાસ થઈ શકે છે.

## પહેલી મેથી અમદાવાદમા થશે ગુજરાત સુપર લીગનો પ્રારંભ

**અમદાવાદ**

ગુજરાતમાં સૌપ્રથમ વખત ફ્રેન્ચાઈઝી આધારિત ફૂટબોલ ટુર્નામેન્ટનું આયોજન અમદાવાદમા થઈ જવા રહ્યું છે. રાજ્યમાં ફૂટબોલની રમતમાં ક્રાંતી લાવવા અમદાવાદમાં ગુજરાત સુપરલીગનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી પહેલી મે થી અમદાવાદના ઈકા એરેના ખાતે ગુજરાત સુપર લીગનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. આ લીગ માટેની પ્રતિષ્ઠિત ટ્રોફીનું રાજ્યસભાના સાંસદ અને ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિયેશનના પ્રમુખ પરિમલ નથવાણીના હસ્તે અનાવરણ કરવામાં આવ્યું છે. રાજ્યસભાના સાંસદ અને GSFAના પ્રમુખ પરિમલ નથવાણી માર્ગદર્શનમાં ગુજરાત સુપર લીગ ગુજરાતની પ્રથમ ફ્રેન્ચાઈઝી આધારિત ફૂટબોલ લીગ તરીકે ઐતિહાસિક રહેશે. ત્યારે GSLની ટ્રોફીનું પરિમલ નથવાણીના હસ્તે અનાવરણ કરવામાં આવ્યું હતું. જેમાં GSLમાં ભાગ લેનાર ટીમના માલિક, કોચ સહિતના સમર્થકો હાજર રહ્યા હતા.ગુજરાતમાં ફૂટબોલની રમતને વધુ મજબૂત કરવા માટે GSFA દ્વારા આ પહેલ કરવામાં આવી છે.

ટુર્નામેંટ આગામી 1 મે ના રોજ અમદાવાદ ખાતે યોજાવાની છે. જેમાં ગુજરાતના ઉદ્યોગપતિઓ દ્વારા બનાવેલ 6 અલગ અલગ ટીમો ભાગ લેશે. જેમાં અમદાવાદ એવેન્જર્સ, ગાંધીનગર જાયન્ટસ, કર્ણાવતી નાઈટ્સ, સૌરાષ્ટ્ર સ્પાર્ટન્સ, સુરત સ્ટ્રાઈકર્સ અને વડોદરા વોરિયર ટીમનો સમાવેશ થાય છે. ટૂર્નામેન્ટના મુખ્ય સહયોગી સ્પોન્સર ગુજરાત પ્રવાસન નિગમ અને સ્પોર્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા છે.

# કેન્યામાં વરસાદને લીધે પૂર : ચારેબાજુ વિનાશ 38 લોકોનાં મોત, અનેક લોકો અસરગ્રસ્ત

**નૈરોબી**

આફ્રિકન દેશ કેન્યામાં મૂશળધાર વરસાદે વિનાશ વેર્યો છે. ભારે વરસાદને લીધે દેશના ઘણા વિસ્તારો જળમગ્ન થયા છે. પૂરના પાણીથી સ્થિતિ બેકાબૂ બની ગઈ છે. અત્યાર સુધી 28 લોકોનાં મોત થઈ ચુક્યા છે. અડધું કેન્યા આ સમયે પૂરના પાણીમાં ગરકાવ થયું છે. પૂરથી લાખો લોકોને અસર થઈ છે. માર્ગો, શેરીઓ અને લોકોના ઘરમાં પાણી ભરાઈ ગયા છે. રસ્તાઓમાં વાહનો પાણીમાં ડૂબી ગયા છે. વરસાદથી જનજીવન ખરાબ રીતે પ્રભાવિત થયું છે. લોકો સુધી રાહત પહોંચી નથી રહી.

કેન્યા દેશની રાજધાની નૈરોબીમાં પૂરના કારણે ઘણા રસ્તાઓ બંધ થઈ ગયા છે અને ઘણા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. નૈરોબીમાં સ્થિતિ ખૂબ જ મુશ્કેલ બની ગઈ છે, દરેક જગ્યાએ પાણી જ દેખાઈ રહ્યું છે. સરકાર રાહત અને બચાવ કાર્યમાં તમામ સંસાધનોનો ઉપયોગ કરી રહી છે પરંતુ સ્થિતિ નિયંત્રણ બહાર છે. કેન્યા રેડ ક્રોસ સોસાયટીએ કહ્યું કે તેણે માથારેમાં 18 લોકોને બચાવ્યા છે. નૈરોબીમાં ભારે વરસાદને કારણે આ લોકો ત્યાં ફસાયા હતા.



# ભારતના 527 ઉત્પાદનોમાં કેન્સરગ્રસ્ત ઈથિલિન ઓક્સાઈડ મળ્યા : RASFF

**લંડન**

ભારતીય કંપનીઓના ચાર મસાલામાં કેન્સરકારક દ્રવ્યો ધરાવતા કેમિકલ મળ્યા બાદ સિંગાપોર અને હોંગકોંગે તેના ઉપયોગ મામલે ચેતવણી જારી કરી છે. તેમાં કહેવાયું છે કે, આ મસાલાઓમાં કેન્સર માટેના જવાબદાર ઈથિલિન ઑક્સાઈડ નામનો દ્રવ્ય હોવાનું સામે આવ્યું છે. એવી પણ માહિતી સામે આવી છે કે, સિંગાપુર અને હોંગકોંગમાં ઈથિલિન ઑક્સાઈડના કારણે જે ભારતીય મસાલા વિરુદ્ધ કાર્યવાહી કરાઈ છે, યુરોપમાં જતી ભારતીય ઉત્પાદનોમાં પણ આ કેમિકલ નિયમિત રીતે મળતું આવ્યું છે. આમ તો યુરોપિયન ફૂડ સેફ્ટી ઓથોરિટીને ભારતીય ઉત્પાદનોની તપાસ દરમિયાન તેમાં સતત ઈથિલિન ઑક્સાઈડ નામનું દ્રવ્ય મળતું રહ્યું છે, પરંતુ યુરોપીયન એજન્સીએ આ દ્રવ્ય પર પ્રતિબંધ લાદવાના કોઈ ઉપાય શોધ્યા નથી. આ ઉત્પાદનોમાં 313 અખરોટ અને તલના બીજના ઉત્પાદનો, 60 ઔષધિ-મસાલા, 34 અન્ય ખાદ્ય ઉત્પાદનો તેમજ 26 અન્ય ખાણી-પીણી ઉત્પાદનો સામેલ છે. આ ઉત્પાદનોમાંથી 87 ખેપને બોર્ડર પરથી જ પરત મોકલી દેવાઈ હતી.

# મલેશિયામાં 2 હેલિકોપ્ટર હવામાં અથડાયા, 10 ક્રૂ મેમ્બરના મોત

**કુઆલાલુમ્પુર**

મલેશિયામાં રોયલ મલેશિયન નૌકાદળના વાર્ષિક કાર્યક્રમના રિહર્સલ દરમિયાન બે સૈન્ય હેલિકોપ્ટરની હવામાં જ ટક્કર થતા ભયાનક દુર્ઘટના સર્જાઈ હતી. આ દુર્ઘટનામાં 10 ક્રૂ મેમ્બરના મોતના અહેવાલ મળી રહ્યા છે.

આ રિહર્સલ લુમુતના રોયલ મલેશિયન નૌકાદળ સ્ટેડિયમમાં થઈ રહ્યું હતું. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં એક હેલિકોપ્ટર બીજા હેલિકોપ્ટર સાથે ક્રેશ થતાં જોઈ શકાય છે. આ બે હેલિકોપ્ટર Fennec M502-6 અને HOM M503-3 હતા. પહેલું હેલિકોપ્ટર ક્રેશ થઈને સ્ટેડિયમની સીડીઓ પર પડ્યું જ્યારે બીજું સ્વિમિંગ પુલમાં પડ્યું હતું. નૌકાદળે આ ઘટનામાં દસ લોકોના મોતની પુષ્ટિ કરી છે. અકસ્માતમાં માર્યા ગયેલા તમામ લોકો હેલિકોપ્ટરના ક્રૂ મેમ્બર હતા. આ ઘટના સ્થાનિક સમય અનુસાર આજે સવારે 9.32 વાગ્યે બની હતી. ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે મલેશિયામાં ઈમરજન્સી લેન્ડિંગ દરમિયાન હેલિકોપ્ટર ક્રેશ થયું હતું. જો કે આ ઘટનામાં હેલિકોપ્ટરમાં સવાર તમામ લોકોનો આબાદ બચાવ થયો હતો.

# એરિઝોનામાં બે કાર વચ્ચે અકસ્માત, 19 વર્ષીય બે ભારતીય વિદ્યાર્થીઓના મોત

**એરિઝોના**

અમેરિકામાં ફરી એકવાર ભારતીયો માટે ખરાબ ખબર આવી છે. અમેરિકામાં બે ભારતીય વિદ્યાર્થીઓના મોત થયા છે. એરિઝોનામાં લૅક પ્લેઝન્ટ પાસે બે કાર વચ્ચે અકસ્માત થયો હતો જેમાં બે ભારતીય વિદ્યાર્થીઓના મોત થઈ ગયા છે. પોલીસ જાણકારી આપતા જણાવ્યું કે મૃતક વિદ્યાર્થીઓની ઓળખ 19 વર્ષીય નિવેશ મુક્કા અને 19 વર્ષીય ગૌતમ પારસીના રૂપમાં કરાઈ છે. બંને વિદ્યાર્થીઓ ભારતના હતા અને અમેરિકામાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી તરીકે નોંધણી થઈ હતી.

બંને મિત્રો અકસ્માતનો ભોગ બન્યા

સ્થાનિક પોલીસ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, 20 એપ્રિલના રોજ સાંજે લગભગ 6:18 વાગ્યે રાજ્ય રૂટ 74ની ઉત્તરે આવેલા કૅસલ હોટ સ્પ્રિંગ્સ રોડ પર બે કાર વચ્ચે ટક્કર થઈ હતી. પોલીસે જણાવ્યું હતું કે, “વાહનો કેવી રીતે અથડાઈ તે અંગે તપાસ કરવામાં આવી રહી છે.” પોલીસે જણાવ્યું હતું કે માર્ગ અકસ્માતમાં બંને કારના ડ્રાઈવરો ઘાયલ થયા હતા અને તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. મળતી માહિતી મુજબ, નિવેશ મુક્કા તેલંગાણાના કરીમનગર જિલ્લાના હુઝુરાબાદ શહેરનો રહેવાસી હતો અને ગૌતમ પારસી જાનગાંવ જિલ્લાના સ્ટેશન ઘનપુરનો રહેવાસી હતો. બંને એરિઝોના સ્ટેટ યુનિવર્સિટીમાં કમ્પ્યૂટર સાયન્સ એન્જિનિયરિંગનો અભ્યાસ કરતા હતા. અકસ્માત સમયે બંને મિત્રો સાથે યુનિવર્સિટીમાંથી ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે સામેથી આવતી એક કારે તેમના વાહનને ટક્કર મારી હતી. બંને વિદ્યાર્થીઓના પરિવારજનોએ મૃતદેહને ઘરે લાવવા માટે ભારત સરકારને મદદની અપીલ કરી છે.

# કેનેડામાં ફ્રોડ કરવાના કેસમાં મૂળ ગુજરાતી યુવક આધાર પટેલની પોલીસે ધરપકડ કરી

**સ્કારબોરો**

કેનેડાના સ્કારબોરોમાં રહેતા એક ગુજરાતી યુવકની પોલીસ દ્વારા ફ્રોડ કરવાના કેસમાં ધરપકડ કરવામાં આવી છે. કેનેડિયન મીડિયાના જણાવ્યા અનુસાર 25 વર્ષના આધાર પટેલને સેન્ટ વિલિયમ્સના લેકશોર રોડ પર એક કેનેડિયન પાસેથી 20 હજાર ડોલર કેશ લેતા રંગેહાથ પકડવામાં આવ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર જે વ્યક્તિ પાસેથી પૈસા પડાવવામાં આવ્યા હતા તેને 16 એપ્રિલ 2024ના દિવસે કોઈ અજાણ્યા વ્યક્તિનો ફોન આવ્યો હતો.

આ વ્યક્તિએ વિક્ટિમને પોતાની ઓળખ ગવર્મેન્ટ ઓફ ઓન્ટારિયોના ઓફિસર તરીકે આપી હતી અને તેને ધમકાવતા એવું કહ્યું હતું કે તેની સામે એક કેસ થયેલો છે જેમાં તેનું અરેસ્ટ વોરન્ટ ઈશ્યૂ થઈ શકે છે. ફોન કરનારાએ વિક્ટિમને એવું પણ કહ્યું હતું કે જો તે 25 હજાર ડોલર ચૂકવી દે તો તે જેલમાં જવાથી બચી શકે છે. આ ફોનથી ડરી ગયેલ વિક્ટિમે પૈસા આપવાની તૈયારી બતાવતા ફોન કરનારાએ તેને એક એડ્રેસ પર 25 હજાર ડોલર કેશ લઈને આવવા માટે કહ્યું હતું. વિક્ટિમ પાસેથી 25 હજાર ડોલર મળી ગયા બાદ તેને ફોન કરનારાએ ફરી તેનો સંપર્ક કરીને તેને ધમકાવવાનું શરૂ કરતા બીજા 20 હજાર ડોલરની ડિમાન્ડ કરી હતી. આ દરમિયાન વિક્ટિમે પોલીસનો સંપર્ક કરતાં પોલીસે ફોન કરનારાને પકડવા માટે વિક્ટિમની મદદથી એક ટ્રેપ ગોઠવી હતી, અને 20 હજાર ડોલર આપવા માટે એક લોકેશન ફિક્સ કરવામાં આવ્યું હતું. આખરે 18 એપ્રિલ 2024ના દિવસે નક્કી કરવામાં આવેલા લોકેશન પર વિક્ટિમ પૈસા લઈને પહોંચ્યા હતા અને તેમની પાસેથી કેશ કલેક્ટ કરવા માટે એક યુવક આવ્યો હતો, જેની પોલીસે પૈસા હાથમાં લેતા જ ધરપકડ કરી લીધી હતી.

# AIને લીધે વૈશ્વિક અર્થતંત્ર પડી ભાંગવાનું જોખમ : એમેનેસ્ટી ઈન્ટરનેશનલનો રિપોર્ટ

**લંડન**

એમ્નેસ્ટી ઈન્ટરનેશનલે કહ્યું હતું કે, દ્વિતીય વિશ્વ યુદ્ધ પછી માંડ ગોઠવાયેલી વિશ્વ વ્યવસ્થા ભાંગી પડવાની અણી ઉપર છે. તે માટે વિશ્વમાં અનેક સ્થળોએ ચાલી રહેલા સંઘર્ષો, યુદ્ધો અને નિર્બંધ બની રહેલો આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ મુખ્યત: કારણભૂત છે. તેમાં પણ છેલ્લા ૧૨ મહિનાથી જે પરિસ્થિતિ જોઈ રહ્યા છીએ તેથી આ વિધાનોની પ્રતીતી થાય છે તેમ ઈંગ્લેન્ડ સ્થિત એમ્નેસ્ટી ઈન્ટરનેશનલના સ્ટેટ ઓફ ધ હ્યુમન રાઈટસ નામક વાર્ષિક અહેવાલમાં તે સંસ્થાના મહામંત્રી અગ્નેસ કૉલમૉડ એસોસિએટ ફ્રી પ્રેસને જણાવ્યું હતું. તેઓએ કહ્યું વિશેષત: છેલ્લા ૬ મહિનાથી અમેરિકા ગાઝામાં ઈઝરાયલ દ્વારા કરાતા અપરાધોને છાવરી રહ્યું છે.

યુનોની સલામતી સમિતિમાં વીટોનો વારંવાર ઉપયોગ કરી તેણે તે સંસ્થાને નિરર્થક બનાવી દીધી છે. તેણે વીટો દ્વારા ત્યાં યુદ્ધ વિરામને વારંવાર અટકાવ્યો છે. તેઓએ કહ્યું કે, હમાસે ઓકટો. ૭ ના દિવસે ઈઝરાયલ પર હુમલો કરી આ યુદ્ધ છેડયું છે. તેમાં હમાસે ૧૭૦ જેટલા લોકોની હત્યા કરી હતી. તેમાં મોટાભાગના તો નાગરિકો જ હતા. તે સામે ઈઝરાયેલે કરેલા વળતા પ્રહારોમાં ગાઝા પટ્ટીમાં ૩૪,૧૮૩ લોકો માર્યા ગયા હતા.

# તાઈવાનમાં એક પછી એક અનેક ભૂકંપ, 6.1 તીવ્રતાના ભૂકંપથી લોકોમાં ગભરાટ

**તાઈપે**

તાઈવાનમાં મંગળવાર વહેલી સવારે ભૂકંપના અનેક આંચકા અનુભવાયા હતાં. જેમાં સૌથી શકિતશાળી ભૂકંપની તીવ્રતા ૬.૧ હતી તેમ યુએસ જીઓલોજિકલ સર્વે (યુએસજીએસ)એ એક નિવેદનમાં જણાવ્યું છે. ભૂકંપમાં કોઈ જાનહાનિ થઈ નથી પણ બે બહુમાળી ઈમારતોને વધુ નુકસાન થયું છે જે આ મહિનાની શરૂઆતમાં આવેલા ૭.૪ તીવ્રતાના ભૂકંપ પછી ખાલી કરાવી દેવામાં આવી હતી. તે વખતે ભૂકંપને કારણે ૧૩ લોકોનાં મોત થયા હતાં અને ૧૦૦૦ લોકો ઘાયલ થયા હતાં. યુએસજીએસના જણાવ્યા અનુસાર આજે આવેલા ૬.૧ તીવ્રતાના ભૂકંપનું કેન્દ્ર હુઆલિયન શહેરથી ૨૮ કિમી દક્ષિણમાં અને જમીનથી ૧૦.૭ કિમી નીચે હતું.

# લેબનોનમાં હિઝબુલ્લાહના ૪૦ સ્થળો ઉપર ઈઝરાયેલનો હુમલો

**હમાસ**

ઈઝરાયેલે પાડોશી દેશ લેબેનોનમાં સક્રિય સંગઠન હિઝબુલ્લાહ પર અલગ અલગ જગ્યાએ ૪૦ હુમલા કર્યા છે. ઈઝરાયેલા સંરક્ષણ મંત્રી યોવ ગેલેન્ટે કહ્યુ હતુ કે,’ અમે લેબેનોન સાથેની સરહદ પર સેંકડો સૈનિકો તૈનાત કર્યા છે અને દક્ષિણ લેબેનોનમાં અમારી સેના આક્રમક કાર્યવાહી કરી રહી છે. હિઝબુલ્લાહના ૫૦ ટકા કમાન્ડરોનો અમારી કાર્યવાહીમાં ખાતમો થઈ ગયો છે.’

જોકે તેમણે માર્યા ગયેલા કમાન્ડરોની સંખ્યાનો ઉલ્લેખ કર્યો નહોતો પણ આગળ કહ્યુ હતુ કે, ‘બચી ગયેલા કમાન્ડરો કોઈ જગ્યાએ છુપાઈ ગયા છે અથવા તો મેદાન છોડીને ભાગી ગયા છે.’

ઈઝરાયેલની સેનાએ કહ્યું કે, ‘હિઝબુલ્લાના ૪૦ સ્થળો પર હુમલો કરવામાં આવ્યો છે. આ હુમલામાં હિઝુબલ્લાહના હથિયારોના સ્ટોરેજ પણ તબાહ થયા છે. હિઝબુલ્લાહે ઈઝરાયેલ પર હુમલો કરવા માટે બોર્ડર નજીક કેટલીક સુવિધાઓ ઉભી કરી હતી. જેને અમારી સેનાએ ટાર્ગેટ કરી છે.’લેબનોનની સરકારી ન્યૂઝ એજન્સીએ પણ કહ્યુ છે કે, ‘બોર્ડર નજીકના કેટલાક ગામડાઓ પર ઈઝરાયેલે સંખ્યાબંધ હવાઈ હુમલા કર્યા છે.

# રશિયાની એસ-400 સિસ્ટમના બાકીના બે યુનિટ ભારતને પહોંચાડવાની તૈયારી

**મોસ્કો**

ભારતના વર્ષો જૂના સાથી એવા રશિયા દેશે હવે યુદ્ધમાં વિશેષ ઉપયોગી એવી એસ-400 મિસાઈલ સિસ્ટમ આપવાની વાત કરી છે. જી હા...ભારતે રશિયા પાસેથી S-400 મિસાઈલ સિસ્ટમના પાંચ યુનિટ ખરીદ્યા છે. આમાંથી ત્રણની ડિલિવરી થઈ ચૂકી છે. બાકીની બે સિસ્ટમની ડિલિવરી અંગે રશિયાએ કહ્યું છે કે તે 2025 સુધીમાં પૂર્ણ થઈ જશે. રશિયાએ આવતા વર્ષે એટલે કે 2025 સુધીમાં S-400 સિસ્ટમના બાકીના બે યુનિટ ભારતને પહોંચાડવાની તૈયારી કરી લીધી છે. ભારતે 5.4 બિલિયન ડોલરમાં રશિયા પાસેથી S-400 મિસાઈલ સિસ્ટમના પાંચ યુનિટ ખરીદ્યા હતા. તેમાંથી 3ની ડિલિવરી થઈ ગઈ છે, જ્યારે 2ને રશિયાએ રોકી હતી.







## ઈટોબીકોક ખાતે મનોરંજન કાર્યક્રમ સંજોગની ધૂમ

# ગીતોની રમઝટ, નાટિકા અને ગરબા ઉપરાંત ગઝલોને માણી શ્રોતાઓ મંત્રમુગ્ધ થઈ ગયા, અજીતભાઈના જોક્સ સાંભળી લોકો પેટ પકડીને હસ્યા






ઈટોબીકોક : ગત ૨૦મી એપ્રિલ, શનિવારના રોજ, શૃંગેરી વિદ્યાભવન, ઈટોબીકોક ખાતે અજીત પટેલ દ્વારા મોજ, મસ્તી અને મનોરંજન સભર કોમેડી શો 'સંજોગ' યોજવામાં આવ્યો હતો. જેમાં ગીતો, જોક્સ, હાસ્ય નાટીકા તથા ગરબા સહિતના મનોરંજન કાર્યક્રમ એક જ સ્થળે અને એક જ સાથે યોજાયા હતા. આ ઉપરાંત ' મેરા નામ જોકર'ના એક ગીત 'જીના યહાં, મરના યહાં' રજૂ કરાયું હતુ. આ પ્રોગ્રામની શરૂઆત સચીનભાઈ જોષીએ ગણેશ વંદનાથી કરી હતી, તે ઉપરાંત અન્ય ગાયક કલાકારો પ્રિતીબેન આચાર્ય, મનોજકુમાર, કમલેશભાઈ શાહ, હેતલબેન પટેલ તથા વૈશાલીબેને ગીતોથી રંગ લાવી દીધો હતો. આ સાથે સચિનભાઈએ ગુજરાતી ગઝલ ગાઈને લોકોને મોહિત કરી દીધા હતા. ડી.જે.નું સંચાન વિમલભાઈ પટેલે કર્યું હતું. અજીતભાઈના જોકસમાં લોકો પેટ પકડીને હસ્યા હતા, તે સિવાય જયભાઈ ભાવસાર દ્વારા સંચાલિત " સ્વર સાધના મ્યુઝિક લવર્સ ક્લબ" ના કલાકારોએ તેમના નાટક " પડદા પાછળ" ની ઝલક રૂપે હાસ્ય નાટીકા પ્રસ્તુત કરી હતી. આખા પ્રોગ્રામના શિરોમણી જેવું અજીતભાઈનું પરફોર્મન્સ તો હતું જ. ત્યારબાદ લોકોએ ગરબા પણ ગાયા હતા.

અજીતભાઈનું કહેવું છે કે, તેઓ પૈસા કમાવવાની ભાવનાથી નહીં, પણ એક માનવસેવાના ભાવથી આવા કાર્યક્રમો યોજે છે કે જેથી રોજીંદી મશીનીયા જીંદગીથી ત્રસ્ત થયેલા લોકોના ચહેરા પર હાસ્ય લાવી શકે અને થોડા હળવા થઈ શકે. આ પ્રોગ્રામ માટે શરૂઆતથી જ ભાવિનભાઈ પટેલએ ખૂબ જ મદદ કરી હતી. ફલાયર, ટીકીટો અને Sponsors Award સહિતની કામગીરી વિનામૂલ્યે બજાવી હતી, જે માટે અજીતભાઈ તેમનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. Prime Sponsor શર્મિલાબેન દવે અને ચિંતનભાઈ પટેલ સહિત બધા જ સહયોગી પ્રત્યે પણ આભારની લાગણી વ્યક્ત કરાઈ હતી. પ્રોગ્રામ દરમિયાન તેમની સાથે કો- હોસ્ટ તરીકે શ્રદ્ધાબેન વ્યાસ તથા દિપેનભાઈ પંડ્યાએ સરસ કામગીરી બજાવી હતી. આમ એકંદરે આખો ય પ્રોગ્રામ ખૂબ જ મનોરંજનસભર અને સફળ રહ્યો હતો. આ પ્રોગ્રામની ટીકીટ વિતરણ માટે જાગૃતિબેન ભટ્ટ, શિરીષભાઈ પટેલ, પ્રજ્ઞેશભાઈ પટેલ, ઈલેશભાઈ શાહ તથા મિડલેન્ડ ટાઉન ગ્રુપે ખૂબ જ સહકાર આપ્યો હતો.

HONEST - DEDICATED - TEAMWORK
Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.
PINNACLE REAL ESTATE GROUP
CENTURY 21.
Innovative Pinnacle Real Estate Group
We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!
- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience




Fully renovated from top to bottom detached bungalow in a most desired community. 4 bedrooms, 2 kitchens, 2 washrooms. Backsplit 4 with a garage. Modern sleek style kitchen with quartz countertop, Stainless steel appliances, Hardwood floors, Potlights, New Furnace, Heat Pump. Perfect for a small or large family, you can live upstairs or rent half of the house whatever your needs are.
Minutes walk to High School, Cedarbrae Mall, Plaza, Parks and many other amenities.




Location Location! This 3 Bedroom All Brick Bungalow Is Nestled On A Huge 50 X 140 Lot And Offers All The Comforts Of Home! Side Door Entrance To 2 Bedroom Suite With Laundry. Double Car Garage W/ Large Back Door Through To Backyard. Nicely Refreshed And Spotless Clean Throughout. New flooring, spotlights, new light fixtures on the main floor. This Property Is Move-In Ready And Available For Quick Possession! Great Location Near Schools, Parks, Shopping, U Of T, Cenntenial College & Hospital.




Must See Home With Legal Bsmt Apartment* 4000+Sqft Of Living Space Top 5 Reasons You Will Love This Home 1)All Brick Home On Premium Lot Offering Amazing Curb Appeal, 7 Car Park & Ample Space For Pool 2)Rarely Offered 5 Bed Home In Sought After Family Friendly Community With Short Distance To Highways 3) Many Tasteful Upgrades Of Which Some Are: 5Pc Ensuite W/ Soaker Tub, New Light Fixture, Hardwood & Wrought Iron, Upgraded Kitchen W/IslandExtras:4)Modern 2 Bedroom Legal Basement Apartment With Ensuite Laundry, Spacious Rooms And Luxury Finishes 5) Amazing Layout With Separate Family & Living Space, Freshly Painted Walls, Pot-Lights & Large Windows For bright light

- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions... Its that Simple!



You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.
Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !
Shamim & Amin Kharodia
Broker of Record / Sales Representative
teamkharodia@gmail.com
300-2855 Markham Rd Toronto ON M1X 0C3
D: (647) 501-6786 I D: (647) 308-2941
F : (416) 298-8303 I P: (647) 666-8676
Grand Centurion Office
Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.

MOTEL for SALE

## NIRAJ PANCHOLI, REALTOR®

Mechanical Engineer (Ahmedabad, India)

**Cell: 647-866-2790**

Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011

Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



**MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels**

Among TOP 75 Producers in Canada Award & Centurion Producer Awards Winner

**17 ROOM MOTEL - $1.8 Million**
Fully Renovated and Upgraded
Very profitable motel
Hwy 17, Sault Ste Marie

**21 ROOM MOTEL - $1.9 Million**
+ Restaurant on long lease
100% occupancy weekly & monthly
Hwy 11, Muskoka Area

**19 ROOM MOTEL- $2.5 Million**
Ideal for Owner Operator
Located in Niagara Falls

**35 ROOM MOTEL- $3.3 Million**
Highway 11, Northern Ontario

**30 ROOM MOTEL $2.4 Million**
Near Ottawa

**FRANCHISE HOTEL - $6.9 Million**
Near Kingston

**BURRITO FOR SALE**
Fat Bastard Burrito Mississuaga
Fat Bastard Burrito Kingston
Fat Bastard Burrito Belleville
Burrito Boyz Appleby, Burlington SOLD
Burrito Boyz Plains Rd, Burlington SOLD
Burrito Boyz Hamilton SOLD COND.

**URGENT LISTING REQUIRED FOR MOTELS AND HOTELS**

**Any Size, Any Price, Any Location**
I have Serious and Qualified Buyers Looking to Buy & Close in 1 to 2 months

**Need Working Partner to Run Motels**
Wiling to invest min $100,000
% partnership + salary

**Motel Jobs Avaiable**
Housekeeping, General work, Front-desk
Location: 4 Hrs to 8 Hrs from Toronto

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100

## SHARP INTERNATIONAL IMMIGRATION

SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES

**AUSTRALIA VISA FOR CANADIAN CITIZENS**

**CANADA IMMIGRATION**

- Canada PR
- Canada LMIA Job Offer
- Canada Work Visa
- Canada Business/ Investor Visa
- Canada Visitor visa
- Canada Spousal visa
- Family Sponsorship
- Super Visa

**AUSTRALIA IMMIGRATION**

- Australia Skilled Regional Visa
- Skilled Nominated Visa
- Skilled Independent Visa
- Temporary Skilled Work visa
- Employer Nomination Scheme
- Business Investor Visa

**STUDY ABROAD SERVICES:**

- Study in Canada/ Australia/ UK USA/ Newzealand
- Study in Singapore/ Malta/ Latvia Finland/ Malta/ Poland
- Europe Work Visa

14+ YEARS EXPERIENCED & REFUSAL CASES SPECIALIST

CONTACT US



**AMI MEHTA**
CANADIAN AUTHORIZED IMMIGRATION PRACTITIONER
@sharpimmigration
Follow us

: NIGERIA :
Shop 22, Lobita Mall, 2 Lobita Crescent, Wuse 2, Abuja
+234-8146184869

: CANADA :
Unit 94, 499 Main St. S ;
Brampton Ontario L6Y1N7
+1-416-745-2466

: INDIA :
101,102, Siddharth Complex, Alkapuri, Vadodara, Gujarat
+91-98255 56911